


મૃદંગનૃત્ય


કલાકાર • શ્યાવક્ષ ચાવડા

કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક
સંસ્થાપક • રવિશંકર રાવળ તંત્રી • બચુભાઈ રાવત
૨૬૭
માર્ચ • ૧૯૪૭



અમાદ કાતિબ ચિત્રકાર: અબ્દુર્રહમાન ચુઘતાઈ ('ક્રેસંટ'ના સૌજન્યથી)
કાતિબ એટલે કિતાબો લખનાર લહીઆ. પ્રાચીન કાળમાં અમાદ કાતિબ સુંદર ગ્રંથલેખન કરનાર મશહૂર લહીઆ થઈ ગયા.



ગ્રાહકોને

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે નિયમિત બહાર પડે છે. એટલે તે અરસામાં અંક ન મળે તો તરત એકાદ અઠવાડિયામાં તેની ફરિયાદ કરવી. બધા અંકો બે વખત ચેક કરીને ખૂબ તકેદારીપૂર્વક પોસ્ટ કરવામાં આવે છે; છતાં અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે હમેશાં પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઇ કરી આપવાનું કાયદેસરનું કશું બંધન અમારે માથે રહેતું નથી તેની ગ્રાહકોએ કૃપા કરી નોંધ લેવી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત. મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક લવાજમ રૂા. ૬; પરદેશમાં રૂા. ૭-૮-૦ અથવા ૧૨ શિલિંગ. છુટક નકલના દસ આના. પાછલા વર્ષના અંકો અપ્રાપ્ય છે. જે કાંઈ દુષ્પ્રાપ્ય અંકો મળે છે તે દરેકની કિં. ૧-૪-૦.

જાહેર ખબરના સોલ એજન્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ બ્યૂરો, મહેતા બિલ્ડિંગ, મેડોઝ સ્ટ્રીટ, મુંબાઈ-૧; અમદાવાદમાં મૉડેલ ટૉકીઝ સામે, ગાંધીરોડ.

ચિત્ર-સંયોજન અને ડિઝાઈનની રૂપ-રચના

શીખવા માટેની એક સરળ ફોટોગ્રાફી



સ્થપતિઓ અને ઈજનેરી ખાતાના ડ્રાફ્ટ્સમેન (નકશાનવીસો) નકશાઓ ઉપરથી નકલો ઉતારવા માટે ‘ફેરોપ્રુશિયેટ પેપર’ નામના કાગળો વાપરે છે. ડ્રોઇંગનો સામાન વેચનારને ત્યાં એ કાગળો તૈયાર મળે છે. પણ ઉત્સાહ હોય તે નીચે આપેલી પદ્ધતિથી ઘેર પણ બનાવી શકશે. એવા કાગળ ઉપર, પારદર્શક ટ્રેસિંગ ક્લૉથ પર ચીતરેલો નકશો મૂકી, કાચની ફ્રેમમાં તેને દબાવી, તેના પર જરૂરી સમય પૂરતો સૂર્ય અથવા દીવાનો પ્રકાશ પડવા દઇને કાઢી લેવાથી, જેટલા ભાગમાં પ્રકાશ લાગ્યો હોય છે તેટલો ભાગ ઘેરા બ્લુ રંગનો બની જાય છે, અને જ્યાં રેખાઓ હોય છે તે ભાગ પ્રકાશ આડે આવરણ રૂપ બની રહીને સફેદ પડે છે. તેને ધોઇને તૈયાર કરવાની આખી પદ્ધતિ નીચે આપી છે. આવી નકશા-નકલોને ‘બ્લુ-પ્રિન્ટ’ કહે છે. આ બ્લુ-પ્રિન્ટ પદ્ધતિ, એ પણ એક જાતની સરળ ફોટોગ્રાફી જ છે.



આ સિદ્ધાંત ઉપર ફુલપત્તીઓવાળી છોડ-ની નાની ડાંખળીઓ વડે ડિઝાઇનો અને રૂપ-સંયોજનોની મનોરમ રૂપ-રચનાઓ યોજી શકાય. વિવિધ આકારનાં પાંદડાં તથા ફૂલો-વાળી ડાંખળીઓ કાપી તેને ‘ફેરો-પેપર’ અને કાચ વચ્ચે દબાવી સૂર્યપ્રકાશમાં મૂકવાથી આ સાથે બતાવેલા નમૂનાઓ મુજબની છાપો મળશે. અવકાશને વખતે બાળકોને સરતી ફોટોગ્રાફીનો એથી આનંદ મળશે, અને વધુ અગત્યનું તો એ કે એવી ફૂલપત્તીઓને સમ-તોલ સંયોજનવાળી વિવિધ રચનાયુક્ત ડિ-ઝાઇનોમાં ગોઠવવાનું શિક્ષણ પણ એ દ્વારા આપી શકાશે. કળાશાળાઓમાં પ્રાથમિક વર્ગો માટે આ એક ઉપયોગી નુસખો થઈ પડશે. તેમાં વળી કોઈ પાંદડાં તથા ફૂલ ઉપર છાયા-પ્રકાશ (લાઈટ-શેઇડ)ના વિવિધ પલટા (ટોન) લાવવા હોય તો પ્રિન્ટિંગ ફ્રેમના કાચ ઉપર તેટલા ભાગમાં ટેમ્પેરા કે પડીકાના (ધૂળિયા) રંગો પીછી વડે જરૂર પૂરતા લગાડીને તેવી અસર લાવી શકાશે. આ સાથે આપેલા ત્રણ નમૂનામાં, ડાબી બાજુના બે પત્તી સાથેના ‘ઇરીસ’ના ફૂલની ડાળી પર એવી અસર નાખેલી છે. જમણી તરફના બાકીના બે નમૂનાઓ સાદા છે, જેમાં ઉપલો નમૂનો જંગલી ગુલાબનો અને નીચલો વાંસની પત્તીઓનો છે.




(School Arts Magazineમાંના પેડ્રો દ લેમોસના સચિત્ર સૂચન ઉપરથી)

નકલ ઉતારવાનો ફેરોપ્રુશિયેટ પેપર બનાવવાની રીત

એક ઔંસ પાણીમાં ૭૫ ગ્રેન પોટાશ્યમ ફેરીસાઇનાઇડ નાખીને એક દ્રાવણ તૈયાર કરો, અને બીજા એક ઔંસ પાણીમાં ૯૬ ગ્રેઈન ઍમૉનિયા સાઇટ્રેટ ઑવ આયર્ન નાખીને બીજું દ્રાવણ તૈયાર કરો. હવે મજબૂત લીસા ડ્રૉઇંગ પેપરને પિન વડે બોર્ડ પર જડી, ઉપરનાં બંને દ્રાવણ સરખે ભાગે લઈ, એક પહોળા ચપટા બ્રશ વડે ફોટો-ગ્રાફિક ડાર્ક રૂમમાં એ કાગળ પર એકસરખી રીતે લગાડો અને અંધારામાં જ તેને સુકાવા દો, એટલે ‘ફેરોપ્રુશિયેટ પેપર’ તૈયાર થયો.

ત્યાર બાદ તેને ફોટોગ્રાફિક પ્રિન્ટિંગ-ફ્રેમમાં ચત્તો મૂકી, તેના ઉપર જેની નકલ ઉતારવાની હોય તે ટ્રેસિંગ પેપર ઉપર ડ્રૉઇંગ, અથવા છાપ લેવાની જે વસ્તુ હોય તે દબાવી, ફ્રેમને પૅક કરી તે પર સૂર્યનો કે વીજળીના દીવાનો પ્રકાશ પડવા દેવો, અને કાગળ લીલાશ પડતો રંગ ધારણ કરી લે એટલે કાઢી લઇ ચોખ્ખા પાણીથી સારીપેઠે ધોઇ નાખવો. તે પછી ૧૦ ઔંસ પાણીમાં ૧ ડ્રામ હાઈ-ડ્રોક્લોરિક ઍસિડ નાખી તે દ્રાવણમાં એ કાગળને બોળી રાખવો એટલે છાપ પાકી થશે. ત્યાર બાદ ફરીથી તેને ચોખ્ખા પાણીમાં સારી પેઠે નિખારી નાખવો એટલે નકલ તૈયાર થઈ ગઈ. નકલ ઉતારવાની આ પદ્ધતિ અત્યંત સરળ અને સસ્તી હોવાથી તેનો બહોળો ઉપયોગ થાય છે. આવી રીતે સામટા તૈયાર કરેલા કાગળો પતરાના મજબૂત ભૂંગળામાં પૅક કરી અંધારામાં રાખી મૂક્યા હોય તો ખપ પડ્યે ગમે ત્યારે ઉપયોગમાં લઈ શકાય છે.


આવ્યો છું મંદિરો જોવા–



આવ્યો છું મંદિરો જોવા, જોવા દક્ષિણ મંદિરો,
સૈંકડો માઇલો કાપી,–ગિરિ ઓળંગી, કંદરો
વીંધતો રેલગાડીમાં વટાવી વન ને વડાં
મેદાનો માપતો વેગે ખેડેલાં ખેતરે મઢ્યાં.

ચોલ, ચૌલુક્ય ને પાંડ્ય, પલ્લવો, નાયકો અને
ધર્મી હોયશળે નિર્મ્યાં આ સુરમ્ય પ્રદેશને
ખૂણેખૂણે, વળી કૈંક લક્ષ્મીવંતે રચાવિયાં
નગરેનગરે ગામોગામ, ભવ્ય સુહાવિયાં
તટે સમુદ્રને શાન્ત લાંબી શતાબ્દીઓ થકી,
મંદિરો;—કૈંક ખંડેરો, કૈંક તો યે રહ્યાં ટકી;
કૈં તો વિધર્મીઓ કેરા કરે લોપ્યાં અમર્ષમાં,
લીલીસૂકી અનુભવી કૈં કૈં સહસ્ર વર્ષમાં
ઊભાં છે. કાલ તો ફ્રેન્ચ અને અંગ્રેજનાં દળે
કોઠીકિલ્લા ગણી લીધાં ખપમાં વસમી પળે.
અને આજે ય 'એ.આર્.પી.' પાટિયાં લટકેલ છે,
—પ્રજાને બસ દેવોને ભરોંસે શી મૂકેલ છે!
દેશની શેષ આશા શાં જોવા આવ્યો છું મંદિરો.


ડોકાતાં તાલઝૂંડોની પૂંઠે તોતિંગ ગોપુરો.
ચાર દિઙ્નાગની સામે ઊભા ચાર દિશા મહીં
ટોપ પ્હેરેલ સંત્રી શાં. ક્યાંક તો લાગી છે રહી
લાંબી લંગાર કો ઊંચાં કો નીચાં ગોપુરો તણી.
વચ્ચે વિમાનની ઠીંગી આકૃતિ છેક વામણી.
ક્યાંક તો ઢંગ શા આડાંઅવળાં ગોઠવી દીધા?
વિભુની વિભુતાના શું ગંજ છે ખડકી દીધા!
સ્વયં દિગ્ગજરાજો શું આવી ઝૂલંત બારણે?
શૈલકૂટ સમાં જાણે ચીંધી રહેતાં વિરાટને.
જગ ભંગુરની સામે ડોલતી ઉપહાસમાં
તાલનાં ઝુંડ માથેથી વાસુકિની ફણા સમાં.



અને અંદર ચોકે જે ઘાટીલા જળકુંડની
રમ્ય સોપાનમાલાને તટે ઊંચેરી માંડણી
પરે સભાગૃહ તણો સોહે સ્તંભસહસ્રથી,
એ તે મંડપ છે શું? કે શિલાનું વન તો નથી?
ને આ પ્રદક્ષિણામાર્ગો શા પ્રલંબ રચેલ છે?
મોકળા, હાથીઅંબાડી સાથે યે સ્વારી સ્હેલ છે!

દીપમાળા રચી મોટા વર્તુલે, શેષનાગની
ફેણા સહસ્રશી; એની પ્રતિ ફેણે સુહે મણિ.

અને સામે જ નંદી જે બેઠો છે એ ય અલ્પ ના.
એની વપુસમૃદ્ધિની આવે શી રીત કલ્પના?
ઊભો એ થાય તો એની નીચે થઈ શકે જઈ
બળદો શીંગડે ઊંચે, ભીડ લેશ પડે નહીં.
લંબાતી ડોક, ને કર્ણો સરવા દીસતા અતિ,
નીકળી જીભ ફૂલેલાં નસ્કોરાં જઇ ચાટતી.
બેઠો છે પગ વાળીને જમણે પડખે નમી;
થતું કે કદી બેઠી જો બરડે માંખ, તો જમીં
પરે પગ પછાડીને જોરમાં પુચ્છ વીંઝતો
થૈ જશે હમણાં ઊભો, સારી પૃથ્વીથી ખીજતો!



અને ત્યાં કંઠની એના માલાઓ ઘંટડી તણી
સૌમ્ય સાન્ત્વન રેલંતી રહેશે મંજુસ્વરે રણી!

મૂર્તિઓ ય મહાકાયઃ અનંતશાયિ વિષ્ણુ આ,
ગોમટેશ્વર આ ઉગ્ર નૃસિંહ વિશ્વજિષ્ણુ આ.
'રાઈ' 'ચણા' સમાણા આ ગણેશો હાથીશી વડા,
હોત શ્રીફળશા ત્યારે ગણેશો અહીં કેવડા?

મંદિરદ્વાર પાસે ત્યાં ઊભા છે રોકીને પથ,
આકાશ ચુંબતા ઊંચા અહો વિરાટ એ રથ!

ક્ષુદ્ર નામે અહીં કૈં ના, અને ના કાંઈ સાંકડું;
સીમાને ભેદીને રાજ્ય ભૂમાનું વિસ્તર્યું વડું.

સ્થાપત્યે ઊભરી જેવી સોહે ઊર્જિત ભવ્યતા,
શિલાશિલા તણાં હૈયે ઊભરે એવી રમ્યતા.
હમણાં જ છરીથી શું કાપીને ગોઠવ્યા ન હો,
દીવાલે પત્થરો એવા સોમનાથે સુહે અહો!
કંકણાકૃતિ સ્તંભો તે સંઘાડેથી શું ઊતર્યા?
સ્તંભે સ્તંભે ટાંકણાનાં જાદુ અજબ ઊભર્યાં.
અહીં આ હારની હારો હાથીની ચાલી જાય છે,
અહીં અશ્વો રથો દોડે, ત્યાં સૈન્યો અથડાય છે.
મત્સ્યવેધ અહીં, ને આ વાલીવધ, પણે વળી
શીંકે કનૈયો પ્હોંચ્યો છે ગોપબાલપીઠે ચડી.
હર-ગૌરી એકરૂપ અહીં, હરહરિ તહીં,
વેણુ વગાડતી મૂર્તિ ધ્યાનસ્થ કૃષ્ણની અહીં.
હંસપંખી તણી પીઠે અલવે દેહ ટેકવી
રતિ સ્વારી કરે, એને માથે કાક રહ્યો લવી.
શિવ ને પાર્વતી વચ્ચે નૃત્યની સરસાઈ આ;
નટરાજ તણી રમ્યરુદ્ર લીલા શી છાઈ આ!
'આવશે? નહિ આવે શું?' તર્જનીને ઊંચી કરી
વિમાસે નર્તકી, એની અંગુલિ કંકુથી ભરી.
ડાબે કર અરીસો ને માથેથી જમણો ઢળ્યો,
આશાભરી કરે ભાલે અંગુલિ થકી ચાંદલો.
કરે ચાપ, અને શું ત્યાં શરસ્થાને શરીર છે!
મૃગયા ખેલતી શી આ રમણી રસવીર છે!
વિવસ્ત્રા યુવતી આ થૈ વીંછી ખંખેરવા જતાં;
—એ તો કામ! કહે સંત, પેખી નિર્દોષ નગ્નતા.
શિરે કર મૂકી લાસ્યે રેલાવે રસનિર્ઝરી,
દુષ્ટને કરવા ભસ્મ સ્વયં મોહિની થૈ હરિ.

નાના સ્વરૂપથી આવાં સુહતાં ભવ્યસુંદિર
દેશની દિવ્ય સિદ્ધિશાં જોવા આવ્યો છું મંદિર.

નથી અસુંદર કંઈ, નથી ક અહીં ક્ષુદ્ર કે?
દેવો અને ભૂદેવોને મન કો નથી શૂદ્ર કે?

ભૂમા ને ભવ્યતા વચ્ચે નથીને મન સાંકડાં?
પ્રજા ઝાઝેરીનાં શાને લાગે છે મુખ રાંકડાં?

માર્ગે રહી બ્હારથી જ દ્વારોની આરપારથી
દેવની કરતા ઝાંખી લોક આ કૈં મથીમથી.

અથવા ભીંતબારીથી સોનેરી શિખરે પડે
દૃષ્ટિ, એમ જઈ ઊભે, પ્રભુપ્રસાદ જો જડે.

અને જે ગર્ભદ્વારે જૈ ઊભે મૂર્તિ સમીપમાં,
એય ભોળાં અદવગાં, ઝાઝાં તો મૂર્છિતો સમાં.

પુરુષાર્થ તજી ભીરુ માગે કે કોક કયાંકથી
કરે સંધા સ્વાર્થ સિદ્ધ, આશરો અન્ય કો નથી.

દાસ્યદુર્બળ હૈયાંની પ્રભુશ્રદ્ધા ય પાંગળી,
આવાંની પ્રભુ યે તે હા! ઝાલે શી રીત આંગળી?

જગની જડતાના આ કોટકિલ્લા સમાં અરે
મંદિરોમાં હશે કયાં યે ભરાએલો પ્રભુ ખરે?

પ્રભુને ગર્ભગૃહથી કાઢી મૂકેલ હો ભલે,
ભૂમાભવ્ય શિલાવેશે રમે કિંતુ સ્થલેસ્થલે.

પ્રભુ પ્રત્યક્ષ સર્વત્ર શિલાનાં હૃદયે વસી,
સૌન્દર્યમૃગયા અર્થે આમંત્રે યાત્રીને હસી.

દેવ તો દેશનો ખૂણેખૂણો ભરી દિસે વસ્યા,
દેવનાં મંદિરોની—આ મનુષ્યોની જ શી દશા?

આજે વિદેશીને હાથે થયાં છેક જ જર્જર
દેશી મુજ,—દેવનાં એ જોવા આવ્યો છું મંદિર.

૧૧ જૂન, ૧૯૪૫ ઉમાશંકર જોશી

પ્રીરી રાખે હારની જે નિરાશા
હોઠો કેરા દંગંગાં, ઉપરે જ્યાં
છે ફૂર્તીની સ્મિત કેરી ધ્વજાઓ
જીતેલો છે તે રાહાનો ગઢ:ભાગ. 'સનાતન'

તું જાગે તો કિરમત જાગે! તું ત્યાગે તો એ ઉંઘ ત્યાગે
એવું કર કે જીવન-વીણા માનવતાના સૂરે વાગે!
કામ કરે તો એવાં કર કે તારી મહેનત લેખે લાગે!

શાબાનઅલી ડી. 'ખાકીઆની'

ગર્જ્જર પછી થએલા બીજા મહાન ગુજરાતી વિજ્ઞાની

સ્વ. કપિલરામ હરદેવરામ વકીલ



સર જગદીશચન્દ્ર બોઝ, સર પ્રફુલ્લચન્દ્ર રાય, સર ચન્દ્રશેખર વ્યંકટરામન અને આપણા પ્રો. ગર્જ્જર જેવી ગણીગાંઠી પ્રતિભાવાન વ્યક્તિઓ હિંદમાં છે જેણે વિજ્ઞાનશાસ્ત્રને જીવન અર્પણ કર્યું હોય. તાજેતરમાં અવસાન પામેલા સ્વ કપિલરામ વકીલની પ્રતિભા, ને વિજ્ઞાનને એમણે કરેલું સમર્પણ એવાં જ ઉચ્ચ કોટિનાં હતાં. ગુજરાતમાં તો એટલી તેજસ્વી પ્રતિભા દાખવનાર ગર્જ્જર પછી એ જ થયા એમ તદ્વિદો કહે છે. આ નીચે આપેલું એમનું આછું દર્શન ને આ અંકની 'માધુકરી'માં ઉતારેલી એમની ટૂંકી જીવનરેખા એમની ઝાંખી પિછાન આપશે

ગઈ તા. ૨૮મી જાન્યુઆરીને દિવસે હિંદના એક અગ્રગણ્ય અને પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતા વિજ્ઞાનશાસ્ત્રી **શ્રી** કપિલરામ વકીલનું અવસાન થયું. એમણે વિજ્ઞાનની સેવા પાછળ જીવન સમર્પણ કર્યું હતું. મીઠાપુર દ્વારકા (પાસે)માં એમણે ટાટા કેમિકલ્સ લિમિટેડનાં જે આયોજન અને રચના કર્યાં છે તે એવાં ભવ્ય છે કે તે જ એમનું કાયમનું સ્મારક બની રહેશે.

બીજા દેશોના પ્રમાણમાં હિંદ ઔદ્યોગિક રીતે ઘણું પછાત છે. પણ શ્રી કપિલરામ વકીલે ટાટા કેમિકલ્સ લિમિટેડનું સંચાલન કરી હિંદમાં તેને સૌથી મોખરે મૂક્યું હતું. આખા હિંદમાં ટાટા કેમિકલ્સની ફેક્ટરી રસાયણોનાં કારખાનાંમાં **एकमेवाद्वितीयम्** છે. શ્રી કપિલરામે બીજું કૈં જ ન કર્યું હોત તો પણ ઓખા બંદરથી સાત માઈલ દૂર અને દ્વારકાથી બાર માઈલ દૂર એ બે શહેરોની વચ્ચોવચ્ચ મીઠાપુર જેવા ઔદ્યોગિક નગરની સ્થાપના તથા ત્યાં ટાટા કેમિકલ્સ નામની વિશાળ ફેક્ટરીની રચના એમની હમેશની યાદગીરી રાખવા માટે પૂરતાં છે. પરંતુ એ ઉપરાંત એમણે ઘણું કર્યું છે. એમની શરૂઆતની કારકીર્દિમાં એમણે તેલી અને સાબુના ઉદ્યોગમાં ઘણું કામ કર્યું હતું અને ટાટાએ હિંદમાં સૌથી પ્રથમ બહાર પાડેલું 'કોકોજેમ' વનસ્પતિ-ઘી એમના પ્રયત્નોને જ આભારી હતું.

સમુદ્રના પાણીમાંથી મીઠું અને તેમાંથી સોડા, તથા બાકી વધેલા સમુદ્રના પાણીમાંથી પોટેસ્યમ, મૅગ્નેશ્યમ, બ્રોમિન વગેરેના ક્ષારો ઉત્પન્ન કરવાનું આખા હિંદમાં પ્રથમ જ કારખાનું શ્રી. વકીલે શરૂઆતમાં 'ઓખા સૉલ્ટ વર્કસ,' નામે ઊભું કરેલું અને તેને માટે ૧૯૨૭થી મીઠાપુર રહી અનેક મુશ્કેલીભરી તપશ્ચર્યાઓ એમણે કરેલી. ઓખામંડળના વાઘેરોનું દમન પણ એમને સારીરીતે સહન કરવું પડેલું અને તે માટે એમણે બતાવેલી હિંમતની વાતો જ્યારે આપણે સાંભળીએ છીએ ત્યારે આશ્ચર્ય થાય છે અને એક ગુજરાતી તરીકે ગર્વ અનુભવાય છે. ૧૯૩૯માં પોતાનું કારખાનું ટાટા કેમિકલ્સ લિમિટેડને સોંપી દઇ તેના એ સૂત્રધાર બન્યા અને નવા કારખાના અંગે પોતાનું કામકાજ શરૂ કરી દીધું. એને અંગે યુદ્ધ જેવી મુશ્કેલ પરિસ્થિતિમાં પણ બે વખત યુરોપ-અમેરિકા જઇ પ્લાન્ટ અને યંત્રો ખરીદી લાવ્યા. હિંદના બીજા કોઈ પણ સ્થળે મીઠાપુર જેટલા પ્રમાણમાં કેમિસ્ટોની સંખ્યા એકત્ર થઈ નહિ હોય. અત્યારે ટાટા કેમિકલ્સમાં લગભગ ૧૦૦ જેટલા કેમિસ્ટો અને ૫૦ ઈજનેરો નાનામોટા હોદ્દા ઉપર કામ કરી રહ્યા છે.

શ્રી કપિલરામ વકીલે ધ્રાંગધ્રામાં પણ પ્રથમ જ સોડા બનાવવાનું કારખાનું રાજ્યને ઊભું કરી આપેલું, પણ દેશી રાજ્યોમાં સ્વાભાવિક એવી કેટલીક ખટપટોને પરિણામે તેમને ત્યાંથી રાતોરાત જતા રહેવું પડેલું. હાલ લડાઈ દરમ્યાન એ કારખાનું કેટલાક ફેરફારો સાથે ફરી ચાલુ થતાં એના નવા સંચાલકોને તેણે અનર્ગળ કમાણી કરવી છે.

મીઠાપુરનો સોડા બનાવવાનો પ્લાન્ટ આખા હિંદમાં સૌથી મોટો હોઈ દરરોજ ૧૫૦ ટન સોડા તૈયાર કરવાની શક્તિ ધરાવે છે. હજુ કેટલુંક કામ અધુરૂં હોવાથી પૂરો માલ તૈયાર થઈ શક્યો નથી. પણ એ સમય હાથવેંતમાં આવે તે પહેલાં જ શ્રી વકીલ મૃત્યુ પામ્યા એ હિંદનું દુર્ભાગ્ય કહેવાય.

એ મીઠાપુરનો ખ્યાલ ઘેરબેઠે આવે તેમ નથી. ટાટા કેમિકલ્સની એ ફૅક્ટરી સ્થાપત્યની દૃષ્ટિએ પણ અદ્ભુત કૃતિ છે. સૉડા ઍશ પ્લાન્ટના તેના મકાનની ઊંચાઈ આખા હિંદના કોઈ પણ મકાનની ઊંચાઇ કરતાં વધુ છે, અને એની ચિમની (ભૂંગળું) તો આખા એશિયાખંડમાં સૌથી ઊંચી છે એ ઉપરાંત બીજા પ્લાન્ટો, લેબોરેટરી તથા હૉટેલ પણ બહુ જ સુંદર મકાનો છે. કેમિસ્ટો માટે મીઠાપુર એ મક્કા કહેવાય છે તેમાં જરા યે અતિશયોક્તિ નથી.

શ્રી કપિલરામને મીઠાપુર ઘણું જ સમૃદ્ધ જોવાના કોડ હતા, પણ એમની એ આશાઓ મનમાં જ રહી ગઈ મીઠાપુર વિષે એક સાધુએ એવું ભવિષ્ય ભાખેલું કહેવાય છે કે એ પચાસ વર્ષની અંદર દિલ્હી જેટલું મહાન થશે મીઠાપુરને વડોદરા રાજ્યનું સૌથી મોટું નગર જોવાની ઇચ્છા તો કપિલરામ વકીલે પોતે વ્યક્ત કરેલી. મીઠાના ઉદ્યોગને લીધે ઓખા બંદરનો વિકાસ થતાં આમ બનવું અશક્ય નથી લાગતું.

મીઠાપુરને એક ઔદ્યોગિક વસાહત બનાવવામાં શ્રી કપિલરામનો મુખ્ય ફાળો છે. મીઠા વિષે તેમના જેટલો જાણકાર આખા હિંદમાં કોઈ નહિ હોય. તેમણે એ સંબંધે જે પુસ્તકો લખ્યાં છે તે એ વાતની સાક્ષી પૂરે છે, એટલું જ નહિ પણ અત્યારના હિંદના વૈજ્ઞાનિકોમાં એમનું સ્થાન કેટલું આગળપડતું છે તે પણ સ્પષ્ટ કરે છે. વિજ્ઞાનની સાધના પાછળ એમણે દસબાર વખત યુરોપ-અમેરિકાની યાત્રાઓ કરી હતી શ્રી કપિલરામ વકીલ એક કર્મવીર હતા. પોતાના સ્ટાફના કોઈ પણ માણસ કરતાં એ વધુ કામ કરતા. સાઠ વર્ષની ઉંમરે ચૌદ કલાક સુધી અવિશ્રાન્તપણે એમને કામ કરતા અમે જોતા ત્યારે અમને પણ આશ્ચર્ય થતું.

રસાયણ વિજ્ઞાનના વિકાસ પાછળ જ એમનું જીવન વીત્યું હતું. પણ એમની સિદ્ધિઓ ફલવતી થાય તે પહેલાં જ એમનું અવસાન થયું.

વિજ્ઞાન પાછળ પોતાનું તન, મન ને ધન સમર્પણ કરનાર આ મહાન ગુજરાતીના જવાથી પડેલી ખોટ એ ગુજરાતની જ નહિ પણ સમસ્ત હિંદની ન પુરાય તેવી ખોટ છે. **પદ્મકાન્ત ર. શાહ**

મૌન ગીતગુંજનમાં મધુર સ્વરની ધારાઓ રેલાવતાં મુલાયમ ચિત્રોના સર્જક

અબ્દુર્રેહમાન ચુઘતાઈ

ઈરાની બગીચા, સાંજની શાન્તિ, ઝીણા તાર ઝણકાવતી કોમલાંગી સુંદરીઓ અને સ્વપ્નિલ આંખોવાળા કલ્પના-મસ્ત શાયરોની મનોરમ સૃષ્ટિમાં વિહાર કરાવતાં મધુર ચિત્રસર્જનો એ એમની અનોખી જ વિશિષ્ટતા છે.

રવિશંકર રાવળ

યુરોપિયન સંસ્કૃતિની પાછળની રાજ્યસત્તાઓએ અઢારમી સદી પહેલાં તેમના વૈભવો ને શણગારમાં એશિયાની કૃતિઓનું ભૂમૂલ સન્માન કર્યું હતું. પૂર્વ દેશોના શાલદુશાલા, છીંટો, હથિયારો, ઝવેરાત, મોતી ને રંગ તથા સુવર્ણના મીનાકામ આદિ કારીગરી માટે યુરોપના રાજમહેલોની રમણીઓ ને કલાસંગ્રાહકો પડાપડી કરતા હતા. પણ માત્ર શિલ્પ કે ચિત્ર માટે કંઈ આદર જણાતો ન હતો. સત્તરમી સદીમાં અહીંની કેટલીક કળાકૃતિઓ યુરોપમાં પહોંચી ત્યારે ત્યાંની રૂઢિ પ્રમાણે તે વાસ્તવિક સૃષ્ટિનું તાદૃશ અનુકરણ નહિ લાગવાથી એની તરફ બેપરવાઇ બતાવાઇ, અને કેટલાંક મ્યૂઝિયમોમાં તથા ખાનગી સંગ્રહોમાં ઉધઇ ખાતી પડી રહી. ઓગણીસમી સદીમાં યુરોપમાં ફોટોગ્રાફીનો ઉદય થયો અને જે ચિત્રકારો દૃશ્યની માત્ર નકલ કરવામાં પૂર્ણતા માનતા હતા તેઓને એ હરીફ કળાએ બહુ પાછા પાડયા. પોતાને કરવાનું કામ એક કૅમેરા હવે સારીરીતે કરી આપે છે તે જોઇ ઘણા કળાકારોએ કળાની નવી જ પ્રેરણા માટે ચારે તરફ નજર પહોંચાડી અને ત્યારે જ પેલાં મ્યૂઝિયમોમાં પડેલાં ચિત્રો અને શિલ્પોએ તેમની પાસે કલ્પના અને ઊર્મિની એક નવી જ સૃષ્ટિ ઉઘાડી. પર્સ્પેક્ટિવ (દૃષ્ટિશાસ્ત્ર) અને ઍનૅટમી (શરીરરચના)ના નિયમો વિના ચિત્રકળા શક્ય જ નથી એવું માનનારા કલાકારો ને કલાકોવિદોને આ એશિયાઇ કળાઓમાં કોઈ નવી જ રંગસુરાવટ અને રેખામંડળોના ફુવારા તેમજ લહરીઓ દેખાઇ, એટલું જ નહિ પણ સ્થળદૃષ્ટિનાં બંધનોથી કળાકારની



કલાકાર અબ્દુર્રેહમાન ચુઘતાઇ (સ્કેચ. રવિશંકર રાવળ)

રેખાઓ ને રંગરચના મુક્તિ પામી. આ નવી જાગૃતિ અને અનુભવ ડચ કળાકાર રૅમ્બ્રાં(Rembrandt)માં જણાયો. ઇંગ્લંડમાં અમેરિકી કલાકાર વ્હિસ્લરે તેનો આદર કર્યો; રૉથેનસ્ટાઇને તેને સન્માની લૉરેન્સ બિન્યને તેનાં સ્તવન લખ્યાં; એડમંડ ડયુલાકે તો પોતાની કરી લીધી; અને આજે તો યુરોપના અગ્રગણ્ય કલાકારોના વિકાસમાં ઊર્મિ, સ્વગત શૈલી ને અનિર્વચનીય ભાવો નિરૂપવા દૃશ્ય જગતનાં સ્વરૂપોની સાવ અવગણના કરનારા અનેક સંપ્રદાયો પ્રચલિત થયા છે.

પશ્ચિમની કલાસૃષ્ટિમાં જે વેળા આ નવી ક્રાન્તિ શરૂ થઈ તે જ વખતે, એથી ઉલટું, હિંદમાં યુરોપની તાદૃશ રૂઢિની કળાની છાયા દરેક સંસ્કારી, સુશિક્ષિત ને અધિકારીવર્ગ ઉપર ગાઢ બની ગઈ હતી. સરકારી કળાશાળાએ ત્યાંના ચોકઠામાં હિંદી કળાકારનું માનસ જકડવા માંડયું હતું અને હિંદમાં રાજસ્થાની, મુઘલ, ઈરાની કે ચીન જાપાનની કળાને માટે કોઈ પણ સંસ્કારી સંસ્થા કે વ્યક્તિ પાસે સ્થાન રહ્યું ન હતું. એ કળાને ગામડી, દેશી કે પુરાણી ગણી કઇંક જનોએ ઘરમાંથી જૂના કચરા તથા ભંગાર ભેગી ફેંકી દેવા માંડી હતી.

એ પછી રાજા રવિવર્માનાં સ્થૂળકાય સ્ત્રીપુરુષોની જીવનસદૃશ છબિઓની પ્રજા પર જબરી મોહિની જામી. એવા સમયમાં કલકત્તામાં શ્રી અવનીન્દ્રનાથ ઠાકુરે હિંદી સંગીત અને હિંદી સાહિત્યના સંપર્કમાંથી કલાનું ચિંતન કરીને તેમજ પ્રાચીન કલાકૃતિઓનાં નિરીક્ષણ તથા અભ્યાસ કરીને તેની પુનઃ પ્રતિષ્ઠા કરવાનો સંકલ્પ કર્યો. અને ઇરાની, રાજપુત, મુઘલ તથા ચીન-જાપાનના કલાના આદર્શો ધ્યાનમાં રાખી નવાં સર્જનો કર્યાં. એ ઢબની એમની જે પ્રથમ કૃતિ ઇ. ૧૯૦૨માં દિલ્હીના પ્રદર્શનમાં રજૂ થઇ તે 'શાહજહાનનું અવસાન' નવો જ પ્રભાવ પાડી શકી. કલ્પના અને ઊર્મિથી સજીવ એ ચિત્ર આજે પણ જગતનાં સર્વોત્તમ ચિત્રોમાં ગણી શકાય.

હિંદુસ્તાનમાં મુઘલ રાજ્યકાળમાં સંગીત અને ચિત્રકળાએ પ્રજાસમુદાયમાં લાગણીઓ તથા અંતરના અનુભવોમાં જે એકતા ને ઐશ્વર્ય સ્થાપ્યાં છે તે માનવ ઇતિહાસનો એક અદ્ભુત બનાવ છે; જમાનાઓ થયાં તેની અસર તથા પરંપરાએ ભારતીય પ્રજામાં જે જાતિગત સ્વભાવ ને લક્ષણની એકતા પેદા કરી છે તે કોઇ રાજદ્વારી સત્તાથી પણ દૂર થવાની નથી. શ્રી અવનીન્દ્રનાથની કલાભાવનાનું પીઠબળ આ જ ભાવનાની જડ છે. પરદેશી સત્તાએ યુરોપી કળાનાં જે બીજકો નાખેલાં તે દોઢસો વર્ષની યુનિવર્સિટી અને આર્ટ સ્કુલની તાલીમો છતાં આ દેશમાં ફૂટયાં કે પાંગર્યાં નહિ. તે જોઇ તેમણે સૈકાઓથી પાંગરતી અંતર્દેશીય કળાની વાડી રચી. અને તેમની પાસે બંગાળમાંથી શ્રી નંદલાલ બસુ, પંજાબથી શ્રી અબ્દુર્રેહમાન ચુઘતાઈ ને દક્ષિણથી શ્રી જી. વ્યંકટપ્પા જેવા તરુણો આકર્ષાયા. કલકત્તાની સરકારી આર્ટ સ્કુલના પ્રિન્સિપાલ મિ. હૅવેલ આ અભિનવ જાગૃતિ

જમણી બાજુ : દીવાને ગાલિબ (ગાલિબનાં કાવ્યો) નામે કાવ્યગ્રંથમાં એક ભેત પર આલેખેલું ચિત્ર. નીચે : શ્રી ચુઘતાઇની શોભનકલાનો એક નમૂનો.



પર મુગ્ધ થયા અને વિદ્વાનો તથા સત્તાધારીઓના વિરોધ છતાં પોતાની શાળામાં તેની પ્રતિષ્ઠા કરી, એટલું જ નહિ પણ પોતે તેના પ્રચારક બન્યા. એ પ્રથમ શ્રેણીના દીક્ષિત સૌ વિદ્યાર્થીઓ આજે પોતપોતાના પ્રાંતનું ગૌરવ બની રહ્યા છે.

શ્રી ચુઘતાઇ ત્યાંનો અભ્યાસ પૂરો કરી પોતાને પ્રાંત ગયા, અને લાહોરમાં નિવાસ કરી થોડો વખત ત્યાંની સરકારી આર્ટ સ્કુલમાં અધ્યાપક તરીકે કામ કરી તેમણે કેટલાક વિદ્યાર્થીઓ તૈયાર કર્યાં. પરંતુ સરકારી તંત્રમાં પોતાનો વિકાસ નઃસધાતો જોઈ તેનો તેમણે ત્યાગ કર્યો અને યુરોપનો પ્રવાસ કર્યો. એમની વિશિષ્ટ પ્રકારની કળાશૈલી અને આકર્ષક વ્યક્તિત્વથી તે બધે આદર પામ્યા અને હિંદમાં તેમજ બહાર તેમનાં ચિત્રો ખૂબ પ્રચાર પામ્યાં. એમણે પોતાની મુલાયમ રેખાની વધુ કસોટી આપવા ઇચિંગનો કસબ પણ હાથ કર્યો છે. જનાબ ચુઘતાઈનાં ચિત્રો જોતાં જ તેમાં ઈરાનના બગીચા, સાંજની શાંતિ ને ઝીણા તાર ઝણકાવતી મધુરી સુંદરીઓનાં સ્વપ્ન ખડાં થાય છે, એટલું જ નહિ પણ જિંદગી ને પ્રભુના ખ્યાલોમાં અનુભવી બનેલા ડહાપણની કરચલીવાળા શાયરોના ચહેરા આંખ સામે તરતા થઈ જાય છે; લયલા અને મજનૂની કથા તાદૃશ થતી લાગે છે અને ગુલ અને બુલબુલની મીઠી યાદ આવે છે.

એ ચિત્રો આપણને આજના ધમાલિયા સંસારથી મુક્ત કરી આરામ અને આશા વેરતા જગતમાં ખેંચી જાય છે. તેમાંથી જાણે તલપદા ઇરાનનો સાદ સંભળાય છે; કેમકે ચુઘતાઇના લોહીમાં જ ઈરાનનો વંશવારસો છે. દિલ્હીની મોતી મસ્જિદ કે આગ્રાનો તાજ બાંધનાર તાર્તરી મુગલો તેમના પૂર્વજો હતા, એટલે પછી તેના હાથમાં ઇરાની કલમ કેમ ન ખીલે? પણ તે નરી ઈરાની ઢબ પર જતા નથી. હાલનો સમય અને અંગત તાલીમના ઘડતા ફેરફારો કે સંસ્કારોનો ઓપ લઇને એમણે ઈરાની કળાના આદર્શો પુનઃ સર્જ્યાં છે. એમની કળા અકબરી યુગની યાદ આપે છે. અકબરના દરબારમાં હિંદુ અને ઈરાની કળાકારો જોડાજોડ બેસી ચિત્રો કરતા. પક્કા હિંદુઓ ઇરાની કળાનાં રસબિન્દુઓથી રંગ ઘૂંટતા અને નામી ઈરાની કળાકારો જમનાનાં જળથી પોતાનાં પાત્રોને હિંદના વાઘા પહેરાવતા. આજે પણ ચુઘતાઈની કલમમાંથી રાધા અને કૃષ્ણની વ્હાલપભરી રેખાકૃતિઓ ટપકતી જુઓ તો તમને એ વાત તરત સમજાશે. કળાની સૃષ્ટિમાં કોમી ભેદ નથી. સંગીત ને પ્રેમના સ્વરો પાછળ રંગના ઉપાસકોએ પણ પોતાનાં મમત્વ અને દંભ છોડી દીધાં છે.

અકબરી જમાનાના કળાકારોએ મહાન રાજ્યાશ્રયથી જે કાર્ય કર્યું તે શ્રી ચુઘતાઇએ આજે એકલે હાથે કરી બતાવ્યું છે. આજના હિંદુસ્તાનની સંસ્કૃતિના તે એક ચુનંદા પ્રતિનિધિ છે. તેમનાં ચિત્રોનું મૌન ગીતગુંજન કોઈ નદીકિનારે વણઝારના તંબુ પડ્યા હોય ત્યાં પ્રત્યક્ષ થશે. એમની રંગબેરંગી બિછાત સૌને આમંત્રે છે, આકર્ષે છે અને નિજાનંદનો પ્રસાદ ગરીબ કે શ્રીમંતને એકસરખો વહેંચી આપે છે. તેમણે એક પછી એક કરેલાં લોકપ્રિય ચિત્રપ્રકાશનોની આ મહાન સેવા છે. તેમનાં ચિત્રોની રેખાવટ ને શુદ્ધ રંગછાયાઓએ શીખતા કળાકારોમાં એક અનોખી જ ભાત પાડી છે. તાદૃશવાદથી કોઈ જુદી જ શૈલીમાં ચિતરાએલાં એ ચિત્રો દૃશ્ય જગતથી દૂર ખેંચી જઈ કલ્પનાજગતનાં સત્યોની સુંદરતાનું દર્શન કરાવે છે.

બધી એશિયાઈ કળાનો આ જ આદર્શ છે. પૂર્વના કવિઓ, ચિત્રકારો અને શિલ્પીઓએ દૃશ્ય જગતને ઝાંઝવાનું જળ સમજી પોતપોતાની કોઈ કલ્પનાભૂમિને નવા સત્ય અને સુંદરતાના વાઘામાં અમર બનાવી છે અને જેઓ શરીરનાં સુખોની મર્યાદા સમજી જઈને માનસિક તથા આત્મિક જીવનમાં ઊંચો સંતોષ માણી શકે છે તેમને માટે એ કૃતિઓ અખૂટ આનંદ મૂકી ગઈ છે. ચુઘતાઇનો પણ આ જ ઢબે જગતને જબરો ફાળો મળી ચૂક્યો છે.

એમની મુલાયમ રેખાઓ ચિત્ર પર પડેલી કાળી રેખાઓ જ માત્ર નથી, પણ મધુર સ્વરોની ધારાઓ છે. મનુષ્યશરીર પર તે વસ્ત્રોની જે ઘડીઓ નાખે છે તે સૌંદર્યનું સર્જન કરનારી હોય છે. અને એમની રચેલી થોડી પણ સૂચક પૃષ્ઠભૂમિ તમને વાસ્તવિક જગતના દબાણમાંથી મુક્ત કરી કોઈ કલ્પનાવિસ્તારમાં વિહરતા કરી દે છે.

એમની રેખા કે રંગોમાં વિભ્રમ કરવાનો પ્રયાસ નથી. નરી સરળતા અને શુચિતા એમનાં ચિત્રાંનું પ્રધાન લક્ષણ છે. વાદળાં વિનાનાં એમના સમય સમયનાં ઘેરાં ગગનપટ ઉપર રમી રહેલું એકાદ વૃક્ષ, વેલ, ભીંત કે ગુંબજ કંઈકંઈ રહસ્ય દર્શાવે છે. વિસ્તારવતી રંગરસીમાઓ વચ્ચે એકાદ સુરેખપણે ચિત્રિત થએલા વૃક્ષ નીચે, કોઇ ઉદાસીન શાયર જુઓ, કે મહાલયના અંધાર ખૂણે રુદન કરતી પડેલી સુંદરી જુઓ, કે ઇલ્મના ભારે ગંભીર બનેલા ચહેરાવાળા ઉસ્તાદ યા તરુણ રાજકુંવર કે શિષ્યાને જુઓ ત્યારે ચુઘતાઈની રજૂઆતમાં શી ખૂબી છે તે સમજી શકાય. તેમની વસ્ત્રાની રેખાઓ, વનસ્પતિનાં આલેખનો કે ચહેરાના ભાવમરોડનું અનુકરણ કરવું અશક્ય જ લાગે એમની રેખાઓનું વહન, વેગ અને નિર્મળતા બીજામાં આવી જ નથી શકતાં. ઘણીવાર તો એ પોતે પણ પોતાનાં ચિત્રો બીજીવાર નથી કરી શક્યા!

બહુ જ ચોક્કસ સ્વચ્છ આલેખન અને રંગશુદ્ધિ દ્વારા તે ભાવોનું સુસ્પષ્ટ નિરૂપણ કરી શકે છે. તમારી દૃષ્ટિની ન સમજાય એવી કોઇપણ આકૃતિ કે વિકૃતિ તેમનાં ચિત્રાંમાં ક્યાંયે દેખાશે નહિ. એમનાં રંગ વગરનાં એકલાં રેખાચિત્રોમાં એમની કલમનો ચમત્કાર ખાસ છે ઝૂલતી રેખાઓ. મૃદુ અંગુલિઓ, હવામાં ઊડતાં ઝુલ્ફાં કે



પવનમાં લહેરાતી વૃક્ષડાળી બધાં પૂર્ણ લક્ષણયુક્ત હોય છે. એક પણ છોગું કે વસ્તુની વિગત અણઘડી રીતે દોરેલી કે અવ્યક્ત નથી હોતી. આખા ચિત્ર ઉપર અસાધારણ રેખાસામર્થ્ય નજરે પડે છે. ચિત્ર-યોજના-એમની રીત સાદામાં સાદી છતાં સંપૂર્ણતા પામેલી હોય છે ને સૌંદર્ય આખા ચિત્ર પર સમગ્રતયા વ્યાપી રહે છે. એમનું એક એક ચિત્ર કોઈ ને કોઈ કલ્પનાને અલંકારમય રીતે રજૂ કરે છે ને તેમાંના વસ્તુ શિલ્પ કે વનસ્પતિનો તે બહુ જ



'માટીનું પાત્ર' (ગાલિબનાં કાવ્યોમાંથી)

સુરુચિપૂર્વક પ્રયોગ કરે છે. સાધારણમાં સાધારણ લાગતી આકૃતિઓ—એકાદ ઝાડ, કે કબર, એકાદ બારણું કે ભીંત કે વાસણ તેમનાં ચિત્રોમાં નવી વિશેષતાથી જોવામાં આવે છે.

ચિત્રોમાં તેમણે પ્રાચીન ઇરાની કે મુઘલ કળાકારો કરતાં ઘણાં નવાં તત્ત્વો ઉમેર્યાં છે. પર્સ્પેક્ટિવ (દૃષ્ટિશાસ્ત્ર)નો ઘટતો અને શોભતો પ્રયોગ તેમનાં ચિત્રાંને આધુનિક જગતનાં સાથી બનાવે છે. રંગોમાં હળવાપણું રાખી રેખાઓની શક્તિ તેમણે પ્રધાન બનાવી છે 'ગાલિબનાં કાવ્યો', 'ચુઘતાઈનાં ચિત્રો' વગેરે ગ્રંથો તેનાં સાક્ષી છે.

જનાબ ચુઘતાઈ પોતાની પ્રગતિથી સંતોષ માની બેસી રહેતા નથી. 'આગે બઢો' એ તેમનો મંત્ર છે. પાછલી કીર્તિના ગીતમાં તે ગુલતાન નથી તેના પુરાવારૂપે 'નકશે ચુઘતાઇ' (બુક ઑવ ચુઘતાઇ), 'ઉમર ખય્યામ' વગેરે પુસ્તકો તૈયાર થઈ રહ્યા છે. તેમનાં ચિત્રાંએ નવીન ચિત્રકારોને ઘણી પ્રેરણા આપી છે તેમનાં ઘણાં ચિત્રો હિંદના રાજવીઓના મહેલો અને ચિત્રાલયોમાં સંઘરાયાં છે. વડોદરા, મ્હૈસુર, ત્રિવેન્દ્રમ્ વગેરે સ્થળે તો જાહેર પ્રજા તે જોઇ પણ શકે છે.

આકારની સ્વચ્છતા ને રેખાઓનો ભાવહિંડોલ જે સમજતા હોય તેમને ચુઘતાઈનાં ચિત્રો નિરવધિ આનંદ આપશે. ભૂમિતિકાર જે ચોક્કસ ઇથી પોતાની આકૃતિ આલેખે છે એટલી જ ચોક્કસાઈથી ચુઘતાઈ પોતાનાં ચિત્રો દોરે છે. 'એક ઇંચના હજારમા ભાગનું પણ સ્ખલન થવા ન દેવું એવી ચોક્કસાઈમાં કળાનો પ્રારંભ થાય છે,' એ તેમનો મંત્ર છે. સુંદરતાનો આલાપ એ તેની રેખાનું રહસ્ય છે.

એમણે પચાસ વર્ષ પૂરાં કર્યાં છે, પણ પંજાબી તબિયત સાથે નવજવાન જેવી સ્ફૂર્તિ અને ઉત્સાહ ધરાવે છે. એમનું દીર્ઘાયુષ ભારતને વધુ સૌભાગ્યવંતું બનાવશે એવી ઈચ્છા સહજ થાય છે.

('કૌમુદી'ના ૧૯૪૫ના ઈદ અંકમાંથી તંત્રી અને લેખકના સૌજન્યથી.)

મ્હૈસુરની નરભક્ષી વાઘણ



મ્હૈસુરની સરકાર માટે જંગલી હાથીઓ પકડવા સારૂ મેં મોરલે ગામ પાસે પડાવ નાખ્યો એ દિવસોમાં ત્યાંના લોકો ભયથી થરથરી ઊઠયા હતા, કારણ કે ત્યાંથી પાંચેક માઈલ છેટે આવેલા આયનપુર ગામ પાસે એક નરભક્ષી વાઘણે દેખાવ દીધો હતો અને આસપાસના માઈલોના વિસ્તારમાં દિવસે પણ ગામની બહાર નીકળવામાં સલામતી ન હતી. વાઘણ એવી હિંમતથી માણસોનો શિકાર કરવા લાગી હતી કે લોકો એમ જ માનતા થયા હતા કે કોઈ ડાકણ વાઘણના રૂપમાં નરબલિ લેવા આવી છે.

મોરલેની છાવણીમાં આવીને આ નરભક્ષીના નવા નવા સાહસની વાતો હું સાંભળવા લાગ્યો. એક સાંજે બકરાં ચારીને પાછા ફરતા ભરવાડના બે છોકરાને વાઘણ ભરખી ગઇ. હવે તો વગડામાં ઢોર ચારવા જવું એ પણ મોતને નોતરવા જેવું હતું. મારે તો, જોકે, કંઈ ઢોર નહોતાં ચારવાં, પણ મારી પાસે ૭૦૦–૮૦૦ માણસો હતાં અને તેમના રક્ષણની નૈતિક જવાબદારી મારા ઉપર હતી. થોડાક પાળેલા હાથી અને આ માણસોની મદદથી જંગલી હાથીઓને પકડવા માટે મારા માણસોને જંગલી હાથીઓ હાંકવા સારૂ વનવગડા ખૂંદવાના હતા. આ વાઘણના અત્યાચાર સાંભળી તેઓની વિકલતા વધતી જતી હતી. જંગલી હાથીઓને હાંકવા છુટાછવાયા થઈ જઇને જંગલમાં રખડવું અને વાઘણથી સાવચેત રહેવું એ બંને કેમ બની શકે ? અને મ્હૈસુરનાં જંગલોની વાત પણ શી કરવી ? માણસભર ઊંચું ઘાસ અને આકાશભર ઊંચાં વૃક્ષ અને વાંસનાં ગીચ જંગલો ! એમાં માણસોએ જંગલી હાથીઓની પાછળ રખડવું. તે વખતની તેમની ભયગ્રસ્ત વિકલતાની શી વાત કરવી ! એ નરભક્ષી ડાકણ કેડીના વળાંક પાસે બેઠી હશે તો? પાછળથી હુમલો કરશે તો ? ઘાસમાં બેઠી હોય અને ભેટો થઇ જાય તો ? ઝાડીમાં છુપાઇને તરાપ મારવાની નેમ તાકતી હશે તો ?

પણ કોણ જાણે કેમ, ત્રણ મહિના એમ ને એમ નીકળી ગયા અને એ ત્રણ મહિનામાં વાઘણે હજી બીજો ભોગ લીધો ન હતો. શું આટલા બધા માણસોના હોકારા પડકારાથી ડરી ગઈ હશે ?

માણસથી કોણ નથી ડરતું ? જંગલમાં વસતાં સસલાં જેવાં નાનાં અને નિર્બળ પ્રાણીઓથી માંડીને જંગલના મહારાજા સિંહ, વજ્રકાય ગેંડા અને મહાકાય હાથી જેવાં તોતીંગ અને ભયંકરપ્રાણીઓ પણ માનવીથી ડરે છે અને તેની ગંધ માત્ર આવતાં દૂર ભાગે છે. તમે કહેશો કે એમ હોય તો એ પ્રાણીઓ માણસ ઉપર હુમલો કેમ કરે છે ? ઉચિત પ્રશ્ન છે. જ્યારે આવા કોઇ પ્રાણીને તમારો અચાનક ભેટો થઇ જાય છે ત્યારે ગભરાટ અને ગુસ્સો તેને આત્મરક્ષણ માટે પ્રેરે છે. આત્મરક્ષણ માટે તે માણસ જેવા 'ભયંકર પ્રાણી'થી દૂર નાસી જાય છે અને જો તે શકય ન હોય તો પછી તેના ઉપર હુમલો કરે છે. કોઈવાર એમ પણ બને છે કે આત્મરક્ષણ માટે ભાગી છૂટવા સારૂ જંગલી પ્રાણી ગભરાટમાં દોડવા જતાં ભાગવાની દિશા નક્કી ન કરી શકવાથી માણસને હડફેટમાં ઉડાવી દે છે અથવા તેના ભાગવાના માર્ગ આડે તેને ઊભેલો માની તેના ઉપર તૂટી પડે છે. કોઈ વાર પીછો પકડવાથી બહુ ચીડાએલું કે ઘવાયાથી ક્રોધાન્વિત બનેલું પ્રાણી માણસ ઉપર ઝનૂની હુમલો કરે છે. ઘવાએલા પ્રાણીનો પીછો પકડવો એ જોખમી કામ છે. બાકી સાધારણરીતે તો આ બધાં પ્રાણીઓ મનુષ્યથી ડરે છે અને તેનાથી દૂર રહે છે: એટલે સુધી કે નરભક્ષી બનેલો વાઘ કે સિંહ પણ મનુષ્યની નિર્બળતા પામી ગયા છતાં તેનો નસર્ગિક ભય છોડી શકતો નથી.

જ્યારે હું માણસ અને જંગલી પ્રાણીઓના બળની તુલના કરૂં છું ત્યારે મને પ્રાણીઓના અજ્ઞાન અને ડરપોકમાનસ તથા મનુષ્યે બુદ્ધિથી તેમના ઉપર મેળવેલી સર્વોપરિતા ઉપર હસવું આવે છે. કયાં નિર્બળ માનવી અને કયાં હાથી, ગેંડા, સિંહ, વાઘ, દીપડા, રીંછ, જંગલી પાડા, વગેરેની પોલાદી તાકાત! અરે, હું કહું છું કે જંગલી બિલાડા જેટલી શક્તિ પણ માણસમાં નથી ! પરંતુ બળ વિરુદ્ધ બુદ્ધિની સાઠમારીમાં માણસે બુદ્ધિ વડે બળ ઉપર વિજય મેળવ્યો છે અને દાંત કે નહોર જેવાં આક્રમણ કે સ્વરક્ષણ માટેનાં કુદરતી સાધન વિનાનો આ દ્વિપાદ વામન હાથી જેવા વિરાટકાય પ્રાણી ઉપર સવારી કરે છે અને સિંહ જેવા સમર્થ, વાઘ જેવા ઝનૂની તથા દીપડા જેવા ચપળ અને બધા પ્રાણીઓ ઉપર શાસન કરે છે !

અહીં બીજો પ્રશ્ન ઉપસ્થિત થાય છે: જો જંગલી પ્રાણીઓને મનુષ્યનો એટલો ભય છે તો સિંહ અને વાઘ જેવાં પ્રાણી એ નૈસર્ગિક ભય છોડીને મનુષ્યભક્ષી કેમ બને છે ? એનું એક કારણ એ છે કે ભયના મૂળમાં મનુષ્યની શક્તિ વિષે તેમને જે અજ્ઞાન છે તે અજ્ઞાન કદી દૂર થવાનો પ્રસંગ આવે છે અને તેમને મનુષ્યનો સાક્ષાત્કાર થઇ જાય છે કે મનુષ્ય તો એક નિર્બળ, પરાધીન, ડરપોક, લાચાર અને રક્ષણહીન પ્રાણી છે ત્યારે તે એ નવા જ્ઞાનનો લાભ લેવાનું ચૂકતા નથી અને પરિણામે નરભક્ષી બની જાય છે. તમને પોતાને હાથ લંબાવતાં બરૂ મળતો હોય તો લાડુ માટે દસ

માઈલની મજલ કરી ખરો ? જો અલ્પ પ્રયાસથી માણસનો શિકાર થઈ શકતો હોય તો હરણની પાછળ દોડવાનો અને પાડા સાથે બાથ ભીડવાનો શ્રમ તેઓ શા માટે લે ?

સિંહ અને વાઘ નરભક્ષી થવાનાં બીજાં પણ કારણો છે: વૃદ્ધાવસ્થાને લીધે જ્યારે આ વનરાજોના શરીરની તાકાત અને ચપળતા ખૂટે છે ત્યારે પાડા જેવાં સબળ પ્રાણીઓનો સામનો કરવાનું કે હરણ જેવાં ચપળ પ્રાણીઓનો પીછો પકડવાનું તેમને માટે મુશ્કેલ બને છે. પછી તો તેઓ ગામનાં ઘેટાં, બકરાં, બળદ, વગેરે લાચાર પ્રાણીઓનો જ શિકાર કરે છે; અને તેમાં નસીબ જોગે માણસની નિર્બળતા માપી લેવાનો પ્રસંગ આવે તો પછી એ નરમાંસભક્ષી પણ બની જાય છે. ઘવાએલા સિંહ કે વાઘ જખમના કારણે અશક્ત બની શિકાર નથી કરી શકતા ત્યારે પણ નરભક્ષી થવા પ્રેરાય છે.

આથનપુરની વાઘણ નરભક્ષી બનવામાં કેમ પ્રવૃત્ત થઈ હતી તે સમજવું મુશ્કેલ હતું મને તો હજી તેને જોવાનો પણ પ્રસંગ નહોતો મળ્યો. તેની સાથે પ્રસંગ પાડવાને હું અતિશય ઉત્સુક હતો.

નવેમ્બરની ર૯મી તારીખની સાંજ હતી. અસ્તાચલ તરફ જતા સૂર્યનારાયણનો પ્રકાશ ટેકરીઓની ટોચને શોભાવતો હતો અને મેદાનમાં છૂટાછવાયા વૃક્ષોના લાંબા પડછાયા દૂર સુધી પથરાતા હતા. પક્ષીઓ સ્વસ્થાને પાછાં ફરવાની તૈયારી કરતાં હતાં અને નાગવલ્લી ગામનાં ઢોર ચરીને ગામ તરફ પાછાં ફરતાં હતાં. બરોબર તે વખતે આથનપુરની નરભક્ષી વાઘણ શિકાર માટે લપકતી હતી. એણે તક જોઈને ગોવાળને ઝડપી લીધો. ગાયોના ગભરાટનો ખ્યાલ તો તમે જ કરી લેજો બીકથી બેબાકળી બનેલી ગાયોના હાલ ઉપરથી નાગવલ્લીનાં ગામજનોએ ગોવાળના નસીબની કલ્પના કરી લીધી. ગામલોકો શોક અને ગભરાટથી સ્તબ્ધ થઈ ગયા. હાથીઓને પકડવાની પ્રવૃત્તિમાં પડેલાં મારાં માણસોએ બીજે દિવસે આ કરુણ સમાચાર સાંભળ્યા ત્યારે તેઓ પણ પોતાની સલામતી માટે ચિંતાતુર બની ગયાં. મારા ઉપર ભારે જવાબદારી હતી. માત્ર મારાં માણસો જ નહિ પણ આસપાસનાં બધાં ગામ લોકો પોતાના રક્ષણ માટે સાહેબ ઉપર જ નજર નાખતા હતા. એમની શ્રદ્ધાને પાત્ર બનવાનું મારું કર્તવ્ય હતું. પરંતુ મારી મૂંઝવણ મોટી હતી. આવા ગીચ જંગલમાં આ વાઘણનો પીછો મારે પકડવો કેવી રીતે ? એની બોડ કયાં શોધવી ?

પણ તે પછી દોઢ મહિના સુધી કંઈ અઘટિત બનાવ ન બન્યો. મારા માણસોમાંથી ભયની લાગણી કૈંક ઓછી થઈ ગામલોકોને પણ આ રાહતથી શાન્તિ મળી. પરંતુ ડીસેમ્બરની ર૯મી તારીખે આ નરભક્ષી વાઘણે વળી એક ગોવાળનો ભોગ લીધો, અને તે પણ ગામના પાદરમાંથી ! શું એ ડાકણની હિમ્મત !

હવે મારે નિષ્ક્રિય થઈને બેસી રહેવું પાલવે તેમ ન હતું. ગામડાના અબુધ માણસો ભયથી થરથરતા હોય અને મારા જેવો શિકારી તેમનું રક્ષણ ન કરી શકે એમાં મારી પ્રતિષ્ઠા ન હતી. મેં મારો હાથી સજાવ્યો અને પગીઓને લઈને આથનપુર ગયો.

ગામને પાદર આંબલીનું એક વૃક્ષ હતું. આસપાસનો પટ તો ખુલ્લો હતો. પરંતુ પાસે એક ભેખડમાં વાઘણ છુપાઈ શકે તેવી જગ્યા હતી. પેલો કમનસીબ ગોવાળ જ્યારે ઢોર ચારીને પાછો વળતો હતો તે વેળા વાઘણ ભેખડમાં છુપાઈને બેઠી હતી ગોવાળ ઝાડમાંથી આંબલીના કાતરા લાકડી વડે ખંખેરતો હતો ત્યારે વાઘણે તેના ઉપર તરાપ મારી હતી એ જગ્યાએ લોહીનું ખાબોચિયું હતું. ગોવાળની લાકડી, ટોપી, કાળો ધાબળો અને આંબલીના કાતરા પડયાં હતાં અમે વાઘણનાં પગલાં શોધ્યાં અને પગલે પગલે ચાલતાં અરધો માઈલ છેટે ઝાડીમાં ગોવાળનાં હાડકાં મળ્યાં. અહીં વાઘણે શિકારનો ભક્ષ કર્યો હતો.

હવે અહીંથી વાઘણ કયાં ગઈ હતી તે જોવાનું હતું. પગીઓ કામે લાગી ગયા. પગીઓની હિંમત, કર્તવ્યપરાયણતા અને ચતુરાઈ પ્રશંસાપાત્ર હોય છે. હિંદુસ્તાનનાં છ લાખ ગામડાંની ગરીબાઈના પ્રતીક સમા આ અરણ્યવાસીઓને પગમાં પગરખાં નહિ, શરીરે લંગોટી કે ટૂંકા ફાળિયા વિના બીજું વસ્ત્ર નહિ, રક્ષણ માટે લાકડી સિવાય બીજું કંઈ હથિયાર નહિ, અને છતાં તેમની હિંમત કેવી ! નાગ અને કાળોતરાના નિવાસસ્થાન સમાં ઘાસનાં બીડમાં ઉઘાડે પગે ફરવું, વાઘ દીપડા અને ચિત્તાને તેમના આરામમાંથી ઉઠાડી શિકાર માટે છુપાએલા શિકારી તરફ જવા ફરજ પાડવી, વૃક્ષો અને વાંસનાં ગીચ જગલોમાં જંગલી હાથીઓની પાછળ રખડવું. આવાં અસંખ્ય સાહસો એ તો એમનું નિત્યકર્મ છે ! શિકારની મોજ માણવા આવતા સુધરેલી દુનિયાના શિકારીઓ સંરક્ષિત જગ્યાએ છુપાઈને શિકાર કરે ત્યારે એ શિકારી અને શિકારનાં ચિત્રો વર્તમાનપત્રો ને સામયિકોમાં પ્રસિદ્ધ થાય છે, પરંતુ તેમને શિકારની મજા ચખાડનાર અને પગે રખડીને શિકારને હાંકો શિકારી તરફ મોકલનાર આ નિઃસહાય પગીઓની બહાદુરીનો ખ્યાલ કેટલાને આવે છે ? આ આગલોક તો અરણ્યના પુત્ર છે. તેઓ કુદરતને ખોળે ઉછરે છે. એમના પ્રદેશની એકેએક ટેકરી ખીણ, કોતર અને ગુફા, ભેખડ અને શિલા, મેદાન અને ખાડા, નદી અને ખાબોચિયાં, ઝાડ અને અને ઝાડી, કેડી ને રસ્તા એમને સુપરિચિત છે. તેઓ કયાંય અટવાતા નથી, પછી ભલે દિવસ હોય કે રાત. અને ધૂળમાં પડેલાં પગલાં ઉપરથી એ કયું પ્રાણી છે, કયાંથી આવ્યું, કયાં ગયું, કયારે પસાર થયું તે બધું પારખવામાં તો તેઓ અજબ નિષ્ણાત હોય છે,–એટલે સુધી કે તેઓ વાઘનાં માત્ર પગલાં જોઈને જ કહી શકે છે કે એ પગલાં નરભક્ષી વાઘણનાં છે કે અન્ય વાઘનાં ! આવા અનુભવી અને નિષ્ણાત પગીઓને પણ આજે નિષ્ફળતા મળી. કઠણ જમીનમાં વાઘણનાં પગલાંનો લોપ થઈ જતો હતો. અમે પાછા ફર્યા.

પણ નિષ્ફળતાથી નાસીપાસ થવું મને પાલવે તેમ ન હતું. મેં ખૂબ મનોમંથન કર્યું. વાઘણ એક વાર મારી રાઈફલની હડફેટમાં ચડે તે માટે કઈ યુક્તિ કરવી ? તેને પગલેપગલે જઈને શોધી કાઢવી અને તેના વિશ્રામસ્થાનને ઘેરી લઈ તેને બહાર કાઢવી એ તો બહુ મુશ્કેલ કામ હતું. વળી એનું વિશ્રામસ્થાન શોધવું પણ કયાં? આજે તે એક ગામ પાસે દેખાય, કાલે બીજા ગામ પાસે. સંભવ છે કે એને કોઈ નિશ્ચિત વિશ્રામસ્થાન નયે હોય. એટલે તેની બોડની શોધ કરવાને બદલે મેં બીજી યુક્તિ કરી. મારે એને લલચાવીને બહાર કાઢવી.

મેં ગામનાં ઢોર ભેગાં કરાવ્યાં અને તેમને જંગલ તરફ હાંક્યાં. વાઘથી ડરી ગએલાં ઢોર જંગલમાં જવા તૈયાર ન હતાં, પરંતુ ગોવાળોએ બળજબરીથી હાંકયાં.

મારી પાસે બે નેળાળી બંદૂક ભરેલી તૈયાર હતી અને કોઈ પણ પરિસ્થિતિનો સામનો કરવા હું તત્પર હતો. જંગલની મનોહર પ્રકૃતિ પરથી આંખોને હટાવી લેવી પણ કંઈ સુલભ ન હતી. વૃક્ષોની શાખાઓમાં રૂપગર્વી દૂધરાજ અને બેરબહા હવામાં લાંબી પૂંછડીઓ ફેરવતા કૂદાકૂદ કરતા હતા. જંગલી પુષ્પો પાસે સક્કરખોરા ગુંજતા હતા અને જ્યારે એમના રંગની શોભા સૂર્યપ્રકાશમાં ઝળહળી ઊઠતી હતી ત્યારે એમનો મધુર સ્વર (અનુસંધાન આગળ પાન ૭૨મે)

ડી. ડી. ટી.

વિજ્ઞાને શોધેલું આ યુગનું અદ્‌ભુત જંતુનાશક
તે શું છે – અને તે કેમ વાપરવું

'ડી.ડી.ટી.' એ વાસ અને, રંગ વગરનો, સ્ફટિકમય, ઘન પદાર્થ છે તે સ્ફટિકમય હોવા છતાં તેને ભૂકા અથવા પ્રવાહીના સ્વરૂપમાં બનાવી શકાય. રાસાયનિક દૃષ્ટિએ તે Dichloro-Diphenyl-Trichloro-Ethane છે. આ નામના પહેલા ત્રણ અક્ષરો લઇને જ તેનું ટૂંકું નામ DDT પાડવામાં આવ્યું છે.

'ડીડીટી' એ કંઈ નવીન શોધનું પરિણામ નથી. સૌથી પહેલાં ૧૮૭૪ માં આ પદાર્થનું સંયોજન (Synthesis) કરવામાં આવ્યું હતું પરંતુ તે અદ્‌ભૂત જંતુનાશક પણ છે એ શોધ તો ફક્ત છ વર્ષ પહેલાં સ્વિટ્ઝરલૅન્ડની એક રાસાયનિક પેઢીમાં થઈ. ૧૯૪૨માં તેનો પહેલો નમૂનો વધુ અખતરા માટે અમેરિકા ખાતે મોકલવામાં આવ્યો. તે પછી તો લશ્કરી જરૂરિયાતો માટે ઘણા દેશોમાં મોટા પ્રમાણમાં તેનું ઉત્પાદન થવા લાગ્યું.

અનેક અખતરાઓ પછી એમ નક્કી કરવામાં આવ્યું છે કે 'ડીડીટી' જંતુના જ્ઞાનતંતુઓ ઉપર અસર કરે છે. જંતુને શરીરે 'ડીડીટી' લાગ્યા પછી તે પોતાના શરીર ઉપરથી કાબુ ગુમાવે છે અને એને પક્ષઘાત (Paralysis) થાય છે. આ સૃષ્ટિમાં થતાં લગભગ દરેક જાતનાં જંતુઓને 'ડીડીટી' મારી નાખી શકે છે. તેનાથી માખી અને મચ્છર અર્ધા કલાકમાં અને માકડ થોડા કલાક બાદ મરી જાય છે.

હવે 'ડીડીટી'ને કઈ રીતે વાપરવું તે જોઈએ. 'ડીડીટી' બે સ્વરૂપમાં વાપરી શકાય છેઃ ભૂકી તેમજ પ્રવાહી. ભૂકી બે જાતની આવે છે. પાણીમાં ભેળવી શકાય તેવી અને કેરોસીન જેવા પ્રવાહીમાં ભેળવી શકાય તેવી. પાણીમાં 'ડીડીટી' ભૂકી મેળવીને તૈયાર કરેલું ૫ ટકા દ્રાવણ ઓરડાઓમાં મચ્છર–માખી વગેરે સામે ઘણુંજ અસરકારક નીવડે છે. ભીંતો, ફર્નિચર, પડદા, છત—જ્યાંજ્યાં જંતુઓ ભરાઈ રહેતાં હોય ત્યાંત્યાં આ દ્રાવણ છંટકોરવું. પ્રવાહી 'ડીડીટી'ને વાસ વગરના કેરોસીનમાં ભેળવીને વધુ અસરકારક દ્રાવણ તૈયાર કરી શકાય. આ દ્રાવણ માકડ, ઉધઈ વગેરે પર સારી અસર કરે છે. 'ડીડીટી' ભૂકી એમ ને એમ પણ વાપરી શકાય. ભીની ન કરાય તેવી જગ્યાઓ–કબાટ, પથારી, પેટી વગેરે–માં 'ડીડીટી' ભૂકીને છાંટવાથી ચોપડીઓ આદિમાં રહેતી બધી જીવાત મરી જાય છે. ચાંચડ, વાંદા, કંસારી, ઉધઈ વગેરે સામે તો 'ડીડીટી'ને ભૂકી રૂપે વાપરવું જ સારૂં.

આમ 'ડીડીટી' દરેક જીવાત માટે તો જીવલેણ છેજ; પણ માણસ ઉપર તેની અસર થાય છે ખરી? અમેરિકાના લશ્કરી જનસુખાકારી તેમજ ખેતીવાડી ખાતાના નિષ્ણાતોએ હજારો ટન 'ડીડીટી' ઝીણવટભર્યાં નિરીક્ષણ સાથે, ઘરમાં તેમજ બહાર, વાપર્યાં પછી જાહેર કર્યું છે કે જો તેને માટેની સૂચનાનું બરોબર પાલન કરીને 'ડીડીટી' (ભૂકી કે પ્રવાહી) વાપરવામાં આવે તો માણસ ઉપર બહારથી તેની જરા પણ અસર થતી નથી. પણ ખાવામાં "ડીડીટી' ઝેરી છે માટે શરીરની અંદર 'ડીડીટી' જવું જોઈએ નહિ. અને જો સરતચૂકથી ખાદ્ય પદાર્થો પર તે છંટાઈ જાય તો તેવી વસ્તુઓ ખૂબ ધોઇને પછી જ વાપરવી. ઘરની વપરાશની ચીજો, ફરનિચર કે કપડાં ઉપર 'ડીડીટી' પ્રવાહી કે ભૂકીની જરા પણ વિપરિત અસર થતી નથી, સિવાય કે એનું દ્રાવણ કોઈ નુકસાનકારક પ્રવાહીમાં જ બનાવેલું હોય. કેરોસીન કે નેપ્થા સોલ્યુશન તો છૂટથી વાપરી શકાય.

પાણીમાં બનાવેલું દ્રાવણ રંગીન વસ્તુઓ ઉપર છાંટયું હોય તો પાણી ઊડી જતાં પાછળ 'ડીડીટી'ના સફેદ ડાઘ પડી રહે છે. પણ આ ડાઘ કપડાથી લૂછી નાખી શકાય. આપણે ત્યાં હાલ વપરાતી જંતુનાશક દવાઓની જેમ 'ડીડીટી' છાંટતી વખતે બારી બંધ કરવાની યે જરૂર રહેતી નથી. ખરી રીતે તો બારી–બારણાં જો ખુલ્લાં હોય તો જંતુઓને આવવાનો માર્ગ જ તેને માટે જીવલેણ બની રહે છે. વળી પડદાઓ તેમજ બારણાની બહારના થોડા ભાગમાં પણ તેની અસર પહોંચે. કેરોસીનમાં બનાવેલું દ્રાવણ ચીજવસ્તુ ઉપર વધારે વખત લાગી રહે છે તો વધારે અસરકારક નીવડે છે.

ગરમ કપડાંમાં 'ડીડીટી'ની ભૂકી છાંટવાથી અથવા નેપ્થામાં બનાવેલું દ્રાવણ વાપરવાથી કપડાં સચવાઈ રહે છે. ઉધાંને તો 'ડીડીટી' તરત જ મારી નાખે છે, પણ તેનાં ઇંડાં ઉપર અસર થતી નથી. 'ડીડીટી'ની અસરવાળાં કપડાં પેટી કે કબાટમાં વરસો સુધી સલામત રહે છે. પુસ્તકોમાં થતાં જીવડાં—સિલ્વર ફિશ કાર્પેટ બીટલ, ઉધઈ વગેરેને 'ડીડીટી' તરત જ મારી નાખે છે ચોપડીઓ ઉપર તો 'ડીડીટી' ભૂકી જ વાપરી શકાય. પાથરેલી જાજમો કે ગાલીચા ઉપર પણ ભૂકી છાંટવાથી જીવાત મરી જાય છે.

'ડીડીટી' એક બીજી રીતે પણ સહેલાઈથી પોતાનું કામ કરી શકે છે. પાણીમાં બનાવેલા રંગોમાં 'ડીડીટી' નાખી તેનાથી જો ભીંતો રંગવામાં આવે તો મહીનાઓ સુધી તેની અસર રહે છે. માખી-મચ્છર જેવાં ભીંત ઉપર બેસનારાં જીવડાં તો તરત મરી જાય છે. પણ પ્રયોગ ઉપરથી એમ લાગે છે કે તેલમાં તૈયાર કરેલા રંગો સાથે 'ડીડીટી'ની અસર જરા પણ રહેતી નથી.

પાળેલાં કૂતરાં બિલાડાં ઉપર થતી જીવાત —ઈતરડી, ગૂંગા, ચાંચડ વગેરે માટે પણ 'ડીડીટી' જીવલેણ છે. કૂતરાંને 'ડીડીટી' નાખેલા પાણીથી નવડાવ્યું હોય તો શરીર ઉપરથી બધી જીવાત મરી જાય છે. પણ તેમને પોતાનાં શરીર ચાટવાની ટેવ હોવાથી તેમને માટે પણ તે જીવલેણ બને. માટે સંપૂર્ણ સાવચેતી રાખવી જરૂરી છે.

બગીચામાંની જીવાત પણ 'ડીડીટી'થી દૂર કરી શકાય. પણ તેનાથી બીજા ઘણા મોટા ગેરફાયદા થાય છેઃ (૧) ફળફૂલને માટે ઉપયોગી જીવડાં પણ સાથોસાથ મરી જાય; (૨) મધમાખી પણ 'ડીડીટી'થી મરી જાય છે; (૩) વળી જીવાત ખાઇને રહેનારા પક્ષીઓ પણ મરી જાય. આથી બગીચામાં 'ડીડીટી'ની વપરાશ સલાહભરેલી નથી.

માણસના શરીર ઉપર થતા જંતુ–વાળની જૂ, ખોડો વગેરે તો 'ડીડીટી'ના દ્રાવણથી ધોતાં તરત જ મરી જાય છે. પણ તેનાં ઈંડાં ઉપર કશી જ અસર થતી ન હોવાથી જો વાળમાં 'ડીડીટી' લાંબા વખત સુધી રાખવામાં આવે તો જ તેનો સદંતર નાશ થાય.

'ડીડીટી' વિષે બીજી જાણવા જેવી વાત એ કે તેનાથી જંતુઓ ભાગી જતા નથી. દાખલા તરીકે આપણે જો 'ડીડીટી' પાઉડર શરીરે લગાવીને સૂઇએ તોપણ મચ્છર તો આવીને કરડવાના જ; પણ પાઉડરની અસર થયા પછી તે જ મરી જાય.

જંતુનાશક તરીકે તો 'ડીડીટી' અદ્‌ભુત છે. વળી વાપરવામાં તે ખાસ હાનિકારક ન હોવાથી અને તેની અસર લાંબા સમય સુધી રહેતી હોવાથી તેનો ઉપયોગ વધશે. ભવિષ્યમાં ગૃહજીવનની એક અગત્યની વસ્તુ તરીકે 'ડીડીટી' ગણાય તો નવાઈ નહિ.

વિજય પંડ્યા

પરી

મૂળ લેખક-રવીન્દ્રનાથ ઠાકુર



કુમુદ કહે, 'કુપનની કાઢેલી તો તમે કેટલી યે વાર્તાઓ કરો છો, પણ એક સાચી વાર્તા કરો ને !'

'જગતમાં બે જાતની કથાઓ છે: એક સત્ય ને બીજી અતિસત્ય. મારો ધંધો અતિસત્યનો છે.' મેં કહી દીધું

'દાદાજી, બધાય કહે છે કે તમારી વાતો બરાબર સમજાતી નથી, ગળે ઊતરતી નથી.'

'એ સાચી વાત છે. પણ એમને ન સમજાય એમા મારો શો વાંક? દોષ એમનો છે.'

'અતિસત્ય એટલે તમે શું કહેવા માગો છો એ મને પહેલાં કહો ને.'

'અચ્છા; દાખલા તરીકે, બધા જાણે છે કે તું કુમુદ છે. એ વાત સાવ સત્ય છે, અને હજારવાર એ સાબિત કરી દેવાય. પણ મેં શોધી કાઢ્યું છે કે તું પરીના દેશની પરી છે. એ વાતને હું અતિસત્ય કહું છું.'

કુમુદ ખુશ થઈ ગઇ. કહે, 'વાહ વાહ. એ તમને કેવી રીતે ખબર પડી?'

'પેલે દિવસે તારી પરીક્ષા હતી, ને તું પથારીમાં બેઠી બેઠી ભૂગોળ ગોખતી હતી. એમ કરતાં કરતાં તને ઝોકું આવી ગયું ને ઓશીકા પર માથું નાખીને તું ઊંઘી ગઈ. બારીમાથી તારા ચ્હેરા પર ને તારી આસમાની ઓઢણી પર ચાંદની રેલાતી હતી. ત્યાર પછી મને ચોકખું નજરે પડ્યું કે પરીઓના દેશના રાજાનો દૂત એક ભાગી છૂટેલી પરીની ભાળ શોધી કાઢવા આવ્યો હતો. એ મારી બારીની બરાબર નજીક આવ્યો ત્યારે એના સફેદ પોશાક હવામાં ફરફરતો હતો. તેણે તને નખશિખ નિહાળી, પણ તોયે એ નક્કી ન કરી શક્યો કે તું જ એ ભાગી છૂટેલી પરી કે કોઇ બીજી? એને લાગ્યું કે તું તો કદાચ આ જગતની જ પરી હોઈશ. અને જો એમ વાત હોય તો તો ધરતી માના ખોળામાંથી તને ઊંચકી જવી એ કોઈ આસાન કામ ન હતું. ખરીરીતે એ તો ઊલટું ભારે પડે. ધીમે-ધીમે ચંદ્ર ઊંચે ચડતો ગયો, ઓરડ માં અંધારૂં વધતું ચાલ્યું અને દૂત પણ માથું હલાવતો હલાવતો ઝાડની છાયામા થઇને અલોપ થઈ ગયો. તે દિવસે મને ખબર પડી કે તું તો પરીના દેશની પરી છે, ને માત્ર ધરતીના બંધનમાં જ જકડાઇ રહી છે'

'પણ ત્યાથી હું અહીં આવી કેમ કરીને?'

'એક દિવસ પારિજાતના વનમાં તું પતંગિયાની પાંખ પર બેસી સ્હેલ કરતી હતી. અચાનક તારી નજર ક્ષિતિજના ઘાટ પર પડેલી નાવ ઉપર પડી. એ નાવ સફેદવાદળાંની હતી, આગતેગ પવનમાં ડોલતી હતી. એક પલકારામાં તું એમાં ચડી બેઠી ને એ ચાલી. તું જ્યારે ધરતીને ઘાટ આવી ને લાંગરી ત્યારે તારી બાએ તને ઊંચકી લીધી !'

કુમુદ તો રાજીના રેડ થઈ તાળી પાડતી પાડતી પૂછવા લાગી, 'હેં દાદાજી! સાચ્ચે જ?'

'સાચ્ચે?' મેં કહ્યું 'કોણ કહે છે સાચ્ચે? હું શું સત્ય માટે પરવા કરૂં છું? હું તો કહું છું અતિસત્ય.'

કુમુદ કહે, 'અચ્છા ત્યારે; પણ હવે હું પરીના એ દેશમાં પાછી જઈ શકીશ?'

'કદાચ જાય પણ ખરી,—'તારાં સ્વપ્નોના શઢને જો પરીપ્રદેશની હવા લાગે તો'

'જો હવા લાગે તો મારે પછી કઈ બાજુ જવું? કયે રસ્તે? એ બહુ લાંબો રસ્તો હશે?'

'અરે તદ્દન ટૂંકે': છેક પાસે જ.'

'કેટલોક પાસે?'

'હું ને તું જેટલાં દૂર છીએ તેટલો. તારે એ પથારી પણ નહિ છોડવી પડે જો, હવે બીજીવાર ઓરડામાં ચાંદની આવે ત્યારે બહાર જોજે; તને બરાબર ખાતરી થઈ જશે. તું જોઈશ કે પેલી વાદળાંની નાવ ચાંદનામાં તરતી તરતી આવે છે. પણ તું આ દુનિયાની પરી બની ગઈ છે, એટલે તે નાવ તારા માટે ન કામ લાગે. હવે તો તારે રખડવા જવું હશે ત્યારે તારો દેહ અહીં મૂકી જવો પડશે, અને તારા મનને માત્ર તારા સંગાથી તરીકે લઈ જવું પડશે. તારી સત્ય જાત તારી પાછળ



અહીં ધરતી પર પડી રહેશે અને તારી અતિસત્ય જાત અહીંથી દૂર ઊડી જશે, જેને આ પણે કોઇ પકડી ન શકીએ.'

કુમુદ કહે, 'અચ્છા! હવે જ્યારે પૂનમની રાત આવે ત્યારે વાત હું આકાશ ભણી જોઇને જ બેસી રહીશ. તમે મારો હાથ પકડીને લઇ જશો ને, દાદાજી?'

'હું તો અહીં બેઠા બેઠા રસ્તો બતાવું.' મેં કહ્યું. 'મારાથી બીજું કે ન થાય; કારણ હું તો અતિસત્યનો સોદાગર છું.'

'દાદાજી! તે દહાડે તમે અતિસત્યની વાત કરતા હતા તે શું માત્ર પરીઓના દેશમાં જ હોય?'

'ના બેટા ના, આ દુનિયામાં યે ખૂબ છે. પણ તમારે એ જોવું જોઇએ. અને હા! જોવા માટે દૃષ્ટિ પણ જોઇએ.'

'ત્યારે તમે એ જોઈ શકો છો?'

'મારામાં એવી શક્તિ છે જેનાથી હું અચાનક અદૃષ્ટને પણ જોઈ શકું તું જ્યારે ભૂગોળ ગોખવા બેસે છે ત્યારે મને મારી વાત યાદ આવે છે કે હું કેમ ભૂગોળ ભણતો જ્યારે હું તમારી પેલી યાંગત્સે ક્યાંગ નદી વિષે વાંચતો, ત્યારે મારી આંખો સામે એક એવી ભૂગોળ ખૂલી જતી કે જે પરીક્ષા પસાર કરવાના ખપમાં ન આવે. અરે હજુ આજે પણ હું એ રેશમની ગાંસડીઓ લાદેલી ઊંટોની વણઝાર જોઈ શકું છું એમાંના એક ઊંટની પીઠ પર હું બેઠો હતો!'

'કેવી વાત કરો છો દાદાજી! મને ખબર છે કે તમે કોઈ દહાડો ઊંટ પર બેઠા નથી.'

'જો છોકરી! તું મને આટલા બધા સવાલ કરે છે તે ઠીક નહિ.'

'અચ્છા ત્યારે, આગળ કહો. પછી શું થયું? તમને એ ઊંટ ક્યાં મળ્યો?'

'વળી પાછો સવાલ? ઊંટ હોય કે ન હોય

હું તો સવારી કર્યા જ કરવાનો. મુસાફરી હોય કે ન હોય, મને રખડતો કોઇ અટકાવી શકે નહિ. એવો જ મારો સ્વભાવ છે.'

'હં, ત્યાર પછી શું થયું ?'

'તે પછી હું ઘણાં શહેરોમાં ગયો. —ફુ-ચુંગ, હાંચાઉ, ચુંગિકગ. કેટકેટલાંયે રાણો મેં રાત્રે તારાને આધારે વટાવ્યાં. કેક ગીચ ઝાડીઓ ને દ્રાક્ષના વેલાઓ વીંધી, ઊરખુસ પર્વતની ખીણોમાં થઈ, ચીનાર વૃક્ષોની છાયામાં થઇને હું આગળને આગળ ગયો. એમાં એકવાર તો રસ્તામાં એક સફેદ રીંછ મળેલું, ને તેના બેય આગલા પંજા ઊંચા થયા મારી સામે! આપણે તો માંડ છટકયા.'

'આટલી બધી મુસાફરી કરવાનો વખત તમને કયારે મળેલો ?'


'જ્યારે બીજા બધા છોકરાઓ વર્ગમાં પરીક્ષાના પ્રશ્નોના જવાબ લખતા હતા ત્યારે.'

'તો પછી તમે પાસ કેમ કરીને થયા ?'

'એ તો સાવ સીધીસાદી વાત છે. હું નાપાસ થયો !'

'અચ્છા, પછી શું થયું ?'

'તે પહેલાં મેં અરેબિયન નાઇટ્સમાં ચીનના રાજકુમારી વિષે વાંચેલું. બહુ સુંદર હતી એ. તને શું કહું, કુમુદ ! હું સાથેસાથ એ રાજકુંવરીને મળ્યો. એ ફૂચાઉ શહેરની નદીના ઘાટને પગથીએ બેઠી હતી. અને એ પગથી પણ આરસની, હો કે ! અને એ પગથી પર આસમાની ચંદરવો હતો. બંને બાજુએ ચંપાનાં બે ઝાડ હતાં. તેની બેય બાજુએ શ્વેત પત્થરના સિંહ રાખેલા. એક સોનાની ધૂપદાનીમાંથી ધૂપની કુંડળીઓ નીકળતી હતી. દાસીઓ ચમ્મર ને વીંઝણા ઢોળતી હતી. એક જાણી એના કેશ સમારતી હતી હું દૈવયોગે ત્યાં જઈ ચડ્યો. રાજકુમારી તના સફેદ દૂધ જેવા મોરને દાડમનાં બી ખવડાવતી હતી. તે તો ઝબકી ગઈ !



'તમે કોણ છો ?' બરાબર એ જ પળે મને થયું કે હું તો બંગદેશનો રાજકુમાર છું !'

'કેવી વાત કરો છો ? તમે ?...' કુમુદ બોલી.

'જો વળી તારા સવાલ ? હું કહું છું ને, કે હું તે દિવસે બંગદેશનો રાજકુમાર હતો. જો હું રાજકુમાર ન હોત તો તો કોણ જાણે મારા શા યે હાલ થાત. એટલે તો હું બચી ગયો. એમ હતું ત્યારે તો એણે મને સોનાના પાત્રમાં ચા ધરી. ચામાં કંઈક એવું નાખેલું કે કંઈ ગજબની ખુશબુ એમાંથી નીકળતી હતી.'

'અને તે પછી તમને તે પરણી ગઈ, કેમ?'

'જો ! એ તો બડી છુપી વાત છે. આજ સુધી તે કોઈ જાણતું નથી.'

કુમુદ તાળી પાડીને કહે, 'હાઃહ્-હા ! ત્યારે તો ચોક્કસ લગ્ન થયાં ! ને તે પણ કેવાં ભપકાબંધ !'

મને લાગ્યું કે અંતમાં લગ્ન નહિ થાય તો કુમુદ ખૂબ નિરાશ થઇ જશે. એટલે છેવટે પછી લગ્ન કરાવ્યાં. 'મને હાંચાઉનું અર્ધું રાજ્ય મળ્યું ને વધારામાં શ્રીમતી આંગ્યની દેવી મળ્યાં અને પછી......'

'ને પછી શું બન્યું ? મને લાગે છે, તમે પાછા ઊંટ પર બેસી ગયા, કેમ ?'

'ના, ના; પછી હું તારો દાદો બનીને અહીં કેમ આવ્યો તે મને ખબર નથી. પણ મને ખબર છે કે તે ઊંટ કયાંય જતો ન હતો. એક ફૂ-સુંગ નામનું પક્ષી મારા પર થઇને ગાતું ગાતું ઊડીને જતું હતું...'

'ફૂ-સુંગ પક્ષી ? એ વળી કયાં હોય છે ?

'કયાંય નથી હોતું. પણ એની પૂછડી આસમાની, એની પાંખો પીળી ને એની ડોક બદામી હોય છે. એવું એક મોટું ટોળું આવ્યું ને હાચાંગ ઝાડ પર બેઠું.'

'મેં તો કોઇ દહાડો એવા ઝાડનું નામ સાંભળ્યું નથી.'

'મેં પણ નથી સાંભળ્યું. પણ એ તો હમણાં તારી સાથે વાત કરતો હતો ત્યારે મારા મનમાં આવ્યું. એ મારી જ ભુલ હતી. મને વસ્તુઓ તૈયાર થઇને અગાઉથી મળતી નથી એ જ દુઃખ છે ને ! જેવી મારા મનમાં આવે છે કે તરત બહાર આવીને પડે છે. હાલમાં એ મારૂં ફૂસુંગ પંખી દરિયાની પેલે પાર ગયું છે. કેટલોયે વખત થયો મને એના કંઈ ખબર મળ્યા નથી.'

'હં; પણ પછી તમારા લગ્નનું શું થયું ? ને પેલી રાજકુંવરીનું શું ?

'જો, હવે એક અક્ષરે ય વધારે નહિ. હું કશાયનો જવાબ નહિ આપું. અને જોને તારો તો એ વખતે જન્મે ય નહિ, એટલે તારે કંઈ એવી અદેખાઈ કરવાનું પણ કાંઈ કારણ નથી રહેતું' —**વિનોદ કોઠારી**


(અંગ્રેજી 'વિશ્વભારતી'માંથી અનુવાદિત)

કસોટી

(૧) ટ્રેનમાં સફર કરતાં મને જણાયું કે, પાટાઓ વચ્ચેના સાંધા પર ડબાનાં પૈડાં ફરતાં અવાજના જેટલા થડકારા ૨૪½ સેકંડમાં થતા હતા તેટલી જ સંખ્યાના માઇલના વેગથી દર કલાકે ટ્રેન દોડતી હતી. તો એ પાટાના દરેક ટુકડાની લંબાઇ કેટલી હશે ?

(૨) મેં મારા મિત્રના જમણા હાથમાં એવી વસ્તુ મૂકી કે જે તેના ડાબા હાથ વડે પકડીને તે ઉપાડી જ ન શકયો. એ શું હશે ?

(૩) આ આકૃતિમાંના 'અ બ ક ડ' ચોકઠાની કઇ બાજુ લાંબી છે તે માપ્યા વિના કહી શકશો ?



(૪) જમણી બાજુ આપેલી રકમમાંથી નવ આંકડા એવી રીતે છેકી નાખો કે જેથી બાકી રહેતી રકમોનો સરવાળો ૧૧૧૧ થાય.

૧	૧	૧
૩	૩	૩
૫	૫	૫
૭	૭	૭
૯	૯	૯

(૫) એક છોકરાએ એક આનાનાં કેળાં લઈ, જેટલાં આવ્યાં તેનો ½ ભાગ ને ½ કેળું પોતાના ભાઇને આપતાં તેને ભાગે માત્ર એક જ કેળું બાકી રહ્યું. તો તેને એક આનામાં કેટલાં કેળાં આવ્યાં હશે ?

(૬) કનુ અને મનુ એવી રીતે ઊભા છે કે એકનું મોં ઉત્તર તરફ, ને બીજાનું દક્ષિણ તરફ હવે એવો કોઈ માર્ગ છે ખરો, કે તેઓ જરા પણ ફર્યા વિના કે લેશમાત્ર હલ્યાચલ્યા વિના એકબીજાનાં મોં સામે જોઇ શકે ? ખ્યાલમાં રાખવું કે આજુબાજુ કયાંય અરીસા કે પાણીની સપાટી પણ નથી કે જેથી પ્રતિબિંબની મદદ લઇ શકાય.

ઉત્તરો: (૧) ૧૨ યાર્ડ; (૨) તેના ડાબા હાથની કોણી; (૩) બધી બાજુઓ સરખી છે, પણ ત્રાંસી લીટીઓથી ઉપજતા દૃષ્ટિભ્રમથી 'બ ક' લીટી લાંબી જણાય છે. (૪) પહેલો એકડો, છેલ્લો તગડો, ત્રણે પાંચડા, છેલ્લો સાતડો ને ત્રણે નવડા છેકી નાખો. (૫) બે કેળાં; (૬) સ્પષ્ટ છે; પ્રશ્ન જરા ધીરજથી વાંચશો તો સમજાશે કે તેઓ એકબીજાનાં મોં સામે જોઇને જ ઊભા છે.

અખિલ હિંદ ઑલિમ્પિક હરીફાઇ

હિંદમાં દર બબ્બે વરસે યોજાતી આ હરીફાઈનું બારમું અધિવેશન આ વેળા બૅંગલોરમાં ખાતે તા. ૬-૭-૮ ફેબ્રુઆરીએ ખાસ ઊભા કરેલા 'ઑલિમ્પિક' નગરમાં રાખવામાં આવેલું અને પછીના બે દિવસે (તા. ૯-૧૦) લંકા અને હિંદ વચ્ચેની હરીફાઈ રાખી હતી.

૧૫૦૦ વર્ષ પૂર્વે ગ્રીસ દેશના ઑલિમ્પિક ગામમાં થતી રમતોના સ્મરણમાં ઈ. ૧૮૯૨માં બૅરન પીઅરી ડી કોબર્ટિને (Pierie De Coubertin) યુરોપમાં આ રમતો ફરી શરૂ કરવાનો પ્રયત્ન કર્યો અને ઈ. ૧૮૯૬માં પહેલવહેલી ગ્રીસના પાટનગર ઍથેન્સમાં આંતરરાષ્ટ્રીય રચના ઉપર આ રમતો રાખવામાં આવી. ત્યાર પછી દર ચાર વર્ષે દુનિયાભરમાં જુદાં જુદા દેશોમાં તે રખાતી આવી છે. ઈ. ૧૯૪૦ની રમતો જાપાનમાં ટોકિયો ખાતે રાખવાની હતી, પણ લડાઇને લીધે બંધ રહેલી. યુદ્ધનું ઝેરમય વાતાવરણ દૂર થતાં વિશ્વબંધુત્વ અને એખલાસ વધારતી આ રમતો ફરી પાછી શરૂ થવાની. ૧૯૪૮ ની અખિલ જગત ઑલિમ્પિક રમતો લંડન ખાતે રખાવાની વકી છે. હિંદમાં પણ એ જ ધોરણ ઉપર દર બબ્બે વરસે એવી હરીફાઇઓ હિંદના પ્રાંતો વચ્ચે યોજવામાં આવે છે.

સમસ્ત હિંદને હિસાબે ગુજરાત ઘણું પાછળ રહ્યું છે; અને હિંદનું સ્થાન પણ દુનિયામાં (એકાદ રમત બાદ કરતાં) એટલું જ નીચું છે.

નીચેના કોઠામાં મુંબાઈ, હિંદ અને જગતની કેટલીક રમતના રેકોર્ડ (આંક) આપ્યા છે તે આપણી આંખ ઉઘાડનારા બનશે.

રમત	મુંબાઈ	હિંદુસ્તાન	જગત
૧૦૦ મીટર દોડ	૧૧.૨ સેકંડ	૧૦.૬ સેકંડ	૧૦.૨ સેકંડ
૮૦૦ ,, ,,	૨ મિ. ૪૪ સે.	૧ મિ. ૫૬.૮ સે.	૧ મિ. ૪૬.૬ સે.
૧૫૦૦ ,, ,,	૪ મિ. ૨૦ ૭ સે.	૪ મિ. ૪.૨ સે	૩ મિ. ૪૫ ૮ સે.
૧૦,૦૦૦ ,, ,,	૩૫ મિ. ૪૪.૦ સે.	૩૨ મિ. ૨.૬ સે.	૨૯ મિ ૫૨.૬ સે.
૫.૦૦૦ ,, ચાલ	...	૫૩.૧૫ મિ ૮.૪ સે.	૪૩.૩૦ મિ ૩૧ સે.
અંગદ કુદકો	૫ ફૂ; ૮$\frac{1}{2}$ ઈ.	૬ ફૂ. ૨$\frac{1}{2}$ ઇ.	૬ ફૂ ૧૧ ઈ.
હનુમાન કુદકો	૨૦ ફૂ. ૬$\frac{3}{4}$ ઈ.	૨૨ ફૂ. ૧૦$\frac{1}{2}$ ઈ.	૨૬ ફૂ. ૮$\frac{1}{4}$ ઇ.
ગોળો ફેંકવો	૩૫ ફૂ. ૩ ઇ.	૪૬ ફૂ. $\frac{1}{2}$ ઈ.	૫૭ ફૂ. ૧ ઈ.

(૧૦૦૦ મીટર=$\frac{5}{8}$ માઈલનું માપ સમજવું)

આ વખતે બૅંગલોરમાં ખાસ ઑલિમ્પિક ગામ ઊભું કરવામાં આવ્યું હતું. તેની રચના તથા વીજળી પાણી વગેરેની વ્યવસ્થા ને આરામવિનોદનાં અનેક સાધનો વગેરે બધું જ ઉત્તમ હતું. અને રમતો (દોડ સાઇકલશરત વગેરે) માટેનું સ્ટેડિયમ તો હિંદમાં અત્યાર સુધી બાંધવામાં આવેલાં સ્ટેડિયમોમાં શ્રેષ્ઠ ગણાયું હતું. દરરોજ લગભગ ૩૦,૦૦૦ પ્રેક્ષકોની સંખ્યા થતી હતી.

આ વર્ષની રમતોમાં પહેલું પતિયાળા, બીજું મુંબાઈ અને ત્રીજું

હૂપાહૂપ (ચકોરની ચિત્રકથા)–૭ દુષ્કાળ! દુષ્કાળ!

(જેમાં હૂપાહૂપ 'આવ બલા, પકડ ગલા'ની જેમ હાંફળોફાંફળો બની આવતી આફતને વહેલી નોતરે છે.) જેમ યુદ્ધમાં કટોકટીની વેળાએ ગભરાવાથી પરાજય આવે છે, તેમ આફત જોઇને બેબાકળા બની જવાથી આફત વહેલી ઊતરી આવે છે. —ગાંધીજી



આકાશ ઉઘાડું છે — પહાડ નાગા છે — પૃથ્વી ભૂખી છે



નદી તરસી છે — બળવાનો બાપડા બન્યા છે — ...ને...ને ગરીબો તો ભુલાયેલા છે જ.

પંજાબ આવ્યું. વડોદરા ને વિહાર ઓરીસાને તો શૂન્ય ગુણ ગળ્યા. સ્ત્રીઓના વિભાગમાં પહેલું મહૈસુર અને બીજું મુંબાઈ આવ્યું.

દુનિયાના કેટલાક રેકોર્ડ (આંક) આ વખતે હિંદે અહીં તોડયા. એમાં પતિયાળાના સાધુસીંગ ૫૦૦૦ મીટર ચાલ ૨૬ મિનિટ ને ૧૩ સેકંડમાં પૂરી કરી. સ્ત્રીઓમાં મુંબાઇનાં મી. ગઝદરે ૬૦ મીટર દોડ ૬ પ સેકન્ડમાં પૂરી કરીને પહેલાંનો ૬.૬ સેકંડનો રેકોર્ડ તોડયો.

વજન ઊંચકવામાં મદ્રાસના ડી. પી. મનીએ ત્રણ જુદીજુદી રીતે ૫૭૬ પાઉંડ ઉચકીને. ત્રણે રીતમાં પહેલાંના રેકોર્ડ તોડયા.

લંકા-હિંદની હરીફાઈમાં હિંદ જીત્યું. એમાં લંકાના શ્રી કોટોએ ૧૦૦ મીટર ૧૦.૫ સેકંડમાં દોડીને હિંદ-લંકાનો રેકોર્ડ તોડયો.

થોડાક અપવાદ બાદ કરતાં, ઘણી રમતોના રેકોર્ડ પહેલાં કરતાં ઘણા ઓછા હતા. આશા છે કે ૧૯૪૭ માં યુ. પી. (યુક્તપ્રાંતો)માં થનાર રમતોમાં આના કરતાં સારો દેખાવ થશે. પ્રજાકીય સત્તા આવ્યા પછી આવી રમતો માટે વિદ્યાપીઠો અને નિશાળો ઉપરાંત સુધરાઇ તરફથી સામાન્ય જનતા માટે પણ રમતગમતોની સગવડ કરી તેમને યોગ્ય શિક્ષણ આપવાની વ્યવસ્થા થવી જોઇએ. મૉસ્કોની ડાયનેમો' ફૂટબૉલ મેળવેલી ઈંગ્લંડની પ્રખ્યાત ટીમો સામેની ફતેહ જોયા પછી સૌને સ્પષ્ટ જણાયું છે કે યોગ્ય કેળવણી આપવામાં આવે તો કોઈ પણ પ્રજા આવી જાતના પ્રયોગોમાં યોગ્ય હિસ્સો આપી શકે.

આશ્વન ત્રિવેદી

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ


પહેલું ઈનામ મોકૂફ; બીજું ઇનામ : નીચે (૧) 'કંટાળાભરેલી મુસ ફરી'–રજનીકાન્ત પટેલ, આણંદ; ત્રીજું ઇનામ: (૨) 'ઘર ભણી' –હીરાલાલ ભટ્ટ, અમદાવાદ. નોંધપાત્ર (૩) 'બ ઓ'–એલ. એમ. પોમલ, ભૂજ કચ્છ; (૪) 'નખીનું સૌન્દર્ય'–ગોવિંદ મેવાડા, ઊંઝા.

આ વખતનાં ચિત્રો સંખ્યા, વિષયની વિવિધતા અને ગુણદૃષ્ટિએ ઠીક ધ્યાન ખેંચે એવાં છે. ઘણાંખરાં તો યોગ્ય ટ્રિમિંગના અભાવે પાછાં પડે છે. ચિત્ર લેતી વખતે સામાન્ય નજરે નહિ પડતી એવી અનેક અડચણકારક વસ્તુઓ અંદર આવી જાય છે. એવી છાપોમાંથી મુખ્ય વિષયને કેન્દ્રિત કરી, બીનઉપયોગી ભાગો કાઢી નાખવાથી ચિત્રમાં ઉઠાવ ને ઓપ આવે છે. આ પ્રકારનું ટ્રિમિંગ કરવાની દૃષ્ટિ એ ફોટોકલાનું અગત્યનું અંગ છે. શ્રેષ્ઠ ચિત્રોનો સતત અભ્યાસ કરતા રહેવાથી અને ચિત્રસંયોજનની દૃષ્ટિ કેળવવાથી તે આવી જાય છે પોતાના ચિત્રની છાપ સંમુખ રાખી તેમાં કયા ભાગ મુખ્ય વિષયને બળ આપનારા ને કયા ભાગ નકામા છે તેનો વિચાર કરતા થવું.

બીજું ઇનામ જીતનાર ભાઈ રજનીકાન્તની 'કંટાળાભરેલી મુસાફરી'નો વિષય નવો છે. બપોરના તડકામાં રેતીના દડમાં સાઈકલને ઘસડી જતા, તાપ અને થાકથી શ્રમિત સાઈકલિસ્ટનો કંટાળો તેના ચહેરા અને ચાલમાં સ્પષ્ટ છે. સ્થળ ને છાયાપ્રકાશ પણ ઉચિત છે. મથાળેથી લગભગ એક ઇંચ ને જમણી બાજુથી અરધો ઇંચ અમે 'ટ્રિમ' કરવાથી ચિત્રે ઉઠાવ પકડયો છે. ત્રીજું ઈનામ જીતનાર ભાઇ હીરાલાલ ભટ્ટનું 'ઘર ભણી' નમતા પહોરે ને સામા પ્રકાશે લેવાએલું બકરાં-ઘેટાંના ટોળાંને દોરી જતા રબારીનું સુંદર દશ્ય છે. તેને નીચેથી ા ઇંચ અને ઉપરથી લગભગ ાા ઇંચ વેતરી નાખવાની જરૂર છે. છાપની ટેકનીક બરોબર છે, પણ ફોકસિંગ જરા ખામીવાળું જણાય છે. ભાઈ એલ. એમ. પોમલનો 'બાબો' બાળકની તસ્વીરનો અચ્છો નમૂનો છે ભાઈ ગોવિંદ ઓઝાના 'નખીના સૌન્દર્ય' નો દૃષ્ટિકોણ સરસ છે, પણ ઉપરનું તદ્દન ઉઘાડું આકાશ જરા ખૂંચે છે. વાદળાં હોય ત્યારે ફરીને પાડવા જેવું દશ્ય છે.

શ્રીદામ ભટ્ટ







પરદેશના પત્રમિત્રો

Our Friends Abroad

આ પત્ર મેળવનાર:બચુ કાપડીયા,હલદિયાશેરી,સગરામપુરા,સુરત

Seota Palmer, 1630 Hague Avenue
St. Paul, 4 Minnesota (U. S. A)
ડિસેમ્બર ૧૨, ૧૯૪૫

પ્રિય શ્રી કાપડિયા,

તમારૂં સરનામું આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી મંડળ (ઇન્ટરનૅશનલ સ્ટુડન્ટ્સ સોસાએટી) દ્વારા મળ્યું છે અને આશા છે કે આ પત્ર આપણો પરિચય સાધશે.

૧૯૪૨માં મારો ભાઇ હિંદમાં નીમાયો ત્યારથી હિંદ વિષે મને ખાસ આકર્ષણ થયું. ડગ (ડગલસ) પહેલો કરાંચીથી આગ્રા ગયો અને કેટલાક માસ બાદ તેને દિલ્હી મોકલવામાં આવ્યો. તે હવાઈ દળમાં મેજરને હોદ્દે છે, અને ૧૯૪૫ની ૩૦મી નવેમ્બરે અમે બે વરસ બાદ પહેલાં મળ્યાં. તેનું ગૃહાગમન એ અદ્‌ભુત પ્રસંગ હતો. દરિયાપારની તેની કામગીરીનું છેલ્લું વરસ ચીનમાં કુંમિંગ મુકામે વીતેલું. પણ મેં તેને વિષે બહુ લખી દીધું; હવે આપણો પરિચય સાધીએ.

આપણા પરસ્પરના રસના વિષયોની વાત કરતાં પહેલાં હું મારૂં વર્ણન આપી દઉં. મારી ઊંચાઈ ૫ ફૂટ ૩॥ ઇંચ, વજન ૧૧૫ રતલ, વાળ કાળા, આંખો તપખીરિયા અને વર્ણ ખુલતો છે. વતનિયત–(જાત) વિષે તો–હું માનું છું કે હું શુદ્ધ અમેરિકન અથવા 'યૅન્કી'જ છું; જોકે બે પેઢી પર મારાં મા અને બાપ બંનેનાં કુટુંબો આયર્લૅંડથી અહીં આવેલાં: મારી માનું કુટુંબ દક્ષિણ આયર્લૅંડથી ને મારા પિતાનું ઉત્તર આયર્લૅંડથી; જ્યાં અમેને જામ્યા. અને મારૂં નામ (પામર) અંગ્રેજી હોવાનું પણ એ જ કારણ. મારી ઉંમર ૨૩ની છે અને બે વરસથી નિશાળમાં શીખવું છું. ૧૯૪૪માં મીનેસોટા પરગણાના સેઈન્ટપૉલ ગામની સેઇન્ટ કૅથેરાઈન કૉલેજમાંથી હું ગ્રૅજ્યુએટ થઈ શાળામાં હું અંગ્રેજી ને વક્તૃત્વ શીખવું છું. અંગ્રેજી વ્યાકરણશુદ્ધ ભાષા અને અમેરિકા સુધ્ધાં બધા દેશોનાં સાહિત્યનો પરિચય; અને વક્તૃત્વ પ્રેક્ષકવર્ગ સમક્ષ પોતાના વિચારો મોઢેથી તેમજ લખીને વ્યક્ત કરવાની કલાશીખવવાની હોય છે.

મારૂં ઘર તો સેઈન્ટ પૉલ શહેરમાં છે, પણ શિક્ષણકાર્યમાં પડનારે મોટા શહેરની શાળામાં સ્થાન પામતાં પહેલાં શરૂઆત તો નાના ગામથી જ કરીને અનુભવ મેળવવો જોઇએ. હું શીખવું છું એ ગામ ઈડન વૅલી સેઈન્ટ પૉલની વાયવ્યે આવેલું છે. જો કે નામ પ્રમાણે એ ગામના દીદાર લોકકથિત ઇડનના ઉદ્યાનને મળતાં લેશમાત્ર નથી.

આ અઠવાડિયે તો અહીંનો પ્રદેશ કોઈ દૂરસુકામી ઉજ્જડ સાઈબીરિયન થાણાનું સ્મરણ કરાવી દે. ગયા સપ્તાહાંતમાં અહીં દસેક ઇંચ બરફ પડયો,–એવો કે આખું ગામ જાણે દટાઈ જ ગયું. જો એજ રીતે આખું અઠવાડિયું પડયો હોત તો અમારી શાળા જ ચાલી શકી ન હોત, કેમકે મોટા ભાગનાં વિદ્યાર્થીઓ નજીકનાં ગામડાં ને ખેતરોમાંથી બસમાં આવે છે. એટલે બસો તો ચાલી જ શકી ન હોત.

દર શુક્રવારે રાત્રે હું સેઇન્ટ પૉલ જઇને સપ્તાહાંત (શનિ–રવિ) મારી મા સાથે ગાળું છું ને રવિ રાત્રે પાછી ઇડનવૅલી આવી જાઉં છું.

તમે નિશાળે જાઓ છો કે કોઈ કામ પર? તમારી ઉંમર કેટલી છે અને તમારા રસના વિષયો કયા? કદાચ અમેરિકાની કોઈ ખાસ વસ્તુઓમાં તમને રસ હોય અને તે વિષે વધુ જાણવા ચાહતા હો તો તમારા કોઈપણ પ્રશ્નના ઉત્તર આપતાં મને સુખ થશે. અથવા તમને ગમતી, કોઈ સ્ટૅમ્પ, કાર્ડ કે એવી વસ્તુઓ મોકલું.

મારો મુખ્ય રસ તો, હું શિક્ષિકા હોવાથી, સ્વાભાવિક રીતે સાહિત્યનો જ છે, અને મને મળતી એકેએક તક હું વાચનમાં જ ગાળું છું.

મને બધા જ પ્રકારના સંગીતમાં રસ છે, અને મિનીઆપૉલિસ શહેરના શુક્રવાર રાતના બધા સંગીત કાર્યક્રમોમાં જવા પ્રયત્ન કરૂં છું. (મિનીઆપૉલિસ ને સેઇન્ટ પૉલ શહેરનો જાણીતો ભાગ છે. બંને શહેર એકમેકમાં એવાં તો સમરસ થઇને ભળી ગયાં છે કે ક્યાં એક પૂરૂં થયું ને બીજું શરૂ થયું એની હદ જ પારખી શકાતી નથી.) આ શુક્રવાર રાત્રે હું બાલે રૂસે–Ballet Russe–(બાલે નૃત્ય) જોવા જવાની છું. તેની સાથે પણ તેનું સહસંગીત હશે ખાસ કયો સંગીતશાસ્ત્રી મને ગમે તે તો હું ન કહી શકું, પણ મારા નિકટતમ માનીતા તરીકે ટ્સ્યાકોવસ્કી કે બીથોવન આવે. એ શુદ્ધ શાસ્ત્રીય સંગીત જેટલું જ આધુનિક ઢીંચનું સંગીત પણ મને ગમે છે. નૃત્ય પણ મને ગમે છે અને અમારૂં લાક્ષણિક અમેરિકન 'જિટરબર્ગ' નૃત્ય પણ હું કરૂં છું, પરંતુ ચાલુ નૃત્ય જેટલું નહિ એ 'જિટરબર્ગ' જો આખો વખત કર્યું હોય તો તો થાકીને લોથ થઇ જવાય.

કલાનો મને ઘણો જ શોખ છે, અને ઈચ્છું છું કે એનો હજી વધુ આસ્વાદ લેવા માટે તે માટેનું વિશેષ જ્ઞાન અને રસ કેળવાય.

આશા રાખું છું કે તમે તરત ઉત્તર લખશો કેમકે તમારા પત્ર દ્વારા તમારો પરિચય પામતાં મને આનંદ થશે.

હૃદયપૂર્વક,
સીઓટા પામર

નવાં પત્રમિત્રો

નીચેના પત્રમિત્રો ને ઇંગ્લંડ-અમેરિકા વગેરે પરદેશના તેમજ કેટલાકોને બંગાળી, પંજાબી, મદ્રાસી, એમ આંતર પ્રાંતીય પત્રમિત્રોનાં સરનામાં જોઇએ છે. જેમની પાસે હોય તેઓ તેમને મોકલે.

(૧) બાબુલાલ અ. વ્હોરા, ૧૬ જૈન સોસાઇટી, એલિસબ્રિજ અમદાવાદ; (૨) અજીતકુમાર ભોગીલાલ ઠાકર, C/o ભોગીલાલ ઠાકર, સરકારી ફાર્મ, સુરત; (૩) અચ્યુત છાયા, C/o ડૉ. જે. સી. છાયા, કરુણા નિવાસ, સ્ટેશન રોડ સાન્ટાક્રુઝ, મુંબાઈ; (૪) ચંદુલાલ મૂળજી ચાવડા, A. I. S. A ખાદી વિદ્યાલય, સેવાગ્રામ, વર્ધા, સી. પી; (૫) મનુ રતિલાલ શ્રૉફ, C/o રતિલાલ શ્રૉફ, કોટ બારણા, જંબુસર; (૬) કુ. સરલા સી. શાહ, C/o રમણિકદાસ દુર્ગાપ્રસાદ, નેપીઅર રોડ, કરાંચી; (૭) રા. માલવિયા, હરજી પુંજા ટ્રસ્ટ બિલ્ડિંગ, બીજે માળે, રામસ્વામી ક્વાર્ટર, કરાંચી -૩; (૮) હસમુખલાલ વ્રજલાલ શાહ, C/o સિવિલજજ, જંબુસર જિ. ભરૂચ; (૯) ધીરૂભાઈ ડી. શાહ, મોરબી આયર્ન ટ્રેડર્સ, મોરબી, કાઠિયાવાડ; (૧૦) સન્મુખ શાહ, C/o કેશવલાલ મગનલાલ શાહ, શ્રૉફ ફળિયા, નવાપુર (ટી વી. રેલવે); (૧૧) ડાહ્યાભાઈ મોહનલાલ શાહ લાકડાવાડા, સાંકડી શેરી, વડોદરા; (૧૨) મુરારજી પાં ટાંક, C/o કમળાશંકર પંડિત, શિશુ ભારતી, તારકેશ્વર, વડોદરા; (૧૩) પ્રભાશંકર ગોવિંદજી ભટ્ટ, કાકાડેલી મુદ્રા–કચ્છ; (૧૪) ઈમદાદહુસેન સૈયદ હુસેન સૈયદ, સૈયદવાડા, વિજાપુર–ઉ. ગુ; (૧૫) કાન્તિલાલ ચી. કુવાડિયા, ગંગાઍન્શન, રણછોડલાઇન, એસઇલ રોડ, કરાચી; (૧૬) દશરથ એમ. પંડયા, ટાવર પાસે, વઢવાણ કૅમ્પ; (૧૭) સાદિક નૂરાની, સુલતાન કૉટેજ, દેવજીભાઇની વાડી, ભાવનગર; (૧૮) જનકરાય સી આસર, પો. બૉ. ૧૧૪, દારેસ્સલામ-ઇસ્ટ આફ્રિકા; (૧૯) દીદારઅલી આર. બાહુ, પો. બૉ. ૬૧૯, કમ્પાલા–યુગાન્ડા; (૨૦) મિસ રોશન હુસેન મેરાલી, પો. બૉ. ૨૨૦ મૉમ્બાસા–બ્રિ. ઇ. આફ્રિકા; (૨૧) દેલી જી. લધા, પો. બૉ. ૧૬, મૉમ્બાસા–બ્રિ. ઈ. આફ્રિકા; (૨૨) મદદ લધા તેલાણી, સરનામું ઉપર મુજબ.

પિંગળ-પરિચય

કવિતા-રચનાના શાસ્ત્રની સમજણ

[આજે યુવાન વર્ગમાં કવિતારચનાનો શોખ અગાઉ કરતાં ઘણા બહોળા પ્રમાણમાં જણાય છે, પરંતુ તેના શાસ્ત્રીય જ્ઞાનને અભાવે ઘણાને મૂંઝાતા જણ્યા છે. 'દલપત-પિંગળ', 'રણપિંગળ'ના મહાગ્રંથો કે 'નર્મકવિતા'માંનો 'પિંગળ પ્રવેશ', શિખતા શીખનારાઓ માટે જોઇએ તેટલા વિશદ જણાયા નથી, બૃહદ્ વ્યાકરણ વગેરેને છેડે અપાએલાં છંદરચનાનાં પ્રકરણો સંપૂર્ણ નથી. આ સંજોગોમાં શ્રી કેશવરામ શાસ્ત્રીના આગામી પાઠ્ય પુસ્તકમાંનું આ પ્રકરણ આગોતરૂં પ્રકટ કરવાની તક અમે સાભાર લીધી છે.

અને આ દિશામાં થએલાં પ્રકાશનોમાં વિશદતાની દૃષ્ટિએ જે ખાસ નિર્દેશ માગે છે તે, શ્રી ડોલરરાય માંકડ કૃત લગભગ અપ્રાપ્ય પુસ્તિકા 'પિંગળ પ્રવેશિકા'માંનો શરૂનો ભાગ સવિશેષ સહાયરૂપ થઈ પડે એવો જણાયાથી તે આ અંકની મધુકરીમાં ઉતાર્યો છે. આ લેખ શરૂ કરતાં અગાઉ તે પહેલો વાંચી જવાની અમારી ભલામણ છે.]

—લેખક · કેશવરામ કા. શાસ્ત્રી—

કવિ દલપતરામે કહ્યું છે કે

પિંગળ–પાઠ પઢ્યા વિના
કાવ્ય કરે કવિ કોઈ,
વળી વ્યાકરણ વિના વદે:
વાણી વિમળ ન હોય.

વાણીને વિમળ=શુદ્ધ કરવાને માટે જેમ વ્યાકરણનો અભ્યાસ જરૂરી છે તેમ પ્રમાણે કવિતા-રચના માટે પિંગળનું જ્ઞાન અનિવાર્ય છે.

પિંગળ એટલે જેમાં છંદોનાં લક્ષણો સમજાવવામાં આવે છે તે શાસ્ત્ર. એમ કહેવાય છે કે પિંગલાચાર્ય નામના એક પ્રાચીન વિદ્વાન થઇ ગયા. તેમણે લોકમાં પ્રચારમાં આવેલા છંદોનું તે કાળે માપ નક્કી કરી આપ્યું અને ત્યારથી છંદઃશાસ્ત્ર ચોક્કસ થયું. એમના નામ ઉપરથી પછી છંદઃશાસ્ત્રને જ 'પિંગળ'નું નામ મળ્યું છે છંદઃ-શાસ્ત્રનો વિકાસ તે પછીથી તો ખૂબ જ થયો છે.

અક્ષરોના ઉચ્ચાર પ્રમાણેના માપ ઉપરથી ચોક્કસ સંખ્યામાં જુદાજુદા છંદો પ્રચારમાં આવ્યા છે. સંસ્કૃત છંદઃશાસ્ત્રમાં ૧ થી ૨૬ અક્ષરોનાં માપ સુધીના છંદો વિષે માહિતી મળે છે પ્રાથમિક જ્ઞાન લેવા ઇચ્છનારે કાંઇ એટલા ઊંડા જવાની જરૂર નથી. એમને તો માત્ર ચાલુ પરિચયમાં આવતા છંદો વિષેની જ માહિતી જરૂરી છે.

આપણે ત્યાં વપરાતા છંદોના મુખ્ય બે પ્રકાર છેઃ અક્ષરમેળ અને માત્રામેળ. અક્ષરમેળ છંદને 'વૃત્ત' કહે છે; માત્રામેળને 'જાતિ' કહે છે.

અક્ષરોનાં માપ

અક્ષરોના ઉચ્ચાર પ્રમાણે તેના બે ભાગ કરવામાં આવ્યા છે. જે અક્ષર કોઈ હ્રસ્વ સ્વર સાથે ભળ્યો હોય તે 'લઘુ', ને દીર્ઘ સ્વરથી યુક્ત હોય તે 'ગુરુ' કહેવાય છે. જેમકે 'નમન', 'સુરભિ', એમાં ત્રણે અક્ષર લઘુ છે, અને 'મામાંસા' એમાં ત્રણે ગુરુ છે.

જોડાક્ષર કે અનુસ્વારની પહેલાંનો હ્રસ્વ સ્વર તેની સાથે થડકાય તો તેવા હ્રસ્વ સ્વરને પણ 'ગુરુ' ગણવામાં આવે છે. જેમકે 'શક્તિ', 'કંપ': એમાં 'શ' અને 'ક' પોતે લઘુ હોવા છતાં થડકાઇને ગુરુ બને છે: શક્+તિ. કમ્+પ.

હ્રસ્વને માટે 'લઘુ'='લ'સંજ્ઞા ને દીર્ઘને માટે 'ગુરુ'='ગા' સંજ્ઞા રાખેલી છે. લઘુની નિશાની ⏑ અને ગુરુની નિશાની – છે.

આ લઘુ ગુરુનાં ચોક્કસ માપ પ્રમાણે જ્યારે છંદની પ્રત્યેક લીટીમાં અમુક અક્ષરો ગોઠવાઈ આવે ત્યારે એક માપ તૈયાર થાય. આની એક લીટીને 'ચરણ' કહે છે.

ગણમેળ

થોડા અક્ષરોનાં ટૂંકાં ચરણ હોય તો તો આપણે લઘુ-ગુરુનાં સ્થાન સરળતાથી જોઇ-જાણી શકીએ, પણ વધુ અક્ષરોનાં ચરણ જોવા-જાણવાની તો મુશ્કેલી પડે. તે માટે છંદઃશાસ્ત્રમાં આ લઘુ ને ગુરુ અક્ષરોને ત્રણત્રણના જૂથમાં આઠ રીતે ગોઠવ્યા છે. તે આઠ 'ગણ' કહેવાય છે. આ નીચે તે ગણનાં નામ ને રચના ડાબી બાજુ આપ્યાં છે; અને જમણી બાજુ, તેને સરળતાથી યાદ રાખવા માટે ઉદાહરણ સાથે રચેલી કવિતા આપી છે:

મ ગણ	ગા ગા ગા :	'મામાંસા' તો મગણ,
ય ગણ	લ ગા ગા :	'યશોદા' યગણ પ્રમાણો;
ર ગણ	ગા લ ગા :	લહો 'રામજી' રગણ,
સ ગણ	લ લ ગા :	સગણ 'સરિતા'ને જાણો;
ત ગણ	ગા ગા લ :	'તોખાર' લહો તગણ,
જ ગણ	લ ગા લ :	જગણમાં 'જકાત' માનો;
ભ ગણ	ગા લ લ :	ભગણે 'ભારત' લહો;
ન ગણ	લ લ લ :	નગન 'નગણે' જ પ્રમાણો.

દરેક ગણની સામે આમ તેના લઘુગુરુ ને પછી દાખલા આપ્યા છે.

પ્રત્યેક છંદનાં લક્ષણ આપવામાં ત્રણત્રણ અક્ષરના આ 'ગણ' અને વધારાના અક્ષરોના 'લ' 'ગા'નો ઉપયોગ કરવામાં આવે છે.

બીજી પરિભાષા

આ ઉપરાંત બીજી કેટલીક પરિભાષા પણ જાણવી જરૂરી છે.

ચરણ કે પાદઃ પ્રત્યેક છંદનું જે માપ તે ચરણ કે પાદ કહેવાય છે.

કડી કે શ્લોકઃ સામાન્ય રીતે ચાર ચરણની એક કડી થાય. તેને સંસ્કૃતમાં શ્લોક કહેવામાં આવે છે.

યતિઃ શ્લોકની બધી લીટીઓ કાંઇ એકીસાથે ગાઈ શકાતી નથી; પરંતુ દરેક ચરણને અંતે તેમજ ચરણમાં વચ્ચેના ભાગમાં અમુક અમુક સ્થળે થોડો વિરામ લેવામાં આવે છે. તેને 'યતિ' કહે છે. જેમકે મંદાક્રાંતા છંદમાં

ગાગાગાગા   લલલલલલગા   ગાલગાગાલગાગા

એમ ત્રણ કટકાની વચ્ચે બે યતિ આવે છે.

સમઃ દરેક કડીની બેકી પંક્તિને સમ ચરણ કહેવામાં આવે છે.

વિષમઃ દરેક કડીની એકી પંક્તિને વિષમ કહેવામાં આવે છે.

સમછંદઃ જેમાં ચારે ચરણ સરખાં હોય તેને સમ છંદ કહે છે.

અર્ધસમ છંદઃ જે છંદમાં વિષમ એટલે એકી ચરણ સરખાં હોય, અને તેથી જુદા માપનાં સમ એટલે બેકી ચરણ સરખાં હોય તેવા છંદને અર્ધસમછંદ કહે છે.

વિષમ છંદઃ જેમાં ચારે ચરણ જુદાં હોય તેને વિષમ છંદ કહે છે.

અંકોની પરિભાષાઃ દરેક ચરણમાં યતિ કેટલામે અક્ષરે પડે છે તે બતાવવા માટે છંદનાં શાસ્ત્રીય લક્ષણો વર્ણવતાં તેમાં અંકવાચક શબ્દો વાપરવામાં આવે છે. જેવા કે

૧ માટે ચંદ્ર, પૃથ્વી, નાક, આત્મા;
૨ માટે નેત્ર, કર્ણ, કર, યુગ્મ, શૃંગ, પક્ષ;
૩ માટે લોક, અગ્નિ, ગુણ, નાડી, રામ, કાળ;
૪ માટે વેદ, વર્ણ, યુગ, મુક્તિ આશ્રમ, સેના;

૫ માટે પાંડવ, ઇંદ્રિય, દેશ, બાણ, ભૂત, યક્ષ:

૬ માટે રસ, ઋતુ, દર્શન, શાસ્ત્ર, ચક્ર, રાગ, વેદાંગ;

૭ માટે મુનિ-ઋષિ, હય-અશ્વ, સમુદ્ર, દ્વીપ, ધાતુ, વાર;

૮ માટે વસુ, ગિરિ, સિદ્ધિ, દિગ્ગજ;

૯ માટે ગ્રહ, નિધિ, ખંડ, નંદ (રાજા); ૧૦ માટે દિશા; ૧૧ માટે શિવ-રુદ્ર; ૧૨ માટે સૂર્ય; ૧૩ માટે ગક્ષ; ૧૪ માટે ઇંદ્ર, વિદ્યા, રત્ન; ૧૫ માટે તિથિ; ૧૬ માટે કળા, શૃંગાર; ૧૮ માટે પુરાણ.

આ લેખમાં જે લક્ષણો દર્શાવ્યાં છે તેમાં આમાંના સંજ્ઞાઓ ક્યાંક ક્યાંક વાપરેલી છે; નીચે તરત તેનો આંક પણ આપેલો છે.

ગણમેળ વૃત્તો

૧ થી ૭ સુધીના અક્ષરના અત્યંત ટૂંકા અને અપ્રચલિત છંદોની રચના છોડી દઇને પ્રચલિત છંદોથી આપણે શરૂ કરીએ.

૮ અક્ષરનો પ્રમાણિકા છંદ : લક્ષણ 'પ્રમાણિકા જરે લગે'[1]

એમાં 'જરે લગે'નો અર્થ આ પ્રમાણે—જ = જગણ, ર = રગણ, લ એટલે લઘુ અને ગ એટલે ગુરુ. એટલે કે જગણના ત્રણ, રગણના ત્રણ, એક લઘુ અને એક ગુરુ એમ આઠ અક્ષરનો પ્રમાણિકા છંદ થાય છે : એ છંદનું માપ નીચે મુજબ:

લગા લ, ગા લગા, લ, ગા

હસે રમે ભમે જમે

લડે વઢે પડે ખડે

તથાપિ રોષ ચિત્તમાં

કદી ન બાળકો ધરે. (કે. કા. શાસ્ત્રી)

૧૧ અક્ષરનો ઇંદ્રવજ્રા: માપ—'છે ઇંદ્રવજ્રા ત ત જે ગ-ગેથી'

ઇંદ્રવજ્રા છંદ 'ત ત જે ગ-ગે' એટલે તગણ, તગણ, જગણ, અને છેલ્લા બે ગુરુ, એમ મળી ૧૧ અક્ષરથી થાય છે.

ગા ગા લ, ગા ગા લ, લ ગા લ, ગા ગા

લીલાં હતાં ઘાસ બધાં જ ફૂટયાં,

તાજાં બની કૈં ઝરણાં કુદંતાં,

ગાતી હતી વાંસળીઓ ફરીથી

આશ્ચર્ય જેવી દુનિયા બની'તી. (કલાપી)

૧૧ અક્ષરનો ઉપેંદ્રવજ્રા: માપ—'ઉપેંદ્રવજ્રા જ ત જે ગ ગેથી.'

આ છંદ જગણ, તગણ, જગણ, ગુરુ, ગુરુ એમ ૧૧ અક્ષરથી થાય છે. ઝીણવટથી જોઇએ તો ઇંદ્રવજ્રાનો પહેલો અક્ષર ગુરુને બદલે લઘુ હોય તે ઉપેન્દ્રવજ્રા.

લ ગા લ, ગા ગા લ, લ ગા લ, ગા, ગા.

સમીપનાં વૃક્ષ પ્રતીપવેગે

સરી જતાં દૃષ્ટિ સમક્ષથી, રે!

પરંતુ પેલી ક્ષિતિજે જણાતી

હતી સરંતી વનરાજિ સાથે. (ઉમાશંકર)

ઉપજાતિ : ઇંદ્રવજ્રાનાં ચરણોમાં ઉપેંદ્રવજ્રાનાં ચરણો ભેળસેળ થવાથી ઉપજાતિ નામનો મિશ્ર છંદ બને છે; જેમકે

અનંત વિશ્વે લઘુ બિંદુ પૃથ્વી—

પરે હું ચૈતન્ય તણો જ બિંદુ,

ચૈતન્યશાળી થઈ ચેતનાનો

પ્રવાહ સીંચું જડમાં ઘણું તો. (સુન્દરમ્)

૧ આપણા પ્રચલિત છંદોનાં આ લક્ષણો 'વૃત્તમંજરી' નામના સારા છંદ:શાસ્ત્રના ગ્રંથમાંથી લીધાં છે. તે લક્ષણ પોતે જ તે તે છંદનું એક ચરણ છે. આ લક્ષ્યમાં લેવાથી છંદ યાદ કરવો સહેલો પડશે.

ચાર ચરણમાં ઉપેંદ્રવજ્રા અને ઇંદ્રવજ્રાનાં ચરણો ગમે તેમ મિશ્ર થઇ શકે છે. આવાં આવાં ૧૪ પ્રકારનાં મિશ્રણ થાય છે.

૧૧ અક્ષરનો રથોદ્ધતા: 'રૈનરે લગ રથોદ્ધતા બને.'

રગણ, નગણ, રગણ, લઘુ અને ગુરુ-આમ ૧૧ અક્ષરથી.

ગા લ ગા, લ લ લ, ગા લ ગા, લ, ગા

દૈવપ્રાપ્ત અકુલીનતા તણા

સ્વામ તાર મહીં ભાત પૂરીને

પૌરુષે ઝળકતાં સુકાર્યની

શો અપૂર્વ કિનખાબ તેં વણ્યો. (સુન્દરમ્)

૧૧ અક્ષરનો સ્વાગતા: 'સ્વાગતા રનભ ગે ગુરુ સાથે.'

રગણ, નગણ, ભગણ, ગુરુ, ગુરુ—આમ ૧૧ અક્ષરથી.

ગા લ ગા, લ લ લ, ગ લ લ, ગા, ગા

દ્રૌપદી હૃદયમાં બહુ પીડા

પામતી સ્વજન સામું નિહાળે.

રાય, અર્જુન વદે નહિ, નાના;

ભીમ રોષ મનમાં બહુ પામે. (કે.કા.શાસ્ત્રી)

૧૧ અક્ષરનો શાલિની: 'મેતેગેગે શાલિની ચાર-સાતે'

મગણ, તગણ, તગણ, ગુરુ, ગુરુ—એમ ૧૧ અક્ષરનો શાલિની થાય; આમાં ચાર અક્ષર અને સાત અક્ષરના બે ટુકડા પડે; એટલે કે ચાર અક્ષર પછી એક 'યતિ' (નાનો વિરામ) આવે અને સાત અક્ષર પછી પંક્તિનો યતિ (મોટો વિરામ) આવે.

ગા ગા ગા, ગા ગા લ, ગા ગા લ, ગા ગા

નાનોશો ને કોમળો નાળિયેર કૈં

પીંખી નાખે કોપતા કાળસર્પ;

તેવી નિષ્ઠા પૌરુષે પ્રાણવંત

પીંખી નાખે કાળસંયોગ કોપ્યા. (તનસુખ ભટ્ટ)

૧૧ અક્ષરનો દોધક: 'દોધક પાંચ છ થી ત્રણ ભગંગે'

'ત્રણ ભગંગે' એટલે ત્રણ ભગણ અને બે ગુરુ, એમ ૧૧ અક્ષરથી દોધક બને અને ચરણમાં પાંચ ને છ અક્ષરે યતિ=વિરામ આવે.

ગા લ લ, ગા લ લ, ગા લ લ, ગા ગા

કાવ્ય ભલા કવિ પાસ કરાવો,

ધીર જુગંજુગ નામ ધરાવો.

એ જન, જેમ જડે નહિ આવો,

લો, દલપત્ત કહે, શુભ લા'વો. (દલપતરામ)

૧૧ અક્ષરનો લલિત: 'લલિત ના ર બે લગે રસે શરે.'

નગણ, રગણ, રગણ, લઘુ, ગુરુ—એ ૧૧ અક્ષરથી અને રસ=છ તથા શર=પાંચ અક્ષરે યતિ લેતાં લલિત છંદ થાય.

લ લ લ, ગા લ ગા, ગા લ ગા, લ ગા

સુખદ વાત કૈં કાનમાં કહી

ઝડપથી ગયો સૈન્યમાં વહી.

વિરહની વ્યથા બેઉને દિલે

સતત સર્વદા પ્રજ્વળ્યા કરી. (કે. કા. શાસ્ત્રી)

૧૨ અક્ષરનો વંશસ્થ: 'કહેલ વંશસ્થ જતે જરે બધે.'

જગણ તગણ જગણ રગણ આમ ૧૨ અક્ષરે વંશસ્થ બધે વર્ણવ્યો છે.

લ ગા લ ગા ગા લ લ ગા લ ગા લ ગા

વિચારતાં નેત્ર જળે ભરાય છે,

શરીરનું ચેતન ત્યાં હરાય છે;

લઈ જઇને પ્રિય–વક્ષની સમી
મહીં કરે મસ્તકથી રહ્યો નમી. (કાન્ત)

બીજી રીતે જોતાં ઉપેન્દ્રવજ્રાના છેલ્લા અક્ષરની પહેલાં એક લઘુ વધીને આ છંદ થયો જણાશે.

૧૨ અક્ષરનો ઇંદ્રવંશા: 'છે ઇંદ્રવંશા તતજે રથી બધે'
તગણ, તગણ, જગણ, અને રગણથી ૧૨ અક્ષરે ઇંદ્રવંશા બને છે.

ગાંગાલ, ગાંગાંલ, લગાંલ, ગાલગાં
લજ્જા નમેલું નિજ મંદ પોપચું
કો મુગ્ધ બાલા શરમાતી આવરે,
ને શોભી રહે નિર્મલ નેનની લીલા,
એવી ઊગી ચન્દ્રકલા ધીરે ધીરે. (નાનાલાલ)

બીજી રીતે જોતાં વંશસ્થના પહેલા અક્ષરના લઘુને સ્થાને ગુરુ આવવાથી આ છંદ થયો જણાશે. તેમજ, ઇન્દ્રવજ્રાના છેલ્લા અક્ષરની પહેલાં એક લઘુ વધેલો જણાશે.

વંશસ્થ અને ઇંદ્રવંશાનો ઉપજાતિ પણ ચાલુ છે:

અહો! મહાકાલની વાસુકીફણા!
હા! સર્વભક્ષી યમકેરી યન્ત્રણા!
તથાપિ મૃત્યુ રસનાં નથી–નથી;
સૌંદર્ય ને સ્નેહ અજીત મૃત્યુથી. (નાનાલાલ)

મિશ્રોપજાતિ: ઇંદ્રવજ્રા, ઉપેંદ્રવજ્રા, વંશસ્થ અને ઇંદ્રવંશાનાં ચરણોના મિશ્રણ કરીને મિશ્રોપજાતિ બનાવવામાં આવે છે:

નિર્દોષ ને નિર્મળ આંખ તારી
હતી હજી યૌવનથી અજાણી,
ફાંચો હજી સાસરવાસ કાલ તેં
'શૃંગાર તેં પૂર્ણ ચિતા મહીં કર્યો.' (હરિશ્ચન્દ્ર ભટ્ટ)

૧૨ અક્ષરનો તોટક: 'શુભ તોટક વૃત્ત સ-ચાર થતાં.' સગણ, સગણ, સગણ, સગણ, એમ ચાર સગણ સાથે આવીને ૧૨ અક્ષરના.

લલગાં, લલગાં, લલગાં, લલગાં
શિરમાં, ઉરમાં, મુખમાં, કરમાં,
પ્રભુ વ્યાપી રહો મુજ અંતરમાં.
મુજ જીવન કેરું રહસ્ય ઊંડું
બન પ્રેરક ચાલક શાસક તું. (રમણભાઇ)

૧૨ અક્ષરનો દ્રુતવિલંબિત: 'દ્રુતવિલંબિત થાય નભે ભરે.' નગણ, ભગણ, ભગણ અને રગણથી ૧૨ અક્ષરનો દ્રુતવિલંબિત થાય.

લલલ, ગાલલ, ગાલલ, ગાલગાં
તણખનળ નભે વિજળી ગુંથે,
તિમિરભરમ દશે દિશ જો ભરે,
ઉદધિછોળ ત્યહીં ઘુમવા મથે,
પ્રકૃતિ તાંડવ શી કુદતી ફરે. (ચંદ્રવદન)

૧૨ અક્ષરે મોતીદામ: 'જજે જજથી શુભ મૌક્તિકદામ.'
જગણ, જગણ, જગણ, જગણ, એમ ચાર જગણ સાથે આવી ૧૨ અક્ષરનો મોતીદામ છંદ બને.

લગાલ, લગાલ, લગાલ, લગાલ
ભજો ભવતારણ શ્રી ભગવાન,
તજો નિજ અંતરનું અભિમાન.
સૂણો સરજનાર તણાં ગુણગાન,
થજો સઘળા સુધરેલ સમાન.' (દલપતરામ)

આમાં છેલ્લો સ્વર હ્રસ્વ જ આવે તે લક્ષ્યમાં રાખવું.

૧૨ અક્ષરે ભુજંગી: 'ભુજંગી બને ચાર ભેળા યકારે.'
યગણ, યગણ, યગણ, યગણ, એમ ચાર યગણ ભેગા મળીને ભુજંગી.

લગાંગાં, લગાંગાં, લગાંગાં, લગાંગા
ભલો દૂરથી દેખતાં દિલ ભાવ્યો.
ચડી જોગ આકાશમાં મેઘ આવ્યો!
જહાં જેઠ માસે ન દીસે પ્રસેવો.
દીઠો આજ આબુ ગિરિરાજ એવો. (દલપતરામ)

૧૨ અક્ષરે સ્રગ્વિણી: 'ચાર રાથી થશે સ્રગ્વિણી ષટ્-રસે.'
રગણ, રગણ, રગણ, રગણ, એમ ચાર રગણ સાથે આવીને ૧૨ અક્ષરથી, અને ષટ=છ તથા રસ=છ એમ દર છ અક્ષરે યતિ (વિરામ) લેવાથી સ્રગ્વિણી બનશે.

ગાંલગાં, ગાંલગાં, ગાંલગાં, ગાંલગાં
ઠીક થે જે ઠરેલો બધે ઠામ છે.
નાથ તે એક, તેનાં ઘણાં નામ છે.
સર્વદા જો તમે કામ સારાં સજો,
ભૂપના ભૂપને ભક્ત થૈને ભજો. (દલપતરામ)

૧૩ અક્ષરનો પ્રહર્ષિણી: 'મ્નેજ્રેગે, ત્રણ-દસથી પ્રહર્ષિણી છે.'
મગણ, નગણ, જગણ, રગણ ને છેલ્લે ગુરુ એમ ૧૩ અક્ષરથી તથા ત્રીજે ને દસમે અક્ષરે યતિ (વિરામ) લેવાથી પ્રહર્ષિણી બને છે.

ગાગાગાં, લલલ, લગાલ, ગાલગાં, ગા
સેવીશું ચરણતલો વડીલ કેરાં,
પામીશું ફળ મધુરાં સદૈવ વે'લાં.
એ ઈચ્છા નિજ દિલમાં ન કોણ રાખે?
વૃદ્ધત્વે પરવશતા લખી પરાણે! (કે. કા. શાસ્ત્રી)

૧૪ અક્ષરનો વસંતતિલકા: 'જાણો વસંતતિલકા તભજા જગાગ.'
તગણ, ભગણ, જગણ, જગણ અને છેલ્લે બે ગુરુ એ ૧૪ અક્ષરથી.

ગાંગાલ, ગાંલલ, લગાંલ, લગાંલ, ગાંગાં
ધીરા સુગંધી અનિલે વહી વારવારે
આકાશનો વિમલ વાળી પ્રદેશ કીધો,
ને તેજના રજતમેઘ ઢળીઢળીને
રૂપેરી ત્યાં લલિતલોલ ધરો ઉગાવી. (નાનાલાલ)

૧૫ અક્ષરે ચામર: 'ચામરે રહે હયે, રજા રજા ર, આઠથી'
રગણ, જગણ, રગણ, જગણ અને રગણ એમ પાંચ ગણના પંદર અક્ષરથી ને હય=સાત અક્ષરે તથા આઠ અક્ષરે યતિ (વિરામ) લેવાથી.

ગાં લ ગાં, લ ગા લગા લ ગાં, લ ગાં લ, ગાં લ ગા
વાક્યના વિલાસમાં રચ્યાપચ્યા રહે સદા
તે જ ચિત્ત શાંતિ કેરું નામ ના સુણે કદા.
રંગરાગ સર્વ વિશ્વ મધ્ય માણવા કરો,
વ્યર્થ યત્ન સર્વ એ, ભજો સદા રસેશને. (કે. કા. શાસ્ત્રી)

૧૫ અક્ષરે માલિની: 'નનમયય થકી છે માલિની આઠ-સાતે'.
નગણ, નગણ, મગણ, યગણ, યગણ, એમ ૧૫ અક્ષરે અને આઠ તથા સાતે અક્ષરે યતિ (વિરામ) લેવાથી માલિની થાય છે.

લલલ, લલલ, ગાં ગાં ગાં, લગાંગાં, લગાંગાં.
યદિ અપયશ–લોભી, તો કહીને મને શું?
નૃપતિ–સુખ–તૃષા જો, બાપ આપે ન લે શું?
યદિ વચન તને જો 'રાજમાતા' ગમે તો,
ભણ ભણ, સુત તારો રામ ના થાય એ શું? (કે.કા.શા.)

૧૬ અક્ષરે નારાચ: 'જરે જરે જગે કહેલ આઠમી નરાચ છે.'

જગણ, રગણ, જગણ, રગણ, જગણ, અને છેલ્લે એક ગુરુ એમ ૧૬ અક્ષરથી અને આઠ–આઠ અક્ષરે વિરામ લેવાથી નારાચ છે.

લઁ ગાઁ લઁ,ગાઁ લઁગાઁ,લઁગાઁ લઁ,ગાઁ લઁગાઁ, લઁગાલઁ,ગાઁ
થતાં પ્રકોપ અગ્નિનો વિવર્ણ થાય કંચન,
રચાય છે સુકાવ્ય જો હૃદે ઉઠે જ મંથન;
અધીન ચિત્ત થાય તો અધીન સર્વ આ જગે,
સમર્થ જે મનોબળે, પ્રતાપવંત સિદ્ધ તે. (ગો. ભટ્ટ)

બીજી રીતે જોઇએ તો પ્રમાણિકાનાં બે ચરણ મળીને નારાચનું એક ચરણ બને છે.

૧૭ અક્ષરે મંદાક્રાંતા: 'મંદાક્રાંતા મભનતતગે ગે યુગે-તર્ક અશ્વે'

મગણ, ભગણ, નગણ તગણ, તગણ, ગુરુ અને ગુરુ એમ ૧૭ અક્ષરથી અને યુગ=ચાર તર્ક=છ તથા અશ્વ=સાત અક્ષરે ત્રણ યતિ (વિરામ) લેવાથી મંદાક્રાંતા છંદ થાય છે.

ગાઁ ગાઁ ગાઁ ગાઁ, લઁ લઁ લઁ લઁ લઁ, ગાઁ ગાઁ લઁ,ગાઁ ગાઁ લઁ, ગાઁ,ગાઁ
ધીમે ઊઠી શિથિલ કરને નેત્રની પાસ રાખી,
વૃદ્ધા માતા નયન નબળાં ફેરવી ત્યાં જુએ છે:
ને તેનો એ પ્રિય પતિ હજી શાંત બેસી રહીને
જોતાં ગાતો સગડી પરનો દેવતા ફેરવે છે. (કલાપી)

૧૭ અક્ષરનો હરિણી: 'છ–યુગ–તુરગે ન્સે મ્રે સ્લે ગે.સદા હરિણી બને'

ન્સેમ્રેસ્લેગે એટલે નગણ, સગણ, મગણ, રગણ, સગણ, લઘુ, ગુરુ એમ ૧૭ અક્ષરથી અને છ અક્ષરે, યુગ=ચાર અક્ષરે, અને તુરગ=સાત અક્ષરે વિરામ લેવાથી હરિણી બને છે.

લઁલઁલઁ, લઁ લઁ ગાઁ, ગાઁગાઁ,ગાઁગાઁ, લઁ ગાઁ,લઁ લઁ ગાઁ, લઁ, ગાઁ
ધીકી રહી ધરા નીચે, ઊંચે તપે રવિ ઉગ્ર, ને
બળબળતી લૂ ચારે પાસે રહે વરસી ભવે;
વિજન રણની ઊની રેતી ઉડે, કરી અંધ દે,
લખલખ કરી લ્હાતી જ્વાલા ફરી વળતી બધે. (લલિત)

૧૭ અક્ષરનો શિખરિણી: 'રસે–રુદ્રે છેદી યમનસભ લાગે શિખરિણી'.

યગણ, મગણ, નગણ, સગણ, ભગણ, લઘુ, ગુરુ એમ ૧૭ અક્ષરથી અને રસ=છ તથા રુદ્ર=અગિયાર અક્ષરે યતિ (વિરામ) લેવાથી શિખરિણી બને છે:

લઁ ગાઁ ગાઁ, ગાઁ ગાઁ ગાઁ, લઁ લઁ લઁ, લઁ લઁ ગાઁ, ગાઁ લઁ લઁ, લઁ, ગાઁ
અસત્યો માંહીથી પ્રભુ! પરમ સત્યે તું લઇ જા,
ઊંડા અંધારેથી પ્રભુ! પરમ તેજે તું લઇ જા;
મહા મૃત્યુમાંથી અમૃત સમીપે નાથ! લઈ જા,
તું હીણો હું છું તો તુજ દરસનાં દાન દઇ જા. (નાનાલાલ)

૧૭ અક્ષરથી પૃથ્વી: 'જસે જસ યલે ગથી વસુ નવાંક પૃથ્વી બને.'

જગણ, સગણ, જગણ, સગણ,ય ગણ, લઘુ અને ગુરુ એમ ૧૭ અક્ષરથી અને વસુ=આઠ અક્ષરે તથા નવાંક=નવ અંકે એટલે કે નવ અક્ષરે યતિ (વિરામ) લેવાથી પૃથ્વી છંદ બને છે:

લઁ ગાઁ લઁ, લઁ લઁ ગાઁ, લઁ ગાઁ લઁ, લઁ લઁ ગાઁ, લઁ ગાઁ ગાઁ, લઁ ગાઁ
વિહંગ ઉડ! જો લસે અખુટ વ્યોમ આશાભર્યાં!
ચડે નયન જે દિશા નભ નવીન તે દાખવે:
ચહે હૃદય રંગ જે સુરકમાન તે ખીલવે;
વિહંગ ઉડ ઊંડ રે! ઉડણ ધન્ય હો તાહરાં! (બલવંતરાય)

૧૯ અક્ષરથી શાર્દૂલવિક્રીડિત:

'બારે-સાત મસાજસા તતગ છે શાર્દૂલવિક્રીડિતે.'

મગણ, સગણ, જગણ, સગણ, તગણ, તગણ અને છેલ્લો ગુરુ આમ ૧૯ અક્ષરે,ને બારતથા સાત અક્ષરે યતિ પાડયે શાર્દૂલવિક્રીડિત.

ગાઁ ગાઁ ગાઁ, લઁલઁગાઁ, લઁગાઁલઁ, લઁલઁગાઁ, ગાઁગાઁલઁ, ગાગાલઁ, ગાઁ
ઊગે છે સુરખી ભરી રવિ મૃદુ હેમંતનો પૂર્વમાં,
ભૂરું છે નભ સ્વચ્છ સ્વચ્છ દીસતી એકે નથી વાદળી;
ઠંડો હિમ ભર્યો વહે અનિલ શો ઉત્સાહને પ્રેરતો,
જે ઉત્સાહ ભરી દિસે શુક ઊડી ગાતાં મીઠાં ગીતડાં.(કલાપી)

૨૧ અક્ષરથી સ્રગ્ધરા:

'સાતે સાતે વિરામી મરભનયયયે સ્રગ્ધરા છે કહેલી.'

મગણ, રગણ, ભગણ નગણ, યગણ, યગણ, યગણ આમ ૨૧ અક્ષરે, અને સાત સાત અક્ષરે યતિ (વિરામ) આવ્યે સ્રગ્ધરા થાય:

ગાઁ ગાઁ ગાઁ, ગાઁ લઁ ગાઁ, ગાઁ લઁ લઁ, લઁ લઁ લઁ, લઁ ગાઁ ગાઁ, લઁ ગાઁ ગાઁ, લઁ ગાઁ ગાઁ
ધીમેધીમે છટાથી કુસુમરજ લઈ ડોલતો વાયુ વાય,
ચો પાસે વલ્લીઓથી પરિમલ પ્રસરે, નેત્રને તૃપ્તિ થાય,
બેસીને કોણ જાણે કયહીં પરભૃતિકા ગાન સ્વર્ગીય ગાય,
ગાળી નાખે હલાવી રસિક હૃદયને, વૃત્તિથી દાબ જાય. (મણિશંકર)

(ચાલુ)

ચક્ર-વાક્

ઊંચા અને પાતળા શરીરવાળા બર્નાર્ડ શૉને એકવાર નીચા ને સ્થૂળકાય જી. કે. ચેસ્ટરટન રસ્તામાં મળી ગયા. શૉને જોઈ ચેસ્ટરટને કહ્યું: તમને જોઈ કોઇ એમ જ કહે કે ઇગ્લંડમાં દુકાળ પડયો છે.'

'ખરી વાત' શૉએ જવાબ આપ્યો,'અને તમને જોઈને કોઇ એમ જ કહે કે એ દુકાળનું કારણ તમે જ છો.'

ચેસ્ટરટનને વાતચીતમાં 'પન'(શ્લેષ)વાપરવાની બહુ ટેવ હતી. અને લોકો પણ તેના ધારદાર 'પન' સાંભળવા તેના જીવ ખાઈ જતા. એકવાર કોઇ નાટયગૃહમાં જતાં દરવાને ચેસ્ટરટનને બારણું બંધ કરીને કહ્યું: ''પન' વાપરો તો જ અંદર દાખલ થવા દઉં.' થોડી વાર પછી ચેસ્ટરટને હાથ ઊંચા કરી કહ્યું: 'ઓ.... પન! (open!)

શેરીડનની વાક્ચાતુરી અદ્ભુત હતી. કોઇ પણ વખત તેને સપાટામાં ન આવતો જોઇ તેના બે મિત્રોએ તેને બનાવવાનો નિશ્ચય કર્યો. રસ્તે ચાલતાં એક મિત્રે સીધો પ્રશ્ન કર્યો: 'શેરીડન, તું મૂર્ખ છો કે ગધેડો?' આગળ ચાલતાં બંનેની વચ્ચે આવી શેરીડને કહ્યું: 'મિત્રો! હું મૂર્ખ નથી તેમ ગધેડો યે નથી. પણ બંનેની વચમાં છું.'

અમેરિકન નવલકથાકાર સિંકલેર લૂઇને નૉબેલ પ્રાઇઝ મળતાં કોઇએ તેને પૂછ્યું: તમે એ પૈસાનો શો ઉપયોગ કરશો?' જવાબ મળ્યો: 'અમેરિકાના એક જવાન અને પ્રખ્યાત લેખક તથા તેના કુટુંબના પોષણ માટે અને તેને હજુ વધારે લખવા શક્તિમાન કરવા માટે એ ઇનામના પૈસા હું વાપરીશ.'

કહેવાની જરૂર ખરી કે એ લેખક તે લૂઇ પોતે?

'આ યુગનો સર્વોત્તમ સાહિત્યસ્વામી' એ વિષય ઉપર ચેસ્ટરટનને બોલવાનું હતું. અનેક સાહિત્યકારોનું વિવેચન કરી અંતમાં તેણે કહ્યું: 'પણ આ યુગના સર્વશ્રેષ્ઠ સાહિત્યસ્વામીને હું ત્યારે જ જોઉં છું–તેની સુરેખ છબિ મારી આંખ સામે ત્યારે જ ઉપસ્થિત થાય છે—જ્યારે હું અરીસા સામે ઊભો રહું છું! **મકરન્દ દવે**

મ્હૈસુરની નરભક્ષી વાઘણ (અનુસંધાન પાછળના પાન ૬૧થી)

ઝાડીમાં ફરતી ટીકટીકીની રૂપેરી ઘંટડી જેવા સ્વર સાથે મળી જંગલમાં મધુરતા રેડતો હતો. માત્ર ફેર એટલો કે સક્કરખોરાને જાણે પોતાના સૌન્દર્યનું ભાન હોય તેમ તેનું પ્રદર્શન કરતો હતો, ત્યારે ટીકટીકી (Warblers)ને પોતાની શોભાહીન ભૂખરી કાયાનું ભાન હોય તેમ સંકોચની મારી ઝાડીમાં સંતાતી ફરતી હતી. પરંતુ લેલાં તો એવી સાદાઇમાં ગૌરવ લેતાં હતાં અને સુકાં પાંદડાંમાં રખે તેમનો સમાનરંગી દેહ ન દેખાય એ બીકે પાંદડા વચ્ચેથી જીવડાં વીણતાં વીણતાં અંદર અંદર ગોષ્ઠી કરી જોનારનું ધ્યાન ખેંચતાં હતાં. કંસારા તો વૃક્ષની ઊંચી શાખા ઉપર બેસીને 'ટોંક, ટોંક' અવાજ કરી જાણે પ્રેક્ષકને આવાહન કરતા હતા કે મારૂં સૌન્દર્ય પણ કોઇથી ઊતરે તેવું નથી; પણ મને શોધો તો ખરા! ખરેખર, ઘડીકમાં એક દિશામાં મોઢું ફેરવીને બોલતો અને ઘડીકમાં બીજી દિશામાં મોઢું ફેરવતો કંસારો કયા ઝાડમાંથી બોલે છે એ જાણવું સહેલું નથી હોતું.

પણ આ શું? ઝાડીમાં ખડખડાટ થયો અને ગાયો ઊંચાં પૂછડાં કરીને ચમકીને ભાગી. આંખના પલકારામાં હું બંદૂક સંભાળી તૈયાર થઇ ગયો. પણ .... એ તો તેતર ઝાડમાંથી પાંખો વીંઝતું ઊડયું હતું! તેતરની ઊડવાની રીત જ એવી છે. પાંખોનો ભારે અવાજ કરે. માણસની નજરે પડયા વિના પાસેથી ઊડે તો માણસ પણ જરા ચમકી જાય, તો પછી વાઘણની ધાકથી ભયભીત રહેતી બીચારી ગાયોનું શું પૂછવું?

મહા પરિશ્રમે ગોવાળોએ ઢોર પાછાં ભેગાં કર્યાં. અત્યાર સુધી હું ધણની સાથે જ રહ્યો હતો. બપોરનો વખત હતો અને હવા ગરમ થઇ ગઈ હતી. લૂ વાતી હતી. મને ખૂબ તરસ લાગી હતી, એટલે હું પાણી પીવા જતાં પાછળ રહી ગયો. બરોબર એ જ વખતે ધણમાં પાછું ભંગાણ પડયું અને આ વખતે ભારે ગભરાટમાં ગાયો નાસવા લાગી. આસપાસ નીચી ટેકરીઓ હતી અને વાંસની ગીચ ઝાડી હતી, તેમાંથી એક વિશાળકાયાવાળા હૃષ્ટપુષ્ટ વાઘે છાપો માર્યો. પરંતુ સારા નસીબે વાઘ અને ગાયોની વચ્ચે થોડીક ભેંસો હતી. અને એ ભેંસોએ જાતિસ્વભાવ પ્રમાણે વાઘનો સામનો કર્યો. મેં તમને કહ્યું તો છે કે આ જંગલી પ્રાણીઓ કેવાં ડરપોક હોય છે! વાઘને આ વિઘ્ન નડતાં તેણે પીછેહઠ કરી, કારણકે અહીં સાવચેત માણસોની હાજરીથી પણ તે પરિચિત હતો. પાછળ રહી જવા માટે મને પશ્ચાત્તાપ થયો, પરંતુ પગીઓએ વાઘનાં પગલાં તપાસીને કહ્યું કે એ નરભક્ષી વાઘણ ન હતી, પણ ઢોર મારવામાં નામચીન થએલો મોટો વાઘ હતો. મારો આજનો પ્રયાસ પણ નિષ્ફળ ગયો. ટેકરી પાછળથી ચીતળના 'ભસવા'નો અવાજ આવ્યો તે ઉપરથી ખાત્રી થઈ કે વાઘ ટેકરી ઓળંગી ગયો છે.

અઠવાડિયા પછી પગીઓ સમાચાર લાવ્યા કે તેઓએ કુમ્બાપન મંદિર પાસે આયનપુરની વાઘણનાં પગલાં જોયાં હતાં. મેં તરત હાથીસવારને મોકલી મોરલેના લોકોને ચેતવણી આપી દીધી. અમે શિકારની તૈયારી કરી અને પગલાંવાળી જગ્યાએ જઇ તપાસ શરૂ કરી, પરતુ આ વખતે પણ તેનાં પગલાં એવી કઠણ જમીન ઉપર ગયાં હતા કે જ્યાં કંઈ નિશાની મળે તેમ ન હતું.

આખો દિવસ રખડીને હું મારી છાવણીમાં પાછો ફર્યો. રાત્રે જમવા બેઠો ત્યારે જંગલમાં શોરબકોર થવા લાગ્યો. થોડી વારમાં સળગતી મશાલો થોડાં માણસો સાથે છાવણીમાં દોડી આવ્યાં તેઓ હર્દનહુલ્લી ગામના હતા. મને તેઓએ ખબર આપી કે આજે અમારા ગામનું ધણ વ્યાકુળ બનીને ગોવાળ વિના પાછું આવ્યું છે અને ગોવાળને વાઘણ ઉપાડી ગઈ છે. સમાચાર ગમે તેવા કરૂણ હોય પરંતુ હું તો એવા સમાચારની જ રાહ જોતો હતો, કારણ કે તે વિના વાઘણનો પત્તો મળે તેમ ન હતું. મેં તરત મોરલે ગામે સવારે પગીઓને હાજર થઈ જવા કહેવડાવી દીધું.

સવારે અમે ઢોર જ્યાંથી ગભરાઇને ભાગ્યાં હતાં તે જગ્યા, તેમની ખરીની નિશાની ઉપરથી શોધી કાઢી. ત્યાંથી વાઘણના પગની નિશાની પણ શોધી કાઢી. તે નિશાનીને આધારે આગળ ચાલતાં અમે એક પાણીવાટ આગળ પહોંચ્યા. ત્યાં કાગડાની કાગારોળે અમારૂં ધ્યાન ખેંચ્યું. જોયું તો ત્યાં એ કમનસીબ માણસના અવશેષ હતા: થોડાં હાડકાં, અને હથેળી તથા પગનાં તળિયાં. ત્યાંથી વાઘણના પગની નિશાનીને આધારે અમે આગળ ચાલ્યા, પરંતુ આગળ જતાં તે નદી ઓળંગી સામે પાર જંગલથી છવાએલી ટેકરીઓમાં ચાલી ગઈ હતી અને ત્યાં તેની શોધ કરવી અશક્ય હતી. મારે ફરી પાછી વધારે અનુકૂળ પ્રસંગની રાહ જોયા વિના બીજો ઉપાય ન હતો.

પરંતુ અમારા માટે વળી એક નવો કોયડો ઊભો થયો. આજે વાઘણની સાથે એક બચ્ચાનાં પણ પગલાં હતાં! આયનપુરની નરભક્ષી વાઘણને બચ્ચું હોવાનું અમારા જાણવામાં આવ્યું ન હતું. ત્યારે કુમ્બાપાના પુજારીને કોણે ફાડી ખાધો? શું એ વાઘણ નરભક્ષી થઈ હતી?

ગામડાંઓમાં ભય અને ત્રાસનું વાતાવરણ ફેલાઈ ગયું હતું. જ્યાં જુઓ ત્યાં સૌને મોઢે એની એ જ વાત હતી કાલ ઊઠીને કોણ ઝડપાઈ જશે તેની કોને ખબર હતી? વગડામાં જ જિંદગી વીતાડનારા ગામલોકોને કંઈ ઘરમાં બેસી રહેવું પાલવે? ખેડૂત, મજૂર, ગોવાળ, કઠિયારા, સૌને ઉદરનિર્વાહ માટે વનવગડામાં જ જવાનું હોય. વળી એક વધુ કરૂણ બનાવે તેમને ભયભીત કર્યાં.

ગોવાળો હવે ટોળે મળીને ધણ ચારવા જતા. રામસમુદ્રમ્ ગામના ગોવાળો પણ આ પ્રમાણે સ્વરક્ષણ માટે ટોળે મળીને ઢોર ચારવા ગયા હતા. પરંતુ કમભાગ્યે એક દિવસ એક ગોવાળ જરા આગળ પાછળ થયો કે તરત જ પેલી વાઘણ તેના ઉપર તૂટી પડી. સાધારણરીતે હિંસક પ્રાણીઓ શિકારને ગળેથી પકડે છે, પણ આ વખતે બીજા માણસોના સાન્નિધ્યને લીધે ઉતાવળમાં વાઘણ નિશાન ચૂકી ગઈ અને ગોવાળના ગળાને બદલે ખભો તેના મોંમાં આવ્યો. આથી વાઘણે ઝટકો માર્યો. તેમાં પેલો કમનસીબ માણસ ઊડીને કાંટાના ઝાંખરામાં જઇને પડયો. આ અણધાર્યા વિક્ષેપથી વાઘણ શિકાર છોડીને નાસી ગઈ. બીજે દિવસે અમે તપાસ કરવા ગયા ત્યારે જખમી ગોવાળ કાંટમાં ઊંધે માથે અટવાએલો લટકતો હતો અને કણસતો હતો. મહા પરિશ્રમે અમે તેને બહાર કાઢ્યો, પરંતુ તેની વ્યથાનો મૃત્યુમાં અંત આવતાં સમય ન લાગ્યો. અમે તો એવી માન્યતામાં જ હતા કે વાઘણ તેને ઉપાડી ગઈ હતી, પરંતુ આ આકસ્મિક બચાવથી પણ તેની જિંદગી તો ન જ બચી.

તે પછી થોડા દિવસ માટે મારે બહારગામ જવાનું થયું પાછો આવ્યો ત્યારે મેં જે સમાચાર સાંભળ્યા તેથી તો હું ચે આભો બની ગયો. ગામલોકો મારી રાહ જ જોતા હતા. વાત આમ બની હતી.

મોરલે પાસે ખેતરાઉ જમીન વચ્ચે બુસાવનપુર નામનું ગામ છે ગામ તો સાવ નાનું છે. તેની એકની એક શેરીના છેવાડે એક ઝાડને ઓટલો બાંધેલો હતો. શેરીના છેડેના ઘરમાં એક ડોશી રહેતી હતી. તેની સામેના ઘરમાં તેનો જમાઇ રહેતો હતો. આસપાસ ખુલ્લું

મેદાન હતું. જંગલ તો છેટે હતું. ચાંદની રાત હતી. આયનાપુરની નરભક્ષી વાઘણ જંગલમાંથી બહાર નીકળી મેદાન વટાવીને આ શેરી પાસે ઝાડ નીચે આવીને બેઠી હતી. વહેલી રાત્રે ડોશી પોતાના ઘરમાંથી જમાઈના ઘરમાં જવા જેવી શેરીમાં ઊતરી કે ચપ દઈને વાઘણ તેને ઉઠાવી ગઈ! એવી સિતફ અને ઝડપથી આ બનાવ બની ગયો કે કોઈએ ડોશીની ચીસ સુદ્ધાં ન સાંભળી. ડોશીને ચીસ પાડવાનો અવકાશ જ નહિ મળ્યો હોય.

મેં તરત મારો હાથી મંગાવ્યો. આ સમાચાર ખરેખર ગંભીર હતા. ગામ બહાર નીકળવામાં પણ લોકોની સલામતી ન હતી. આ વાઘણ પણ બરોબર સમજી ગઈ હતી કે માણસનો શિકાર કેટલી સહેલાઈથી, કેટલી નિર્ભય રીતે અને કેટલાક અલ્પ પરિશ્રમથી થઇ શકે છે. અમે બુસાવનપુર ગયા. ડોશીના સ્થૂળ શરીરધારી, જમાઇને બોલાવતાં તે મારી પાસે આવીને પોકે પોકે રડવા લાગ્યો. તેના આક્રંદથી મને આશ્ચર્ય થયું, કારણ કે ઈંગ્લંડની જેમ આ દેશમાં પણ સાસુ માટે જમાઇ કેટલો શોક કરે છે તે હું જાણું છું વાસ્તવમાં સાસુ-પ્રેમ માટે કોઇ દેશે કીર્તિ મેળવી હોય તેવું મારા જાણવામાં નથી, એટલે મને જરા શંકા ઉપજી.

અમે વાઘણનાં પગલાં શોધી કાઢયાં. પરંતુ આશ્ચર્યની વાત એ હતી કે વાઘણનાં પગલાં સાથે માણસનાં પગલાં પણ એ જ દિશામાં જતાં હતાં. ડોશીના જમાઇને તે બતાવતાં તેની જીભનો લૂચો વળવા લાગ્યો. તે કંઈ ખુલાસો કરી શકયો નહિ. આ વળી નવો ભેદ હતો. વાઘણની પાછળ માણસનાં પગલાં કયાંથી?

અમે વાઘણના પગલે પગલે એક ડાંગરના ખેતરમાં પહોંચ્યા. ડાંગરની કયારીઓમાં કાદવ જેવી ભીની માટી હતી તેમાં માત્ર વાઘણનાં જ નહિ. પણ તેના મોંમાં પકડેલી ડોશી ઘસડાતી હતી તેનાં પણ ચિહ્ન હતાં આગળ ચાલતાં એક ઝાંખરામાં ડોશીના લુગડાનો એક કટકો અટવાએલો જોયો: ત્યાંથી અમે નદીકાંઠે હતી. નાળિયેરીવનમાં આવ્યા. અહીં વાઘણે બેસીને ડોશીને ખાધી જમીન પર લોહી સુકાઇ ગયું હતું. પણ ડોશીના અવશેષ કયાં? વાઘણે અહીં ભક્ષણ કર્યું હતું તેની નિશાની ચોક્કસ હતી અને અવશેષ પડી ન રહે તે પણ અશકય હતું. ત્યારે આવળી ભેદમાં વધારો થયો. અહીંથી વાઘણનાં પગલાં નદી તરફ જતાં હતાં, એટલે હજી વધારે ખાત્રી કરવા અમે આગળ ચાલ્યા. અહીં એક ઠેકાણે વાઘણ નદીપાર ફરી ગઇ હતી. મારા પગીઓને પણ આ ભેદ સમજાતો ન હતો.

'વાઘણ આખો શિકાર ખાઇ ગઇ હોય તે બનવા જોગ જ નથી.' એક પગીએ ચર્ચા છોડી. 'વધેલો ભાગ નાળિયેરી વનમાં રાખી મૂકયો ન હોય તો તે અહીં લઈ આવી હોવી જોઇએ. પરંતુ એમ તો બન્યું નથી, કારણ કે અહીં વાઘણે પાણી પીધું છે અને જો તેના મોંમાં શિકાર હોય તો તેણે બાજુમાં મૂકયો હોવો જોઈએ. પરંતુ તેની કંઈ નિશાની નથી. માટે એટલું ચોક્કસ છે કે વાઘણ નાળિયેરી વનમાંથી અવશેષ શિકાર અહીં નથી લાવી.'

આ દલીલ સચોટ હતી. આ અભણ ને અજ્ઞાની ગણાતા ગામલોકોની નિરીક્ષણશક્તિ ને નિર્ણયબુદ્ધિ કેવી તીવ્ર હોય છે! અમે પાછા નાળિયેરીવનમાં આવ્યા, કારણ કે આ કોયડાનો ઉકેલ તો ત્યાં જ મળે તેમ હતું અમે ત્યાં ઝાડીમાં તપાસ ચલાવી. અચાનક એક પગીએ ડોશીના જમાઈને બોલાવીને તેને એક ઠાંસો લગાવી દીધો!

' આ શું કર્યું છે ? ' તેણે જમાઇ સામે ડોળા ઘુરકાવીને કહ્યું. જમાઈનું સ્થૂલ શરીર ધ્રૂજવા લાગ્યું. અમે ત્યાં જઈને જોયું તો ત્યાં ઝાડી વચ્ચે ડોશીના અવશેષનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો! જમાઇનો ખુલાસો માગતાં તેણે ધ્રૂજતાંધ્રૂજતાં કહ્યું કે આગરાજપુરની પોલીસ આવીને તપાસ ચલાવે તો બધા ગામલોકોને હેરાન થવું પડે અને પોલીસ અંત્યજો પાસે ડોશીના અવશેષ ઉપડાવે તો તેનો જન્મ ભ્રષ્ટ થાય તે બીકે એ દુર્ગતિથી બચવા અમે ડોશીના અવશેષનો અહીં અગ્નિસંસ્કાર કર્યો હતો! તેણે કહ્યું કે મારી સાથે ગામલોકો ઢોલ અને ભૂંગળાં લઈને મોટો ઘોંઘાટ કરતા આવ્યા હતા અને વાઘણને પગલે પગલે ચાલીને ડોશીના મૃત દેહના અવશેષ શોધી કાઢી અહીં અમે અગ્નિદાહ કર્યો હતો!

મારી આશા નિરાશામાં ફરી ગઈ. ડોશીના અવશેષ જ જ્યાં ન હતા ત્યાં હવે વાઘણ પાછી આવે એવી આશા કેમ રાખવી? ડોસીના જમાઈએ અમને થાપ ખવડાવી હતી. ગુસ્સાથી ધૂંધવાતા મારા માણસોએ ડોશીની શ્રાદ્ધક્રિયા તેના જમાઈને મેથીપાક જમાડીને કરી અને જમાઈએ તેથી તૃપ્ત બનીને તેના સ્થૂળ શરીર માટે શકય હોય તેથી પણ વધુ ગતિથી સ્વસ્થનો પ્રયાણ કર્યું!

ડોશીના મૃત્યુનો પ્રત્યાઘાત બહુ ખરાબ હતો. જંગલ અને ઝાડીથી એટલે દૂર ગામમાં આવીને ઘરઆંગણેથી જ્યારે વાઘણ નરબલિ લઇ ગઈ હતી ત્યારે હવે ઘરનું છાપરું ફાડીને ઘરમાંથી માણસોને નહિ લઈ જાય તેની શી ખાત્રી? અને આ ગરીબ માણસનાં ઝૂપડાં આવી ઝનૂની વાઘણ પાસે કેટલીક ઝીક ઝાલે? આજ દિવસ સુધી તેનો શિકાર કરવાના બધા પ્રયાસ પણ નિષ્ફળ થયા હતા, તે જોતાં ગામલોકો જો એમ માનતા હોય કે કોઇ ડાકણ જ વાઘણનું રૂપ લઈને નરબલિ લેવા આવે છે તો એમનો દોષ પણ શું? મને ભય હતો કે હવે જો વાઘણનો તાત્કાલિક નાશ નહિ થાય તો ખેતરો સુકાઇ જશે, ગામડાં ઉજ્જડ બની જશે અને લોકો આત્મરક્ષણ માટે શહેરોનો માર્ગ લેશે.

મેં ખૂબ વિચાર કર્યો ને છેવટે પેંતરો બદલવાનો નિર્ણય કર્યો. આજ સુધીના મારા અનુભવ ઉપરથી એટલું તો જણાયું હતું કે વાઘણને પગલેપગલે ચાલી તેની બોડ શોધી તેનો શિકાર કરવો સહેલ નથી. તે શિકાર ઉપર બેઠી હોય ત્યારે જ તેને મારવી એ વધારે સારો માર્ગ હતો. મેં તે માટે એક વ્યવસ્થિત યોજના ઘડી કાઢી. (ચાલુ)

નસીબ વિષે એક નિબંધ લખતાં એક છોકરાએ દાખલો આપ્યો, 'કેટલાક ડાકુઓ એક માણસનું ખૂન કરે, પણ સંજોગવશાત્ મરનાર જો પોતાના પૈસાનું પાકીટ ઑફિસના ટેબલમાં ભૂલી ગયો હોય, તો, તેનું નામ એનું ખુશનસીબ કેમકે એના પૈસા બચી ગયા.

ખી ખી ખી કરતી વિદ્યાર્થીનીઓના વર્ગને આંખો ફાડી મહેતીજીએ પૂછ્યું, 'મારા સામે હસો છો, કેમ?'

માંડમાંડ હસવું ખાળતાં છોકરીઓ બોલી ઊઠી, 'જી, ના, બહેન.'

'વારૂ ત્યારે કહેશો, આખા વર્ગમાં મારા સિવાય હસવા જેવું બીજું શું છે?'

શિક્ષક: વિનુ આ તારો 'મારો કુતરો' વિષેનો નિબંધ તો તારા ભાઈના નિબંધ સાથે અક્ષરે અક્ષર મળતો આવે છે.

વિનુ: હા સાહેબ, અમે બંનેએ એક જ કુતરા વિષે એ લખેલો છે તેથી.

શિક્ષક બાદબાકી શિખવતા હતા: સાત છોકરાઓ નદીએ નહાવા જાય અને તેમાંથી બેને તેમની બાએ પાણીમાં પડવાના પાડી હોય, તો પાણીમાં કેટલા પડે? બોલ જોઇએ કનુ.

કનુ: સાતે સાત, સાહેબ.

હોળી

લેખક
ડૉ. મંજુલાલ
રણછોડલાલ
મજમુદાર



હોરી
ચિત્રકાર: શકુંતલા દિવાનજી

ગુજરાતીઓના વર્ષના બે મોટા ઉત્સવ તે હોળી અને દીવાળી. પરંતુ ગારવાડમાં તો કહેવત છે કે 'દીવાળી આદે કડે, પણ હોળી તો ઘરેઘરે.' એટલે કે દીવાળી કરતાં પણ હોળીનો તહેવાર ત્યાં વધારે ગનાય છે.

પ્રજાનાઇતિહાસમાંતેના ઉત્સવો અગત્યનો ભાગ ભજવે છે. આપણા કેટલાક ઉત્સવો ઋતુઓને અનુસરીને ચોજાયા છે, કેટલાક વીરપૂજાના જયંતી રૂપે દાખલ થયા છે, તો કેટલાક તપ ને સંયમ કાજે નિર્માણ થાય છે.

હોળીનો ઉત્સવ એ ઋતુઓના સંધિકાળનો ઉત્સવ છે. ટાઢના દિવસ ગયા, પાનખર બદી અને તેની વિદાય વખતે આપણે ઉત્સવ કરીએછીએ, આવતી વસંતને વધાવીએછીએ. કારણ કે ત્યારથી હવામાં કંઈક ગરમી લાગવા માંડે છે. તેથી વસંત ઋતુની કુદરત જેવાં પચરંગી રંગછાંટણાંવાળાં સફેદ વસ્ત્રો સૌને પહેરવાં ગમે છે. આ ઋતુમાં—

'નવપલ્લવ વાઘા ધરી, પચરંગી શિરપાઘ:
રાગ લાગ સાધી રમે, મદનરાજ મહાભાગ.'

હિંદુસ્તાનમાં પ્રાચીન કાળમાં વસંતોત્સવ એ મદનનો ઉત્સવ મનાતો, અને તે ઉપરથી આપણો હોળીનો ઉત્સવ ચાલ્યો આવે છે.

પોષ મહિને હેમન્ત અને શિશિરના સંધિકાળમાં મકરસંક્રાંતિ આવે છે અને ફાગણમાં વસંત આવે છે ત્યારથી ગ્રીષ્મની શરૂઆત જણાય છે. સંક્રાંતિની તિથિ નક્કી નથી હોતી. પણ હોળી તો પૂનમે જ આવે છે એટલે તેનું માહાત્મ્ય ચંદ્રના પૂર્ણ પ્રકાશથી વધતું રહ્યું છે.

પૂનમિયા મહિના પ્રમાણે ગણતાં ફાગણ સુદ પૂનમે ચૈત્રી વરસ પૂરું થાય છે અને વદ પડવાથી નવું વરસ શરૂ થાય છે. એને 'ધૂળેટી' કહે છે. શ્રી કૃષ્ણની રાસલીલાની રાત્રિ છ માસ સુધી લંબાઈ હતી તે છેક ફાગણની પૂનમ સુધી પહોંચી. તે વખતે જે પવિત્ર રજ ઊડી તે રજ અથવા ધૂલિનું વંદન ધૂળેટીને દિવસે કરવાની વૈષ્ણવ ભાવના છે. એને 'દોલનો ઉત્સવ' પણ કહે છે, કારણ કે આસોપાલવથી તથા જાતજાતનાં ફૂલથી શણગારેલા હિંડોળામાં તે દિવસે બાલકૃષ્ણને ઝુલાવવામાં આવે છે, અને એ વખતે અબીલ ગુલાલ ઊડે છે તથા કેસુડાંનો રંગ પીચકારીમાં ભરી ઉડાડવામાં આવે છે.

વર્ષની મુખ્ય પૂનમો છ: કાર્તકી, માઘની, ફાગણની, ચૈત્રની, વૈશાખની અને આસોની. તેમાં હોળીની પૂનમ ઋતુઓના સંધિકાળની હોવાથી વિશેષ આહ્લાદજનક લાગે છે.

હોળીની સાંજે ચંદ્રદર્શન થતાં બરોબર ચકલે ચકલે છાણાં અને લાકડાં ભેગાં કરી મોટી તાપણી કરવામાં આવે છે. છાણનાં અનેક આકારો કરી, તેને સૂકવી, હારમાં પરોવે છે તેને 'હોળૈયાં' કહે છે.

પહેલાંના વખતમાં હિંદુઓ રોજ સાંજ-સવાર હોમ કરતા અને પર્વેપર્વે યજ્ઞ કરતા. પૂનમ અને અમાસ જેવા મહિનાના બે સંધિકાળમાં મોટા યજ્ઞો કરતા. તેમાંથી શરદની પૂનમનો અને વસંતની પૂનમનો યજ્ઞ એ સાર્વજનિક યજ્ઞ છે. ફાગણમાં ઘરની બહાર આંગણામાં, ચૉકમાં તથા ચકલામાં થતો યજ્ઞ તે આપણી હોળી. એ હોળીના તાપથી હવા ચોખ્ખી થાય છે અને મચ્છર વગેરે શિયાળુ જંતુઓ જતા રહે છે.

આ યજ્ઞમાં હોમવા માટે તલ, તુવેર અને તે સાથે ઊગનાર દીવેલાનું માહાત્મ્ય ઘણું છે. પરણનાર જોડું જેમ લાજાહોમમાં ડાંગરની ધાણી હોમે છે તેમ આ સામુદાયિક સાર્વજનિક યજ્ઞમાં પણ ધાણી અને ચણાની આહુતિ અપાય છે. શેરડીની મોસમ પણ આ જ છે અને ખજૂર પણ આ જ ઋતુમાં પાકે છે. આ શેરડીનો ગોળ બને છે: અને તેથી ગોળમાંથી બનેલી ખાંડના હારડા અને રમકડાં પણ ધાણી ચણા અને ખજૂર ટોપરાં સાથે આ ઉત્સવમાં દેખા દે છે. ચોમાસાની ખેતીનો ઉત્સવ જેમ શરદ પૂનમે નવી ડાંગરના પૌંઆ અને દૂધથી ઊજવાય છે, તેમ શિયાળાની ખેતીનો ઉત્સવ હોળીના તહેવારથી કરવામાં આવે છે.

હોળીના ઉત્સવ ઉપર અનેકાનેક ઇતિહાસના થર ચડેલા છે. તેની પૌરાણિક કથા આવી છે: નૃસિંહપુરાણમાં કથા છે કે દૈત્યવંશમાં હિરણ્યકશિપુની બહેન હોલિકા નામે હતી. તેને વરદાન હતું કે અગ્નિ તેને બાળી શકે નહિ. આથી વૈષ્ણવ બનેલા પ્રલ્હાદને શિક્ષા કરવામાં દૈત્યરાજને તે બહુ કામ આવી.

જળ, પર્વત કે વિષ જ્યારે પ્રલ્હાદને કંઈ કરી શક્યાં નહિ (અનુસંધાન પૃ. ૭૬મે)

રસદર્શન

પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો ——— લેખક

[૨૪]

ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઈ

હિમાલયમાં શાંતિ આપવાની ખૂબ તાકાત છે; અને તે મળે છે ત્યાંનાં એકાંતોમાંથી. હિમશિખરો ને સૃષ્ટિસૌન્દર્યના દર્શનથી આનંદ પણ ખૂબ મળે છે.

નીલગિરિમાં એવાં બરફનાં શિખરો નથી, તો ત્યાંની ભૂરાશ અજબ છે! ત્યાંના ભૂરા પહાડોમાં જવાની ખાસ ગાડી બ્લ્યુ માઉન્ટન એક્સપ્રેસ મદ્રાસથી સીધી ઊપડે છે તે તાલ, તમાલ, સોપારીવૃક્ષોની કુંજો અને જળાશયો પાસેથી સડસડાટ, મેટાપલાયમ નામના તળેટીના સ્ટેશને બાર કલાકમાં લઈ જાય છે. ત્યાંથી સ્વિટ્ઝરલૅન્ડના આલ્પ્સ પર્વત ઉપર ચડવાની પહાડી રેલવે જેવી જ એક નાની ગાડી ઉટાકામંડ પર ધીમે ધીમે ચડે છે અને ત્યાંનું દૃશ્ય આપણાં નયનોને સફળ કરે છે.

ત્યાંની લાલ ભૂમિ, લીલાં ઘાસ, ઘેરાં વૃક્ષો વિવિધ પંખીઓ ને ભૂરાં શિખરોના આહ્લાદક વાતાવરણમાં રહેવું એ જીવનનો કોઈ વિરલ લ્હાવ છે. જળધોધો, ઉદ્યાનો, લીલા ઢોળાવ ને ટેકરા, સરોવરો, વાંકાચૂકા પહાડી રસ્તાઓ ને આરામસ્થાનોનો પાર નથી.

વિવિધરંગી ફૂલોના પ્રફુલ્લ મિજબાનીથી આંખોને તૃપ્ત કરતાં કરતાં ને યુકૅલિપ્ટસનાં વૃક્ષોનો ગંધ લેતાં લેતાં ત્યાંનાં સેંકડો દૃશ્યો પેટ ભરીભરીને અમે જોયાં છે. એવા રૂપસુંદર આ ઊટી (અથવા ઉટાકામંડ)થી મ્હૈસૂર ૧૦૦ માઇલ જ દૂર છે ને અંતરાળ પ્રદેશને વીંધીને જતા મોટરને રસ્તે મ્હૈસૂર જતાં નીલગિરિનાં ખરાં ઉપવનો ને વનો જોવાનો અલૌકિક લાભ મળે છે.

મ્હૈસૂરમાં વ્યંકટઅપ્પા નામના એક ચિત્રકાર છે. એમણે ઊટીનાં દૃશ્યોનાં વૉટર કલર ચિત્રો બહુ જ સુંદર ચીતર્યાં છે એવી અમને ખબર પડી, એટલે, જે સ્થળને લગભગ બે-ત્રણ માસ સુધી અમે ખૂંદી નાખ્યું હતું તેનાં કલાદર્શન કરવાની લાલચે અમે એ ચિત્રો જોવા વ્યંકટઅપ્પાના સ્ટૂડિયોમાં ગયા. એક ખંડેર જેવા વગડાઉ ઘરમાં એમનો અભ્યાસખંડ હતો. નૈષ્ઠિક બ્રહ્મચારી, સાદા, સરળ પણ કલાના ચુસ્ત અને ટેકીલા ઉપાસક એમના જેવા મેં કોઇ જોયાં નથી.

કોઈ અંગ્રેજ કલાવિવેચકે એમને મેણું માર્યું હતું કે તમે હિંદી ચિત્રકારો સૃષ્ટિસૌન્દર્યનાં ચિત્રો તો દોરી જ ન શકો. એ તો અંગ્રેજો ને હૉલૅન્ડના ચિત્રકારોની જ કલમની તાકાત છે, બીજા કોઇની નથી.

વ્યંકટઅપ્પાને એ મેણું હાડોહાડ લાગ્યું. એણે વિચાર્યું, આ તો મને નહિ પણ મારી માતૃભૂમિને મેણું મારવામાં આવ્યું છે અને તેના સપૂત તરીકે હવે મારી એ ફરજ છે કે હિંદી ચિત્રકારો સૃષ્ટિસૌન્દર્યનાં ચિત્રો પણ દોરી શકે છે એ મારે સિદ્ધ કરવું.

પછી એ ઊપડ્યા અને પહોંચ્યા સૃષ્ટિસૌન્દર્યના ધામ ઊટી. ત્યાં Y.M.C.A. (ખ્રિસ્તી યુવક મંડળ)ના ઉતારે રહ્યા, કેમકે ઓછે પૈસે સારામાં સારી સગવડ ત્યાં જ મળી શકે એમ હતું. સ્વયંપાકી એ શુદ્ધ બ્રાહ્મણે આ મોટી સાધના ખાતર ધર્મના બાહ્યાચાર છોડી દીધા.

ત્યાંનાં દૃશ્યો તો એણે અગાઉ પોતાની કલાદૃષ્ટિની તૃપ્તિ અર્થે બહુ યે વાર જોયાં હતાં. પણ આ વખતે તો એનાં ચિત્રો દોરવાનો નિશ્ચય કરીને ગયા હતા.

એક દૃશ્ય નક્કી કરી, એની સામે એ નિરીક્ષણ માટે બેસતા. અજવાળી રાત્રિએ આખી રાત અનિમેષ નેત્રો તે દૃશ્ય એ જોયા જ કરતા. જ્યારે ઘરની અંદર પણ પારો પંચાવન ડિગ્રી સુધી ઊતરી જતો એવી કપરી શીતળ રાત્રિએ બહાર ખુલ્લી કુદરતમાં ટાઢ કેટલી હશે એનો વિચાર કરો. પરંતુ પ્રાતઃકાળ થતાં સુધી પણ એ પોતાના ધ્યાનમાંથી ચળતા નહિ. ઉષાના રંગો અને ફૂટતાં સૂર્યકિરણોની લીલા નિહાળવામાં એ કુદરતની હાજતોને પણ ગણકાર્યા વિના મસ્ત બનીને બેસી રહેતા.

રમણીયતા તો ક્ષણે ક્ષણે રૂપ બદલતી અને વ્યંકટઅપ્પાનું નિરીક્ષણ પણ મધ્ય હ્ને નમતે પ્હોરે તથા સંધ્યાએ પણ ચાલુ રહેતું. સ્નાન, સંધ્યા, ભોજન, શયન, બધું છોડીને એ આ સ્થળનો સકળ મહિમા પરિપૂર્ણ રીતે પોતાના મનના કોઠામાં ઉતારતા હતા. દિવસો ને રાત્રિઓ સુધી આમ ચાલ્યું. શુક્લ પક્ષ જઇને કૃષ્ણ પક્ષ આવ્યો, પણ વ્યંકટઅપ્પા નીલગિરિનાં અમુક અમુક સ્થળોનાં સૌન્દર્ય જોતાં ધરાતા જ નથી.

આમ એમણે છ સ્થળો જોયાં અને પછી એનાં અદ્ભુત ચિત્રો, પોતે જાતે જ તૈયાર કરેલા રંગો અને પીંછીઓથી, એમણે યોગીઓના જેવાં તપ તપીને તૈયાર કર્યાં.

એ અભ્યાસગૃહમાં અમે બેઠા હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય અને એનાં (એ સમયનાં) કલારસિક પત્ની કમલાદેવી પણ એ ચિત્રો જોવા આવ્યાં હતાં.

એક ચિત્ર વ્યંકટઅપ્પા ખોલે છે અને અમુક ખૂણેથી અમુક રીતે જોવા એ અમને સૂચના કરે છે. અને 'ઓહો! આહ્હા!' એવા ઉદ્ગાર અમારાથી સહજ નીકળી જાય છે. પા અરધા કલાકે એ બીજું ચિત્ર ખોલે છે ને એ જોતાં જ ફરી એ જ ઉદ્ગાર નીકળી જાય છે.

આમ લગભગ ત્રણ કલાકે અમે એમનાં છ ચિત્રો જોઇ રહ્યાં, તોયે તૃપ્તિ થતી ન હતી. ફરીફરીને જુદેજુદે ખૂણેથી અમે એનાં એ ચિત્રો જોયા જ કર્યાં. એ બધાં સ્થળો અમે બહુ વાર જોયાં હતાં, પણ જે સૌન્દર્ય વ્યંકટઅપ્પાએ જોઇને પોતાની કલમ દ્વારા સર્જ્યું હતું તે તો અમારાં ચર્મચક્ષુ જોઇ નહોતાં શક્યાં. 'That light which was never on sea or land' એ ટેનિસને અનુભવેલા પ્રકાશ વડે જાણે વ્યંકટઅપ્પાનાં ચિત્રો રસાઇ ગયાં હતાં! અમારા પહેલાં રૉથેનસ્ટાઇન મ્હૈસૂર આવેલા ત્યારે આ જ ચિત્રો વ્યંકટઅપ્પાએ એમને બતાવેલાં. અને એમને પેલા અંગ્રેજ કલાવિવેચકની વાત પણ કહેલી. સર રૉથેનસ્ટાઈન તો જાતે ઉત્તમ કલાકાર હોવા ઉપરાંત ઇંગ્લંડની શાહી કલાશાળાના આચાર્ય અને લંડનનાં કલાસંગ્રહસ્થાનોના ઉચ્ચાધિકારી તથા ઉત્તમ કલાવિવેચક હતા. એમણે કહ્યું કે તમે એ અંગ્રેજનું મેણું ટાળ્યું છે હિંદી ચિત્રકાર હૉલૅન્ડ કે બ્રિટનના ભૂતવર્તમાનના સઘળા ચિત્રકારોને ટપી ગયા છે, એટલું જ નહિ, પણ મેં દુનિયાભરના ઉત્તમ ચિત્રકારોના ચિત્રો જોયાં છે, પણ એમાં યે સૃષ્ટિસૌન્દર્યનાં તમારાં ચિત્રો વિરલ છે.

વ્યંકટઅપ્પા કહે, "પછી મને સંતોષ થયો અને માતૃભૂમિનું મેણું ટાળી હું કૃતાર્થ થયો. આ ચિત્રો મહારાજા માગે છે, પણ હું આપતો નથી. રાજ્ય મને કલાભવનનો આચાર્ય બનવા કહે છે પણ હું એમના અભ્યાસક્રમો ને પરીક્ષાઓની આંટીઘૂંટીમાં અટવાઇ જવા માગતો નથી. મારે તો અસલનાં ગુરુકુળોની ઢબે મારૂં પોતાનું કલાભવન કાઢવું છે અને શિષ્યોને મફત ચિત્રવિદ્યા શીખવવી છે.

પછી એમણે કુચબિહારના સ્વ. મહા-

રાજાનું હાથીદાંત પર દોરેલું ચિત્ર બનાવ્યું. સ્વ. મહારાજા ગાયકવાડનાં પુત્રી ઈન્દીરાદેવીના પતિનું એ ચિત્ર ઇન્દીરાદેવી એના પૈસા આપી ચૂક્યાં હતાં, પણ ચિત્ર નહોતાં લઇ ગયાં. ચિત્ર જોઇને એમણે કહેલું કે 'મારા પતિનું ખરે ખરૂં આંતરદર્શન તમે એમાં કરાવ્યું છે. આ ચિત્ર તમારી પાસે જ રહેવા દો. હું લઈ જઇશ તો મને કલેશ થશે.'

પછી વ્યંકટઅપ્પાએ રામાયણના પ્રસંગોનાં ભાવમય ચિત્રો અમને બતાવ્યાં એમાં રામનો પ્રતાપ, લક્ષ્મણની સેવા ને હનુમાનની ભક્તિના ભાવ સચોટ હતા. એક સીતા જરા બદસુરત અને ઊતરી ગએલા યૌવનમાં હોય એવાં લાગતાં હતાં. મેં વ્યંકટઅપ્પાને એ વિષે પૂછ્યું તો એ કહે 'બરાબર છે'. પણ એમના એક મિત્રે મને કાનમાં કહ્યું કે વ્યંકટઅપ્પાએ કોઇ સ્ત્રી સામે કદી નજર ફેરવી નથી. બ્રહ્મચર્યને એમણે મનસા, વાચા અને કર્મણા પાળેલું હોઈ માત્ર એનાં એક માસિ સિવાય બીજી કોઇ સ્ત્રીને એમણે નિરખીને જોઇ નથી. અને આ સીતા એના માશીના જેવાં જ એ ચીતરી શક્યા છે. એની સ્ત્રીની કલ્પના, માશીથી પર જઈ શકે એમ છે નહિ

બીજે દિવસે પછી વ્યંકટઅપ્પાએ જાતે, સ્વ. શેશન્ના નામના પ્રવીણ બીનકાર પાસે પોતે વીણા વગાડતાં કેમ શીખી લીધી, અને એ ગુરુનો જીવ કોઇ સુપાત્ર શિષ્યને એ વિદ્યા ભણાવ્યા વગર મને નહોતો જતો એમની મુક્તિ કેમ કરી, એ વાત કહી. એ કહે કે મને તે દિવસો દરમિયાન તો જાણે ચિત્રવિદ્યા એક તરફ ખેંચતી અને સંગીતની દેવી બીજી તરફ ખેંચતી હતી. એ સ્થિતિનું પોતાનું એક હાસ્યરસિક ચિત્ર પણ એમણે દોરેલું અમને બતાવ્યું. એમાં એ સ્ત્રીના પતિની દશા જેવી પોતાની દશા આલેખેલી. મેં કહ્યું 'તો એ વીણા અમને કેમ સંભળાવતા નથી?' એ કહે સંભળાવીશ: પરંતુ ૮-૧૦ દિવસ વીતી ગયા ને મ્હેસૂર છોડવાનો અમારો વખત થયો, પણ એમણે વીણા ન સંભળાવી. જતાં જતાં મને કાનમાં કહ્યું કે 'સાધારણ આવડે છે; અસાધારણ આવડશે ત્યારે સંભળાવીશ.'

ચારપાંચ વર્ષે અમે ફરી મ્હેસૂર ગયા ત્યારે તો વીણુ વાદનપર પોતાનો અસાધારણ કાબૂ આવી ગયો હોવાનું એમણે પોતે જ અમને કહ્યું. અમે બપોરે ગયા હતા. એ કહે સાંજે આઠ વાગ્યે હું પ્રાર્થના કરૂં છું તે વખતે આવજો. પણ અમે રાજે છએ તો મ્હેસૂર છોડવાના હતા. એ ખબર કહેતાં તો એ ગુસ્સે થઇ ગયા. કહે, 'તમારી દાનત જ વીણા સાંભળવાની નથી. નહિ તો આપ ચડ્યે ઘોડે આવો?' ખરે જ અમારાં પુણ્ય ઓછાં; નહિ તો એ અસાધારણ વીણા સાંભળવા અમે કાર્યક્રમ બદલત. પણ પશ્ચિમનાં ટાઈમટેબલોને અને કલાઉપભોગને બને એમ નથી જ. (ચાલુ)

પદ્યાનુવાદ માટે પારિતોષિક

આ નીચે આપેલા અંગ્રેજી કાવ્યનો શ્રેષ્ઠ પદ્યાનુવાદ કરી મોકલનારને પાંચ રૂપિયા પારિતોષિક આપવાનો 'એક ગૃહસ્થ' તરફથી પ્રસ્તાવ આવ્યો છે. સૌને તે માટે આમંત્રણ છે.

AT THE START

WHEN you've finished reading books by the sages and the fools,
When you've left the mental mazes of the colleges and schools,
One old-fashioned custom lingers which the world will never drop.
You must start in at the bottom if you hope to reach the top.

You may know your economics and philosophies and such,
But the knowledge that you've gathered really won't amount to much
Unless you have the courage for the factory or the shop
And can start to climb the ladder from the bottom to the top.

There are some old-fashioned notions which will never pass away..
Under any sort of system boys must work from day to day
And their value will be reckoned as they labour on or stop,
But they'll never think of starting a beginner at the top.

They may change existing methods, but there'll never come a time
When the path to high position won't be difficult to climb.
From the ladder of achievement not a single rung they'll chop.
If you scorn the bottom places you will never see the top.

EDGAR A. GUEST

હોળી (અનુસંધાન પાછળના પૃ. ૭૪થી) ત્યારે તેને અગ્નિમાં બાળવાનો ખેત રચવામાં આવ્યો હોલિકા તેને ખોળામાં લઈ બેઠી. હોળી પ્રગટાવવામાં આવી. પણ પ્રભુનું કરવું, તે હોલિકા બળી ગઇ અને પ્રલ્હાદને માટે અગ્નિ ચંદન જેવો શીતળ બની ગયો!

એ દૈત્ય સ્ત્રીના નાશથી થએલા પ્રભુભક્તના જયજયકારને સંભારી રાખવા માટે હોલિકાનો ઉત્સવ બન્યો જણાય છે. ગમે તે હોય, પણ ભાઈના કામ માટે હોમાએલી હોલિકા પણ એ બહાને અમર થઇ ગઈ, જેમ રામાયણમાં રાવણની બહેન ત્રાટિકા થઇ તેમ.

ભક્ત પ્રલ્હાદને સતાવવાનું બીડું ઝડપનાર દૈત્ય સ્ત્રી સામે પ્રજાજનોનો પુણ્યપ્રકોપ ભભૂકી ઊઠયો, તે ગાળાગાળી અને બૂમો રૂપે પ્રગટ થયો. અને એનું જ અનુકરણ આજે પણ કરવામાં આવે છે એમ મનાય છે.


હોળી પ્રગટે ત્યારે નાનાં મોટાં બધાં ટોળે મળે છે. આંબાનો મ્હોર, અબીલગુલાલ, ધાણીચણા તથા ગોળથી હોળીમાતાનું પૂજન કરે છે અને હોળીની પરકમ્મા કરતાં કરતાં હોળીમાતા જે અરજો! એમ બોલે છે.

હોળી બેસતાં ગ્રીષ્મની શરૂઆત થઈ ગણાય છે. અને 'ગીમ્હનો (ગ્રીષ્મનો) સાળુ' એટલે કંકુકેસરનાં છાંટણાંવાળો ધોળો સાળુ નવી પરણેલી વહુ હોળીને દિવસે પહેરે છે, અને એ પહેલીવાર સજોડે હોળી પૂજે છે.

હોળી પછી રંગપાંચમ આવે છે. તે દિવસે દેવમંદિરોમાં ફુવારા ઊડે છે, પિચકારીઓ છંટાય છે, અબીલ ગુલાલ ઊડે છે અને આકાશ રંગાઈ જાય છે! ડફ, ઝાંઝ અને પખાજ સાથે હોળીનાં ગીતો ગવાય છે તેને 'હોળી' અથવા 'ફાગનાં ગીતો' કહે છે.

હોળીના દિવસોમાં છોકરાંઓને રમતગમત કરવાનું મન થાય છે અને મેદાનમાં ફરવું ગમે છે. ચાંદની રાતમાં અનેક રમતો રમાય છે અને હોળીનો મીઠો તાપ તાપતાં અલકમલકની વાતો મંડાય છે. પછી મોડી રાતે સૌ સૌને ઘેર જાય છે ત્યારે બધા બોલે છે અને ઝીલતા જાય છે કે

'પોતપોતાને ઘેર જાવ;
ધાણીચણા વહેંચી ખાવ.'



માધુકરી

સુખી થવું દુઃખી થવું એ આપણા જ હાથમાં,
જહીં ભર્યો છે પંક ત્યાં જ પંકજો સુહામણાં.
થતાં પ્રકોપ અગ્નિનો વિવર્ણ થાય કંચન,
રચાય છે સુકાવ્ય જો હૃદે ઉઠે છ મંથન.
અધીન ચિત્ત થાય તો અધીન સર્વ આ જગે,
સમર્થ જે મનોબલે પ્રતાપવંત સિદ્ધ તે. —ગો.

સ્વ. કપિલરામ હરદેવરામ વકીલ

મુંબાઇની હાઇકોર્ટમાં પહેલવહેલા દેશી જજ નાનાભાઇ હરિદાસના એક પુત્ર શ્રી હરદેવરામ બૅરિસ્ટર પ્રતાપી નર હતા. સુરતના જાહેરજીવનમાં તે અત્યંત રસ લેતા. શ્રી કપિલરામભાઈ એમના મોટા ચિરંજીવી હતા. એલ્ફિન્સ્ટન કૉલેજમાં બી. એસસી.નો અભ્યાસ કરી, વધુ અભ્યાસ માટે તેઓ ઇંગ્લંડ ગયા. તે વખતે એમના કુટુંબની આર્થિક સ્થિતિ સારી ન હતી. છતાં પણ પોતાના સ્વબળથીઅને પ્રબળ માનસિક શ્રદ્ધા તેમજ અતિશય મહેનતથી તેઓએ ઇંગ્લંડમાં અભ્યાસ પૂરો કરી, લંડન ને માન્ચેસ્ટરની વિજ્ઞાનશાસ્ત્રની ઊંચી ડીગ્રીઓ મેળવી. એ વખતે પહેલુંવિશ્વયુદ્ધ ચાલતું હતુંતેમાં એમને બ્રિટિશ વૉર ઑફિસ તરફથી ખાસ શોધખોળને માટે નીમવામાં આવ્યા. માન્ચેસ્ટરની યુનિવર્સિટીએ તેમને સ્કૉલરશિપ આપી, અને ત્યાર પછી તેમણે એ રીસર્ચના રૂપમાં યુદ્ધની કરેલી સેવાઓ બદલ એ જ યુનિવર્સિટીએ, એમ.એસસી. (ટૅક.)ની ડિગ્રી આપી.

હિંદુસ્તાન પાછા ફરતાં તાતા સન્સ લિ.ના કન્સલ્ટિંગ કેમિસ્ટ તરીકે એમની નિમણૂક થઇ. જે જગ્યા એમની હમેશાની ખંતથી બાર વર્ષ સુધી એમણે દીપાવી. ત્યાર પછી ધ્રાંગધ્રા રાજ્યને માટે એમણે આલ્કાલીનાં કારખાનાંબાંધ્યાં, અને ત્યાર બાદ ઓખા સૉલ્ટ વર્ક્સની શરૂઆત કરી તેના એજન્ટ અને ડાયરેક્ટર થયા. તેઓ કેટલાયે ઉદ્યોગના નિષ્ણાત હતા: તેલના, વનસ્પતિ ઘીના, સાબુના ઉદ્યોગના અને મીઠાના ઉદ્યોગના. યાંત્રિક તેમજ ઔદ્યોગિક કેળવણી માટેની સર વિશ્વેશ્વરૈયાની કમિટીના તેઓ સભાસદ હતા. દેશી વેપારી ચેમ્બરની કમિટીના તેઓ લગભગ ૨૦ વર્ષ સુધી સભ્ય હતા. રૉયલ ઇન્સ્ટીટ્યૂટ ઑવ સાયન્સની સલાહકારક બોર્ડ ઑવ ચેમ્બરના પ્રતિનિધિ તરીકે બારથી પંદર વર્ષ તેમણે કામ કર્યું, તેમજ ફેડરેશન ઑવ ઇન્ડિયન ચેમ્બર ઑવ કૉમર્સ ઍન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિ તરીકે તેઓએ ઇન્ડિયન ઇન્સ્ટીટ્યૂટ ઑવ સાયન્સ, બૅંગલોરમાં પણ કામ કર્યું હતું તેમણે વિજ્ઞાનની શોધખોળને લગતા અસંખ્ય મહાનિબંધો છપાવેલા છે તેમજ ઉપર જણાવેલા ઉદ્યોગો ઉપર પુસ્તકો અને રીપોર્ટો લખેલા છે.

વિજ્ઞાનશાસ્ત્રને જેણે જીવન અર્પણ કર્યું હોય એવા બહુ થોડા વિદ્વાનો હિંદમાં છે. સર જગદીશ બોઝ, સર પી.સી. રૅાય, પ્રો. ગજ્જર, સર સી. વી. રામન વગેરે વિજ્ઞાનશાસ્ત્રના અઠંગ અભ્યાસી અને નિષ્ણાત તરીકે જાહેર છે. પણ 'ઘરકી મુરઘી દાલ બરાબર' એ કહેવત આપણા ગુજરાતીઓને ખાસ લાગુ પડે છે.

આવા અઠંગ અભ્યાસ ને વિદ્વત્તા સાથે તેમનું માનસ ઘણી ઊંચી સ્વતંત્રતા પર રચાએલું હતું.અને એક વિજ્ઞાનશાસ્ત્રી તરીકે.તો, ગમે તેવી પૈસાની ખોટનો કે પછી નોકરીનો પણ ભય હોય તો પણ, પોતાનું દિલ ખુલ્લું કરી પોતાના વિચારો જાહેર કરતાં તે લેશમાત્ર અચકાતા નહિ હિંદી સરકારના મોટામાં મોટા હોદ્દેદારોની સાથે, હિંદના ઉદ્યોગના વિષયમાં કે ઉદ્યોગના શાસ્ત્રીય અભ્યાસના વિષયમાં, અંગ્રેજીમાં જેને crossing the swords કહેવાય છે તેવી શબ્દોની ઝપાઝપી કરવાનું ચૂકતા નહિ. તેઓ રાજદ્વારી અને સંસારી લડતોથી અલગ રહ્યા હતા, પરંતુ એમના વિચાર બહુ આગળપડતા અને ઉદાત્ત હતા. પોતાના કામ અને અભ્યાસ પાછળ એમને એટલી ખંત અને અડગ શ્રદ્ધા હતી કે પોતાની ગમે તેવી

આ માસ (માર્ચ)નું પંખી



ચકદિલ

આખો દિવસ ગાયા કરનારૂં, ખુશમિજાજી ને ચપળ આ પંખી તો આપણું હમેશનું પડોશી છે. ગાચ ઘટાવાળા લીમડા, વડ, આંબા આદિની ઘટામાં એ વસે છે ને માણસના સહવાસમાં ડર્યાં વિના હરેફરે છે. કોઈ ઝાડ પર 'ચીં' કરતી મીઠી સીસોટી સાંભળો કે ઊંચે નજર કરજો. દીવાળીઘોડાને મળતું, પણ સહેજ નાનું, ધોળા માથાવાળું, રાખોડી રંગનું પંખી દેખાશે. સુડોળ, સુકોમળ પાતળી દેહલતાવાળું એ પંખી અત્યંત ચપળ ને સ્ફૂર્તિવાળું હોય છે. ઘડીમાં ઊડે ને ઘડીમાં બેસે. ડાળની ઉપર ને નીચે ફર્યાં કરે ને વારંવાર એની કાળીધોળી ભાતીગળ પૂંછડી, કાગળના પંખાને આપણે કરીએ તેમ, ઉઘાડવાસ કર્યાં કરે.

નર ઊજળો હોય છે; માદા ભીને વાન. નરનું કપાળ સફેદ; બંને આંખો પર સફેદ પટ્ટી; ભમ્મરો પીઠ ને પાંખો રાખોડી; પાંખોને છેડે સફેદ છાંટણાં; પૂંછડીનાં વચ્ચેનાં પીછાંના છેડા સફેદ; બે બાજુનાં પીછાં આખાં ધોળાં; દાઢી અને ગળું કાળાં, છાતી ને પેટ ધોળાં.

સંગીતપ્રિય વર્ગનું આ પંખી આખો દિવસ ગાયા જ કરે છે. આપણાં ગાયક પંખીઓમાં ગાંધર્વરાજ શામા. એનાથી ઊતરતું દૈયડ; બાકી રહ્યાં અગન, ચંડોળ, પીળક વગેરે. પણ એ સૌમાં ચકદિલનું સ્થાન અનેરૂં. દૈયડના સ્વરની તીક્ષ્ણતા એનામાં નથી. અગનની પેઠે બીજાના અવાજની નકલ કરવાની આવડત પણ નથી. છતાં એનું ધીમું અલ્પાયુ સંગીત અત્યંત મનોહારી તો ખરૂં જ. એના સંગીતના ચાર સ્વર: ધીરેધીરે એ આરંભ કરે ને તમે આકર્ષાઓ. બીજે સ્વર આવતાં તમે મુગ્ધ બનો. ત્રીજે તમારી ઉત્સુકતા વધી જાય. અને ચોથે સ્વરે કંઠ ઊંચે ચડે—પણ ખલાસ. તમે પાંચમાની આશા રાખો ત્યાં તો અધવચ એનું સંગીત અટકી જાય. આ એની ગાવાની રીત.

માર્ચથી ઑગસ્ટ એનો સંવનનકાળ હોઈ એની મસ્તી હમણાં જોર હશે. ઝાડની ડાળ પર પત્તાલા જેવો માળો બાંધે છે વરસમાં બે વખત બચ્ચાં આપે છે. ('વનેચર')

તબિયત હોય તોપણ હજારો માઇલની મુસાફરી માટે બે કલાકમાં તૈયાર થઇ જતા. હમણાં જ તેઓ માસ-દોઢ માસની ગંભીર માંદગીમાંથી ઊઠયા હતા અને ચારપાંચ દિવસ જ તેમાંથી નિરાળા રહ્યા હતા. તે છતાં કંપનીને કામે શનિવારે સવારે એરોપ્લેનમાં ઓખા ગયા અને સોમવારે મધરાતે મીઠાપુરમાં, જે આરામ એમણે ભોગવ્યો ન હતો તે આરામની શોધમાં તેમનો આત્મા ગયો !

પોતે બહુ જ ઓછાબોલા હતા, છતાં એમનામાં સાંસારિક પ્રેમ પોતાના કુટુંબીઓ તરફ તેમજ મિત્રો તરફ. બહુ જ હતો એમની સચ્ચાઇ અને પ્રામાણિકતા તલવારની ધાર જેવી હતી, અને તેથી જ કેટલીક વાર બહારના લોકોને એઓ ઉગ્ર સ્વભાવના લાગતા. તેઓ કામચોર હતા નહિ અને કોઇ કામચોરી કરે તેમના તરફ ખૂબ રોષ કરતા. આથી જ એમના માણસો ઉપર એમનો બહુ તાપ પડતો. આવા વિજ્ઞાનશાસ્ત્રી, ઊંચા ચારિત્ર્યવાળા, ઉદ્યોગના નિષ્ણાત નર ન ચાલી જવાથી પડેલી ખોટ પુરાતાં ઘણો વખત લાગશે. એઓ પોતાની પાછળ પત્ની, એક પુત્રી, ત્રણ પુત્રો, તથા કુટુંબીઓ અને મિત્રોનું બહોળું વૃંદ મૂકી ગયા છે. (દાંડીઓ)

આવતી કાલના દીવા

જે રેડિયો પાવરથી પ્રકાશ આપતા હોય, બંધ કરવા છતાં પણ જે પ્રકાશિત રહેતા હોય, અને જે જંતુઓને મારી નાખે, એવા દીવાની તમને કલ્પના આવે છે ? આવતી કાલનાં ઘરોમાં ખરેખર આવા વૈજ્ઞાનિક ચમત્કારો વપરાશે. અમેરિકાના વિખ્યાત 'વેસ્ટિંગહાઉસ' નામના વીજળીને લગતા કારખાનાના લૅમ્પ વિભાગના સંચાલક અને વૈજ્ઞાનિક મિ. સૅમ્યુઅલ હિબ્બન આવા અને બીજા નુસખાઓ હાલ પ્રયોગાત્મક સ્વરૂપમાં અજમાવી રહ્યા છે.

તમે કદાચ Fluoresent 'ફ્લુઓરેસન્ટ' લૅમ્પ વિષેનો સાંભળ્યું હશે. વીજળીના એ ગોળાઓમાં ફીલામેન્ટ (તાર) નથી આવતા, પણ સાદા ગોળામાં ફ્લુઓરેસન્ટ પદાર્થો ભરવામાં આવે છે. એ પદાર્થો એવા હોય છે કે તેને જો અમુક પ્રકારે ઉત્તેજિત કરવામાં આવે તો તેમાંથી વિવિધ રંગોમાં પ્રકાશ નીકળે. આવાં ઉત્તેજિત કરનારાં સાધનોમાં હાઈ વૉલ્ટેજના સ્પાર્ક, અલ્ટ્રા શૉર્ટ વેઈવ, અલ્ટ્રા વાયોલેટ કિરણો વગેરે મુખ્ય છે. ફ્લુઓરેસન્ટ પદાર્થોમાં ખાસ કરીને ફૉસ્ફરસના પદાર્થો, પારા જેવી ધાતુની વરાળ, નીઑન, અને આર્ગન વગેરે જેવા અમુક વાયુઓ, અને અમુક ધાતુઓના તાર વપરાય છે. તે સિવાય બીજા પણ અનેક રાસાયનિક પદાર્થો શોધી કઢાયા છે.

અમુક પદાર્થોના એવા રંગ પણ બનાવવામાં આવ્યા છે કે કોઇ વસ્તુને તે રંગથી રંગીને પછી તેના ઉપર રેડિયો વેઈવ નાખવામાં આવે તો તે પ્રકાશિત થઇ ઊઠે !

ફ્લુઓરેસન્ટ દીવા ગમે તે આકારના બની શકતા હોવાથી સુશોભનો તરીકે તે અતિશય સુંદર રીતે વપરાય છે. વળી તેમાં જુદાજુદા પદાર્થો વાપરવાથી જુદાજુદા રંગના પ્રકાશ મળી શકતા હોવાથી તેમાં એક અથવા અનેક રંગો એકીસાથે કરી શકાય છે. આ લૅમ્પને વાયરિંગની પણ જરૂર નહિ પડે. જેમાંથી અલ્ટ્રાશૉર્ટ રેડિયો વેઈવ્ઝ નીકળે તેવું મશીન ભીંત ઉપર લટકાવી દઈએ એટલે તેમાંથી નીકળતાં કિરણો પેલા ખાસ રંગથી રંગેલી વસ્તુઓ તેમજ ફ્લુઓરેસન્ટ ગ્લોબમાંથી પ્રકાશ ઉત્પન્ન કરે આવા મશિનથી વાયરિંગની તકલિફ દૂર થાય છે અને આપણે લૅમ્પને ગમે ત્યાં લઈ જઈ શકીએ છીએ.

ઉપરાંત નાના કદના જંતુનાશક (બૅક્ટેરીસાઈડલ) દીવા પણ આ પદ્ધતિથી ઘરમાં વાપરી શકાય આવા લૅમ્પમાંથી નાનાં જંતુઓને તરત મારી નાખે એવાં કિરણો નીકળે છે.

કેટલીક ધાતુઓ એવી હોય છે કે તેના ઉપર અલ્ટ્રા વાયોલેટ કિરણો પડે તો તે પ્રકાશ આપે. આવાં ખનીજોમાંથી બનાવેલા રંગો વડે ભીંત રંગ્યા પછી તેના ઉપર જો અદૃશ્ય અલ્ટ્રા વાયોલેટ કિરણો પડે તો આખો ઓરડો સુંદર રંગોના પ્રકાશથી ઝગમગી ઊઠે. વળી, અમુક પદાર્થો એવા આવે છે કે તેના ઉપર એક વાર સાદો પ્રકાશ પડયો કે પછી તે પદાર્થ પોતે જ થોડા સમય સુધી પ્રકાશ આપ્યા કરે. આવા પદાર્થોનો ઉપયોગ મિ હિબ્બને એવા બલ્બ બનાવવામાં કર્યો છે કે તે લૅમ્પ એક વખત ઝગવ્યા પછી સ્વિચ બંધ કરવા છતાં પ્રકાશ આપ્યા કરે ! આ રીતે, હવે પછી આપણું ઘર અજવાળતા દીવા વિવિધ રંગોના પ્રકાશ આપતા, જુદાજુદા આકારના, તેમજ ઘણા જ કાર્યસાધક--એટલે કે વિજળીના બળવાના પ્રમાણમાં વધારે પ્રકાશ આપતા હશે. —વિજય પંડ્યા

ગાજર

ગાજરની ઋતુ હમણાં ચાલે છે. ચોમાસામાં એનું વાવેતર થાય છે અને માગશરથી છેક ચૈત્ર માસ સુધી જોઇએ તેટલાં મળી શકે છે. દિલ્હી અને કચ્છના પ્રદેશનાં ગાજર ઉત્તમ ગણાય છે. ગુજરાતમાં એવાં ગાજર નથી થતાં કચ્છમાં તો બળદ અને ભેંસોને ગાજર ખવરાવે છે એટલો અનર્ગળ પાક થાય છે. ગાજર ખાનાર ઢોર ઉપર ગજગજ લોહી ચડે છે. તત્ત્વશોધકો એમાં લોહ અને ફૉસ્ફેટ હોવાનું જણાવે છે.

આયુર્વેદમાં ગાજરને ઘણું પુરાતન માનવામાં આવ્યું છે. ચરકમાં તો ગાજરનો સુરા (દારૂ) ઉત્તમ ગણેલો છે.

વૈદ્યકશાસ્ત્ર ગાજરને મધુર, રૂચિકર, કષાય, વાયુ કરનાર, ગ્રાહી તથા અર્શ, રક્તપિત્ત, ગ્રહણી, અને કફવાત જીતનાર કહે છે.

ગાજરના મૂળનો લીલો ભાગ અને વચમાંનું પિત્ત કાઢી, સમારી, પાણીમાં બાફી, કોકમ કે લીંબુની ખટાશ નાખી કરેલું શાક સ્વાદિષ્ટ લાગશે. પિત્તનો ભાગ કાઢી નાખી, ખમણી, એ ખમણને જરા નીચોવીને પાણી કાઢી નાખી, ઘીમાં સંતળવા દો. પછી દૂધીનો હલવો બનાવીએ છીએ એ પ્રમાણે જોઈતા પ્રમાણમાં દૂધ અને ખાંડ નાખી હલવો તૈયાર કરો. પૌષ્ટિક, લોહી વધારનાર, સ્વાદ આપનાર અને જલદી પચી જાય એવો હલવો બની રહેશે. એ હલવો હરસમાંથી પડતું લોહી બંધ કરશે અને ઝાડો પાતળો આવતો હશે તો બંધાશે.

ગાજરને સાફ કરીને વચમાંથી ચીરી એમાં આઠમા ભાગે દળેલું મીઠું અને સોળમા ભાગે હળદર નાખી, રગદોળી, છ--આઠ દિવસ રાખી બહાર કાઢીને એનું થએલું પાણી ફેંકી દઇ એક દિવસ તડકે રાખી મૂકવાં. બાદ ખાંડેલી રાઇ, સરસિયું, હળદર, મીઠું વગેરે પ્રમાણસર નાખી બરણીમાં ભરી રાખવું. આઠેક દિવસમાં રાઇ ચડી જઇને સ્વાદિષ્ટ, લિજ્જતદાર છતાં નિર્દોષ અથાણું બનશે, રાઈ-સરસિયું ન ચડાવવું હોય તો લીંબુ સાથે રાખવાથી ખટાશદાર સુંદર અથાણું બને છે અને એ લાંબા વખત સુધી બગડતું પણ નથી.

ગાજરનું ખમણ બનાવીને કેરીનો મુરબ્બો કરીએ છીએ એ જ રીતે સાકરની ચાસણી સાથે મુરબ્બો પણ બને છે. તેનો દેખાવ અને સ્વાદ બંને સુંદર લાગે છે. ગુણમાં તે કેરીથી ચડિયાતો હોય છે. વળી જે જગ્યાએ કેરી નથી ખાઇ શકાતી અથવા કેરીનાં અથાણાં કે મુરબ્બાની પરહેજી હોય છે ત્યાં ગાજરનો આ મુરબ્બો ખુશીથી ખાઇ શકાયછે. સ્વાદમાં ઉત્તમ હોવા ઉપરાંત તે એક પ્રકારના ઔષધની ગરજ સારે છે. ઝાડા, અતિસાર, અર્શ, સંગ્રહણી, હેડકી અને

શોથના રોગમાં આ મુરબ્બા આપી શકાય છે. કારણ કે ગાજર શોધધ્ન અને શ્વાસ તથા હેડકીનો પણ નાશ કરનાર છે.

સારાં લાલ રંગનાં ગાજર ચાર શેર લઇને એનો વચલો તથા મૂળનો લીલો ભાગ કાઢી નાખીને ખમણ કરવું. પછી તેમાં ગાયનું દૂધ આઠ શેર ઉકાળવા મૂકવું. બેત્રણ ઉભરા આવી જાય એટલે ગાજરનું ખમણ એમાં નાખી ધીમા તાપે ઉકાળતા જવું. એ રાબડું શીરા જેવું જાડું થાય એટલે એમાં એક શેર ઘી નાખી એને શેકવાથી દાણા પડી જઇને ચોટી નીકળશે. એને જુદી રાખી મૂકવી. પછી અઢી શેર સારી જાતના ગોળને અઢી શેર પાણીમાં ઓગાળી, ચૂલે ચડાવી, ધીમા તાપે એકતારી ચાસણી થાય એટલે નીચે ઉતારી એમાં ગાજરનો પેલો માવો નાખવો. ઉપરાંત એમાં સાલમ તોલા ૩, બહ્મન સફેદ તો. ૩, ઇસબગુલ ભુંસી તો. ૩, સફેદ મૂસળી તો. ૩, ઇંદ્રજવ તો. ૧, સારી બંગભસ્મ તો. ૧, વાંસકપુર તો. ૧, ઇલાયચી તો. રા, બદામ તો ૫, પિસ્તાં તો. ૫, અખરોડ તો. રા, ખસખસ તો. રા, કોપરાનું ખમણ તો. રા, ફોલેલા ચીલગોઝા તો. રા, ખાંડેલી છોરી ખારેક તો. રા, સફેદ તલ તો. રા, ચાંદીના વરખ તો. ના લઈ, ખાંડવા જેવી વસ્તુ ખાંડીને તથા બદામપિસ્તાં જેવી વસ્તુ કાતરીને ઉપરથી નાખવી. સારી જાતનું ગુલાબજળ તો. રા નાખવું. આ પાકનાં ઢેફાં નહિ બંધાય, પરંતુ હલવા જેવો રહેશે દરરોજ પાંચથી દસ તોલા સવારમાં તે ધીમેધીમે ચાવીને ખાવો. બાળકોને પણ જરૂર આપો. શરીરનો વિકાસ કરી, બુધ્ધિ, બળ, શક્તિ અને જનન અવયવનો વિકાસ કરનાર, મગજશક્તિને વધારનાર, તથા ધાતુને પુષ્ટ કરનાર અલૌકિક શક્તિશાળી આ પાક હૃદયને મજબૂત બનાવે છે, બાળકોનાં શરીર તાઝગીભર્યાં કરે છે, ગરમીથી રહેલો ખોટો ઉશ્કેરાટ દૂર થાય છે, ઉમર વધવાની સાથે છોકરા-છોકરી શરીર નથી લઈ શકતાં અને દુબળાં રહે છે એવાં છોકરાંઓને પેશાબ વાટે કૅલ્શ્યમ કે ફૉસ્ફેટ જતું હોય છે એ બંધ થાય છે, હૃદયનું પલ્પીટેશન બંધ થઇને હૃદયની ગતિ નૉર્મલ બને છે. લોહી-માંસ વધે છે, યાદશક્તિનો વધારો થાય છે, પેશાબની પાછળ કે સ્વપ્નમાં જતી ધાતુ બંધ કરે છે, વીર્યને ઘટ્ટ બનાવે છે હરકોઇ સ્ત્રી, પુરુષ કે બાળક-બાળકીને વિના સંકોચે આપી શકાય એવો તદ્દન નિર્દોષ છતાં ગુણમાં ચડિયાતો પાક છે.

ગાજરથી ખાંસી થાય છે એ વાત સાચી છે; પરંતુ ગાજરનો વચલો ભાગ જેને આપણે પિત્ત કહીએ છીએ એ જ ખાંસી કરનાર છે. ઉપરાંત ગાજર ખાઇને જો તરતજ પાણી પીવામાં આવે તો ખાંસી થાય છે. એટલે ગાજર કે ગાજરની કોઇપણ બનાવટ ખાધા પછી થોડીવાર રહીને જ પાણી પીવું જોઇએ. ગાજર ખાધા પછી પાણી પીવાથી સ્વાદમાં પણ એ વખતે પાણી કડવું લાગે છે.

(ગુજરાત સમાચાર) —વૈદ્ય જાદવજી નરભેરામ શાસ્ત્રી

સિલિકોન—નવું પ્લાસ્ટિક

છેલ્લાં ત્રીસ વર્ષોમાં પ્લાસ્ટિકના વિજ્ઞાનમાં જો કોઈ ક્રાંતિકારી શોધ થઈ હોય તો તે આ સિલિકોન્સ (Silicones) પ્લાસ્ટિકની છે. પેટ્રોલિયમ, મીઠાનું પાણી અને રેતીના મિશ્રણથી બનાવવામાં આવેલું સિલિકોન્સ મૂળ વાયુ સ્વરૂપે હાથ આવે છે, પણ બહારની હવા લાગતાંવાર જ તે પથ્થર જેટલું સખત બની જાય છે. વળી પાણીના જેવા પ્રવાહીરૂપે, તેલ જેવા ઘટ્ટ સ્વરૂપે અને જેમ વાળવું હોય તેમ વાળી શકાય એવા રબ્બર સ્વરૂપે તેનાં રૂપાંતરો પણ થઇ શકે છે. સિલિકોન્સને જે સ્વરૂપ કે ઘાટ આપવામાં આવે તે ઘાટમાં તે કાયમ રહી શકે છે અને આથી ધાર્યામાં પણ ન આવે એવા વિવિધ ઉપયોગમાં તે લઈ શકાય છે

કાગળ ઉપર સિલિકોન્સની વરાળ આપતાં સૂક્ષ્મદર્શક યંત્રથી પણ ન દેખી શકાય એવું પાતળું પડ તેના ઉપર જામે છે આમ થવાથી કાગળ જલાભેદ્ય બને છે એવા કાગળને પાણીમાં બોળવામાં આવે તો બતકની પાંખો ઉપરથી જેમ પાણી ખરી પડે છે તેમ જલબિંદુઓ તેના પરથી સરી પડે છે. સિલિકોન્સની વરાળ અપેલા આવા કાગળ અને તમાકુની સીગારેટ, પાણીમાં ઝબોળી રાખી હોય તોપણ તેને પાણી બહાર કાઢતાં મઝેથી સળગાવી શકાય છે. સિલિકોન્સની વરાળથી આમ કાગળ અને કપડ ઉપર જલાભેદ્યતા પ્રાપ્ત થતી હોવાથી એક દિવસ આપણે કપડાં, બૂટ, ટોપી વગેરે ઉપર સિલિકોન્સનું પડ ચડાવી ફાવે તેવા વર્ષાદની ઝાડીમાં ફરતા હોઈશું તોપણ કોરા ધાકોર જેવા રહીશું કારણ કે કપડાં, બૂટ ઉપરથી વર્ષાદનાં ફોરાં ટપ ટપ ખરી પડશે! અને છતાં ખૂબી તો એ છે કે આવાં અદૃશ્ય જલાભેદ્ય પડવાળાં કપડાં મઝાથી ધોઇ શકાશે અને તેના પર અસ્ત્રી પણ થઇ શકશે.

દરેક પ્લાસ્ટિક અને કુદરતી કે બનાવટી રબ્બરની બનાવટના બંધારણમાં મુખ્યત્વે કાર્બનના પરમાણુઓ હોય છે. એના વિના તો પ્લાસ્ટિક બનાવી જ ના શકાય. પણ કાર્બન ગરમી સહન કરી શકતું નહિ હોવાથી વૈજ્ઞાનિકો ગરમી સહન કરી શકે એવા પરમાણુઓ ગોઠવવાની પેરવીમાં હતા. રેતી અને ચકમકમાંથી મળી આવતું સિલિકોન ગરમી સહન કરે એવું હોય છે. આથી વૈજ્ઞાનિકોએ પ્લાસ્ટિકની બનાવટમાં કાર્બનના અણુઓને બદલે સિલિકોન અને ઓક્સિજનના અણુઓ ગોઠવ્યા. આ બે મૂળ તત્ત્વોના રાસાયણિક સંસર્ગથી ડૉ. મારીલે સિલિકોન રબ્બર બનાવ્યું. માટીના ગારા જેવા દેખાવનું સિલિકોન રબ્બર જમીન ઉપર પછાડો તો બૉલની જેમ ઊછળે એવું હોય છે. તેને વલ્કેનાઇઝ કરવાથી તે સર્પ જેમ વાળી શકાય એવું હોવા છતાં યે આપેલું સ્વરૂપ કાયમ રાખે તેવું બને છે. સામાન્ય રબ્બરનાં ટાયરો ઘર્ષણની ગરમીથી થોડા સમયમાં બગડી જાય છે. પણ સિલિકોન્સ રબ્બરનાં ટાયરો મોટર સારી સ્થિતીમાં રહે ત્યાં સુધી ટકી શકે તેવાં બનશે.

પ્રવાહી સિલિકોન એવા રંગો ને મીના-રોગાન બનાવવામાં પણ કામ લાગશે જે ગરમી, સૂર્યપ્રકાશ અને કાટ ખવડાવે એવાં રસાયનિક દ્રવ્યો સામે ટકી શકે. આ નવું પ્રવાહી વેસેલાઇન જેવા ઘટ્ટ ચીકણા સ્વરૂપનું. શૂન્ય અંશથી ૪૦ ડિગ્રી નીચે પણ કઠણ ના બને તેવું અને ૪૦૦ ડિગ્રી ગરમીથી પણ ના ઓગળે એવા ગુણધર્મ વાળું હોય છે.

સાંચા ચલાવવા વપરાતી ઇલેકટ્રિક મોટરોની શક્તિ અને જિંદગી, તેનું ઈન્સ્યુલેશન જેટલા અંશે ગરમી સહન કરી શકે તેના ઉપર આધાર રાખે છે. એવી મોટરો હવે સિલિકોન્સના પડ વડે વીજ-રબી (ઈન્સ્યુલેટ) કરવાથી તે વધારે અંશની ગરમી સહન કરી શકે તેવી અને ૩૦૦૦ કલાકના કાર્ય પછી પણ અગાઉના જેવી જ મજબૂત રહે છે. એવી મોટર નાની, હલકી અને દરેક કાયમાં નભી શકે તેવી બને છે, અને ત્રણ હૉર્સપાવરની મોટરને સિલિકોન્સનું પડ ચડાવવાથી તે દસ હૉર્સપાવર જેટલું કામ આપતી થાય છે.

દસ વર્ષ પહેલાં અમેરિકાના કૉર્નીંગ ગ્લાસ વર્કસના ડૉ. ઇ. સી. સલીવાને કાચ ને પ્લાસ્ટિક વચ્ચેનું રાસાયનિક ક્ષેત્ર શોધવા માંડયું. પ્રયોગો કરતાં તેમણે આ સિલિકોન પ્લાસ્ટિક શોધી કાઢયું આ નવું પ્લાસ્ટિક બીજા વિશ્વયુદ્ધનાં ઘણાં ગુપ્ત કાર્યોમાં ઉપયોગી થઈ પડયું હતું.

અમેરિકાની ડૉ. કેમિકલ કંપની, કૉર્નીંગ ગ્લાસ વર્કસ અને જનરલ ઈલેકટ્રિક કંપનીની સંયુક્ત પ્રયોગશાળામાં સિલિકોન્સની બનાવટમાં એટલી બધી પ્રગતિ સાધી શકાઈ છે કે તેના અનેકવિધ

ઉપયોગો સંબંધી અનેક તર્કવિતર્કો થાય છે તે અત્યાર સુધી શોધાયેલાં બધાં પ્લાસ્ટિકોમાં સર્વોપરી તો છે જ પણ તેના ઉદ્ભવથી નવા ઉદ્યોગોનો પણ જન્મ થયો છે. —ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

પિંગળ પરિચય

આપણા સાહિત્યમાં જે છંદો વપરાય છે તેનાં બંધારણનો અભ્યાસ કરવા જેવો છે. પણ આપણાં સામાન્ય કાવ્યોમાં જે છંદો વપરાય છે, ને ઉસ્તાદ ગવૈયાઓ જે રાગ ગાય છે તેની વચ્ચે, બંધારણદૃષ્ટિએ, મહત્ત્વનો તફાવત છે. દોહરા, હરિગીત, શિખરિણી, શાર્દૂલ વગેરે 'છંદો' કહેવાય; અને ભૈરવી આશા, બિભાસ વગેરે 'રાગ' કહેવાય. અહીં તો આપણે છંદોનું બંધારણ જ તપાસીશું.

લઘુ–ગુરુ

આપણે કોઈ પણ છંદ ગાઈએ ત્યારે કેટલાક અક્ષરને લંબાવીએ છીએ અને કેટલાકને ટૂંકાવીએ છીએ. જે અક્ષરોને લંબાવીને બોલીએ તેને 'ગુરુ' કહેવાય અને જેને ટૂંકાવીને બોલીએ તેને 'લઘુ' કહેવાય. આપણી અક્ષરમાળામાં 'અ'(હ્રસ્વ), 'ઈ'(હ્રસ્વ), 'ઉ' ને ઋ (હ્રસ્વ) એમ ચારસ્વરો, તથા તે સ્વરોવાળા વ્યંજનો 'લઘુ' છે, બીજા બધા ગુરુ છે. આમ, ક, કિ, કુ, કૃ અથવા ખ, ખિ, ખુ, ખૃ વગેરે ચચ્ચાર અક્ષરો 'લઘુ' છે, બાકીના બધા–કા, કી, કૂ, કે, કૈ, કો, કૌ, કં, કઃ ગુરુ છે

વળી કોઇ પણ લઘુ અક્ષરની પહેલાં જોડાક્ષર આવે તો તે લઘુ ગુરુ બની જાય છે. 'સર્વત્ર' માં 'સ' લઘુ છે; પણ તેની પછી 'ર્વ' જોડાક્ષર છે માટે 'સ' ગુરુ ગણાય. તેમજ 'ર્વ' લઘુ છે, પણ તેની પછી 'ત્ર' જોડાક્ષર છે માટે 'ર્વ' ગુરુ ગણાય ક્ષ ને જ્ઞ જોડાક્ષર છે.

પરંતુ આપણી ભાષામાં 'આવ્યો, પડ્યો, લડ્યો' વગેરે ભૂતકાળનાં રૂપોમાં 'વ્યો' 'ડ્યો,' વગેરે જોડાક્ષરો એટલા તો મોળા (પ્રયત્ન વગર) ઉચ્ચારાય છે કે પિંગળમાં તેને જોડાક્ષરો ન ગણીએ તો ચાલે. આથી આવા જોડાક્ષરો પહેલાં જે લઘુ અક્ષર આવ્યો હોય તેને લઘુ જ ગણવો. લઘુ–ગુરુ જાણવાની એક મુખ્ય ચાવી તે ઉચ્ચાર છે. બોલતાં વધારે વખત લાગે તે ગુરુ અને ઓછો વખત લાગે તે લઘુ. ગુરુનું ચિહ્ન અક્ષર ઉપર—આવી લીટી અને લઘુનું ચિહ્ન અક્ષર ઉપર ⌣ આવો અર્ધચંદ્રકાર મૂકવો તે છે.

માત્રા

કોઈ પણ વર્ણ બોલતાં વધુ ઓછી વાર લાગે તે મુજબ આપણે તે તે અક્ષરને લઘુ ગુરુ ગણ્યા. પણ કેટલીક વખત તેનું બરોબર માપ કાઢવું પડે છે. આ માપને 'માત્રા' કહે છે. દાખલા તરીકે લઘુને બોલતાં જેટલો વખત લાગે છે તેથી બમણો વખત ગુરુને બોલતાં લાગે છે. તેથી પિંગળશાસ્ત્રીઓ લઘુની એક માત્રા અને ગુરુની બે માત્રા ગણે છે. માત્રા એટલે એક અક્ષરને બોલતાં જે વખત લાગે તેનું માપ. દાખલા લઇએ:

૨ ૨ ૨ ૨   ૧ ૧ ૧ ૨   ૧ ૧ ૧ ૧   ૨ ૨ ૨ ૧
દીવાળીના   દિવસમાં   ઘરઘર   દીવા થાય

આ દોહરામાં દરેક અક્ષર ઉપર આંકડા મૂક્યા છે તે, તેને અક્ષરની માત્રાના છે. આ હિસાબે દોહરો ૨૪ માત્રાનો થાય.

શ્લોક અને ચરણ

આખું યે કાવ્ય અમુક શ્લોકોમાં વહેંચાઇ ગયું હોય છે. દરેક શ્લોકને ચાર ચરણ અથવા પંક્તિ હોય. ગુજરાતીમાં કેટલીક વાર સગવડ ખાતર બબ્બે ચરણો એક જ લીટીમાં છાપવામાં આવે છે. દાખલા તરીકે, ઉપલો દોહરો ખરેખર તો બે લીટીમાં જ છાપવો જોઇએ.

બે પ્રકારના છંદ

આપણા છંદોના બે ભાગ છે. કેટલાક છંદોનું માપ માત્રાઓની સંખ્યા મુજબ જ ગણાય છે તે 'માત્રામેળ' છંદ કહેવાય છે; કેટલાકનું માપ અક્ષરોની સંખ્યા મુજબ જ થઇ શકે છે. તે 'અક્ષરમેળ' કે 'વર્ણમેળ' છંદ કહેવાય છે (અક્ષરને 'વર્ણ' પણ કહે છે તેથી).

માત્રામેળ છંદમાં દરેક ચરણમાં માત્રાની સંખ્યા અમુક જ હોય. એટલે કે આખા યે ચરણના બધા અક્ષરોની માત્રાના સરવાળો અમુક થવો જોઇએ. પહેલા અક્ષરની અમુક જ માત્રા અને બીજા અક્ષરની અમુક જ માત્રા એવો આકરો નિયમ માત્રામેળ છંદમાં નથી. એમાં તો બધી મળીને આખા ચરણમાં માત્રાની અમુક સંખ્યા થવી જોઇએ એટલો જ નિયમ છે.

પણ વર્ણમેળ છંદમાં તો દરેક ચરણમાં અક્ષરોની અમુક જ સંખ્યા જોઇએ, અને તે પણ અમુક ઠેકાણે લઘુ અને અમુક ઠેકાણે 'ગુરુ' અક્ષર જ જોઇએ, એવું કડક બંધારણ છે. અહીં ધ્યાનમાં રાખવું કે જોડાક્ષર તેના સ્વર સહિત એક જ અક્ષર ગણાય દા. ત 'વ્યક્તિ'માં 'વ્ય' એક અક્ષર અને 'ક્તિ' બીજો અક્ષર, એમ બે જ અક્ષરો છે.

આમ, માત્રામેળ છંદનું બંધારણ સહેજવું રહેલું છે, કારણ તેમાં તો દરેક ચરણમાં માત્રાની અમુક સંખ્યા હોય છે એટલું જ ધ્યાનમાં રાખવાનું છે. પણ અક્ષરમેળમાં તો દરેક ચરણમાં કેટલા અક્ષરો જોઇએ તે તો યાદ રાખવાનું જ, ઉપરાંત દરેક અક્ષર કેવો છે (એટલે કે લઘુ છે કે ગુરુ છે) તે પણ યાદ રાખવાનું.

ગણ

એમાં મુશ્કેલી તો બહુ પડે. દાખલા તરીકે, અમુક છંદમાં પહેલો ગુરુ, બીજો લઘુ, ત્રીજો ગુરુ, એમ યાદ રાખવું તો આકરું પડી જાય. તેથી પિંગળશાસ્ત્રીઓએ ત્રણત્રણ અક્ષરોના સમૂહ પાડી નાખ્યા છે.

હવે જુઓ: લઘુ ને ગુરુના ત્રણત્રણ અક્ષરમાંથી માત્ર આઠ જુદી જુદી જાતની રચના થઈ શકે. કાં તો ત્રણે ગુરુ હોય (– – –); કાં તો બધા લઘુ હોય (⌣ ⌣ ⌣); કાં તો પહેલો ગુરુ ને બીજા બે લઘુ (– ⌣ ⌣); કાં તો પહેલા બે ગુરુ ને ત્રીજો લઘુ (– – ⌣); કાં તો પહેલો લઘુ ને બીજા બે ગુરુ (⌣ – –); કાં પહેલા બે લઘુ ને ત્રીજો ગુરુ (⌣ ⌣ –); કાં તો પહેલો ગુરુ બીજો લઘુ અને ત્રીજો ગુરુ (– ⌣ –); અને કાં પહેલો લઘુ, બીજો ગુરુ ને ત્રીજો લઘુ (⌣ – ⌣); આમ ત્રણત્રણ સમૂહની આઠ જ પ્રકારની રચના થઇ શકે, તેથી વધુ નહિ. આ દરેક સમૂહને 'ગણ' કહેવાય છે. ગણ એટલે સમૂહ. ત્રણ ત્રણ અક્ષરોનો સમૂહ તે ગણ. તેનાં નામ નીચે મુજબ: (⌣ – –) એટલે યગણ; – – – એટલે મગણ; – – ⌣ એટલે તગણ, – ⌣ – એ રગણ, ⌣ – ⌣ જગણ, – ⌣ ⌣ ભગણ ⌣ ⌣ ⌣ નગણ, ⌣ ⌣ – સગણ. આને યાદ રાખવામાં નીચેનો શ્લોક મદદરૂપ થશે:

આદિ મધ્ય અને અન્તે   યરતોમાં લઘુ મૂકવો,
ભજસોમાં ગુરુ એમ,   નમોમાં લઘુ ને ગુરુ.

પહેલી લીટીનો અર્થ આમ છે: ય, ર અને ત ગણોમાં અનુક્રમે પહેલો, વચલો અને છેલ્લો અક્ષર લઘુ આવે, બાકીના બે ગુરુ એટલે 'ય' ગણમાં પહેલો લઘુ ને બીજા બે ગુરુ; 'ર' ગણમાં પહેલો ગુરુ વચલો લઘુ ને છેલ્લો ગુરુ; અને 'ત' ગણમાં પહેલા બે ગુરુ ને છેલ્લો લઘુ. આમ જ, બીજી લીટીના પહેલા ચરણ ઉપરથી. ભ, જ, સ ગણમાં અનુક્રમે પહેલો, વચલો અને છેલ્લો અક્ષર ગુરુ આવે, અને છેલ્લા ચરણ મુજબ 'ન' અને 'મ' ગણમાં અનુક્રમે બધા લઘુ ને ગુરુ, એટલે કે 'ન' માં બધા લઘુ ને 'મ' માં બધા ગુરુ. આમ, આ શ્લોકનો અર્થ સમજ્યા પછી ગણ યાદ રાખવા બહુ સહેલા પડશે.

વળી લઘુને બદલે 'લ' સંકેત મુકાય છે અને ગુરુને બદલે 'ગ' મુકાય છે. આ સંકેત દ્વારા ગણ યાદ રાખવાની બીજી રીત પણ છે. નીચેના અક્ષરો યાદ રાખવા: **યમાતારાજભાનસલગં.** આમાં શરૂના આઠ અક્ષર તે એકએક ગણનું નામ છે, અને છેલ્લા બે 'લ' અને 'ગં' તે લઘુ અને ગુરુ ને બદલે છે. વળી, પહેલો અક્ષર 'ય' છે તો તેનો ય ગણ 'ય' થી માંડીને ત્રણ અક્ષરો સુધી (યમાતા) થાય છે એવી પણ રચના છે એટલેકે 'ય'ગણમાં 'યમાતા'માં છે તેમ લઘુગુરુ ગુરુ હોય. એવી જ રીતે 'ત'ગણ માટે તારાજ, 'ર'ગણ માટે રાજભા, જ=જભાન, ભ=ભાનસ, ન=નસલ, અને સ=સલગં.

માત્રામેળના પણ કેટલાક ગણ પિંગળશાસ્ત્રોમાં આપ્યા છે. પણ તે શરૂઆતના અભ્યાસીઓને બહુ જરૂરના નથી. માત્રામેળના ગણને માત્રિક ગણ કહે છે. તે પાંચ છે. તેનાં નામ-છગણ, પગણ ચગણ, તગણ અને દગણ: છગણ એટલે છ માત્રાનો સમૂહ, પગણ એટલે પાંચ માત્રાનો સમૂહ, ચગણ એટલે ચાર માત્રાનો, તગણ એટલે ત્રણ માત્રાનો ને દગણ એટલે બે માત્રાનો સમૂહ, આને અનુક્રમે ટગણ, ઠગણ, ડગણ, ઢગણ, ણગણ પણ કહે છે પણ સરળતાને ખાતર—**છ પ ચ ત દ** જ ઠીક છે, કારણ તેમાં દરેકમાં જેટલી માત્રાઓ તેટલીએ તેનો પહેલો અક્ષર છે. તેથી યાદ રાખવાનું ઠીક પડે.

(શ્રી ડોલરરાય ર. માંકડના 'પિંગળપ્રવેશિકા'માંથી)

આટલી પ્રાથમિક સમજ પછી હવે આ અંકમાં અન્યત્ર આપેલો 'પિંગળ પરિચય'નો લેખ જુઓ.

પોટ્ટના

તેલુગુ ભાષાના આ વિખ્યાત ભક્તકવિનું આખું નામ બમ્મનર પોટ્ટના. એ આંધ્ર પ્રદેશના એક નાનકડા રાજ્યના રાજા રાવસિંહનો આશ્રિત કવિ હતો. એણે પોતાના આશ્રયદાતા રાજાની પ્રેયસી પર 'ભોગિનીદંડકમ્' નામનું સુંદર કાવ્ય રચ્યું છે. પાછળથી એના કાવ્યરસે ધાર્મિક સ્વરૂપ પકડ્યું અને એણે મૂળ સંસ્કૃત ભાગવતનું અત રસમય ભાષાંતર તેલુગુ ભાષામાં કર્યું. એ તેલુગુ સાહિત્યમાં ગૌરવમણિ ગણાય છે. કહે છે કે આ ભાષાંતરમાં મૂળ સંસ્કૃતને અક્ષરશઃ વળગી ન રહેતાં કવિએ જ્યાં સૂઝ્યું ત્યાં હૈયાઉકલતનું ઘણું ઉમેર્યું છે.

મૂળ ભાગવતમાં વર્ણવેલા ગજગ્રાહના પ્રસંગે ગજરાજની પ્રાર્થના સાંભળીને વિષ્ણુ અસ્ત્રશસ્ત્ર સહિત ભક્તની વહારે દોડે છે એમ વર્ણવ્યું છે; જ્યારે પોટ્ટના કૃત ભાગવતમાં ભક્તવત્સલ ભગવાનને અસ્ત્રશસ્ત્ર લીધા વિના એમ ને એમ પહેરેલે લૂગડે દોડતા વર્ણવ્યા છે. પોટ્ટના તૈયાર થતું ભાષાંતર પોતાના બનેવી મહાકવિ શ્રીનાથ પંડિતને બતાવતા. શ્રીનાથ પંડિતે આ ફેર જોઈને કહ્યું, 'તમે અહીં મૂળ ભાગવતને અનુસર્યા નથી એ ઠીક કર્યું નથી. અસ્ત્રશસ્ત્ર વગરના ભગવાન શું કરવાના ?' પોટ્ટના કહે, 'વારૂ ! હું વિચારી જોઈશ.'

પછી શ્રીનાથ પંડિત ઘરમાં જમવા ગયા. પોટ્ટના બહાર ઓસરીમાં બેઠો હતો. એને શું સૂઝ્યું તે શ્રીનાથ પંડિતનો દીકરો જે આંગણામાં રમતો હતો તેને કોઇ કામે બહાર મોકલ્યો અને ઘરઆંગણા આગળના કૂવામાં પત્થરની મોટી છાટ નાખી છાટ પડવાનો ધબાકો થતાં શ્રીનાથ પંડિત, પોતાનો છોકરો કૂવામાં પડ્યો જાણી એંઠે હાથે ખાતાંખાતાં બહાર દોડી આવ્યા.

પોટ્ટના કહે: 'કેમ પંડિતજી! આમ એંઠે હાથે?' પંડિતજીએ કહ્યું: 'તમારો ભાણેજ રમતાંરમતાં કૂવામાં પડ્યો કે શું, એવી ફાળથી હું દોડતો આવ્યો.' પોટ્ટના કહે:'અરે ના, ના; આ તો પેલી પત્થરની છાટ ઠેસ વાગતી હતી તે મેં કૂવામાં નાખી . . . પણ જુઓ, તમે દીકરાને કૂવામાંથી કાઢવા કેવા એંઠે હાથે, એમ ને એમ આવ્યા? ન લાવ્યા ડોલ કે ન દોરડું કે ન બિલાડી ! એવું જ ભગવાનનું છે. છોકરાની લાગણી આડે તમને કશું સાધન લેવાનું ન સૂઝ્યું તો ભક્તની લાગણી આડે ભક્તવત્સલ ભગવાનને તે કશું લેવાનું સૂઝે કે ?'

શ્રીનાથ પંડિત ચૂપ થઈ ગયા.

(અંગ્રેજી ઉપરથી) —શિવમ્ સુંદરમ્

નવસારી

નવસારી દક્ષિણ ગુજરાતનું એક પુરાણું શહેર છે. પ્રાચીન કાળથી એ વેપાર અને ઉદ્યોગના ક્ષેત્રમાં અગત્યનો ભાગ ભજવતું આવ્યું છે. છેક ઈશુ ખ્રિસ્તના જન્મ પહેલાં નવસારી હિંદના પશ્ચિમ કાંઠાના મશહૂર બંદર તરીકે ગ્રીક પ્રજાને જાણીતું હતું. ત્યારે નવસારીમાં હાથશાળનું કામ થતું અને ત્યાંનું બાસ્તા તો વિશ્વવિખ્યાત ગણાતું. વિદેશી વેપારીઓ પણ આ વણાટ જોવા નવસારી આવતા. નવસારીનું માટીકામ, સુથારીકામ અને કાગળઉદ્યોગ પણ ત્યારે તેટલાં જ જાણીતાં હતાં. પાસેનાં ગામોની બાઇઓ સુંદર જરીભરતનું કામ કરતી અને આજે ય કરે છે. એ શુભ દિવસોમાં નવસારી સાચે જ કળાના કેન્દ્ર અને ખજાના સમું હતું. નિકાસ વ્યાપારનું પણ તે એક મુખ્ય બંદર હતું. ઇતિહાસ જણાવે છે કે સુરતમાં કોઠી નંખાઈ તે પહેલાંથી અંગ્રેજોનાં વહાણો ઈ.સ ૧૬૧૨માં અહીં લંગારાતાં હતાં.

બારમી સદીમાં નવસારી જૈનધર્મનું કેન્દ્ર હતું. બૌદ્ધ વિહારની સારનાથ જેવી એક વિદ્યાપીઠ પણ એની નજીકમાં હતી. ૧૮મી સદીમાં નવસારીના દેસાઇઓએ શ્રીમંત પીલાજીરાવ ગાયકવાડની મદદ માગી. તેમણે સોનગઢ કિલ્લો જીતી ત્યાં રાજગાદી સ્થાપી અને ત્યારથી વડોદરાના ગાયકવાડની સત્તા હેઠળ નવસારી આવ્યું.

નવસારી એ હિંદનું સર્વપ્રથમ પારસી મથક છે. ઈ. ૧૮૦૦માં મુંબઇની સર્વપ્રથમ સુંદર ગોદીના બાંધનારાઓ બિલ્લીમોરા, નવસારી અને સૂરતના પારસીઓ હતા. અકબરના દરબારમાં સર્વ પ્રથમ જરથોસ્તી ધર્મ પર પ્રકાશ પાડનાર દસ્તુર મહેરજી રાણા નવસારીના હતા; સર્વ પ્રથમ સ્વરાજ્યનો મંત્ર દેશને આપનાર હિંદના દાદા દાદાભાઇ નવરોજી નવસારીના હતા; હિંદના મહાન ઉદ્યોગપતિ જમશેદજી નસરવાનજી તાતા પણ નવસારીના હતા.

નવસારીએ સર જમશેદજી જીજીભાઈ જેવા કેળવણીના ક્ષેત્રમાં યશ મેળવનાર મહાન દાનવીરને પેદા કર્યા.-એમણે જાતિ, ધર્મ કે રંગના ભેદભાવ સિવાય ૫૦ લાખ રૂપિયાથી વધુ દાન કર્યાં છે. કાયદાના ક્ષેત્રમાં સર દીનશા મુલ્લાંએ નવસારીનું નામ હિંદભરમાં ઉજ્જવળ કર્યું છે. વર્તમાન સમયના મહાન ઉદ્યોગપતિ સર હોમી મહેતાએ ભાવિ પ્રજા માટે એક જબ્બર એન્જીનીઅરિંગ સંસ્થા માટે ત્રણ કરોડ રૂપિયા, ઉપરાંત બીજી સારી રકમ એ સંસ્થા અંગે યંત્રો ખરીદવા આપી છે.

(સર અરદેશર મોદી)

જૂના થઈ ગએલા બ્રોમાઇડ પેપર માટે

ફોટોગ્રાફિક બ્રોમાઈડ પેપર બહુ સમય પડી રહેવાને કારણે 'ફૉગ' થઇ ગયા હોય તો તેને નીચેના પ્રયોગથી, વપરાશમાં લેવાય તેવો તાજા કાગળ જેવો જ બનાવી શકાશે જોકે તેની ઝડપ લગભગ ૫૦ ટકા ઘટી જશે નીચેના દ્રાવણમાં અંધારામાં 'બાથ' આપવો:

૫ ગ્રેન પોટાશિયમ પરમેંગનેટ, ૩૦ મિનિમ્સ સલ્ફ્યુરિક ઍસિડ અને ૪૮ ઔંસ પાણીના દ્રાવણમાં કાગળને એક મિનિટ સુધી સારી રીતે ભીંજવીને પછી ૨૦ ગ્રેન સોડિયમ સલ્ફાઇટ અને ૧ ઔંસ પાણીના દ્રાવણમાં ફરીથી એક મિનિટ સુધી રાખો. પછી ઈચ્છા હોય તો તરત જ તે કાગળને ઉપયોગમાં લઈ શકો છો, નહિતર પછી અંધારામાં સંપૂર્ણપણે સુકાવા દઇ 'પેક' કરી દો.

આ માસ(માર્ચ) ઈતિહાસમાં

તા. ૩ તુર્કસ્તાનમાં ખિલાફતનો અંત આવ્યો, ૧૯૨૪.
તા. ૬ ઈટાલિયન કલાકાર માઈકલ ઍન્જેલોનો જન્મ ૧૪૭૫.
તા. ૯ ગાંધીજીએ અસહકારની યોજના પ્રથમ જાહેર કરી, ૧૯૨૦.
તા. ૧૨ રશિયન લોકક્રાંતિની રશિયામાં શરૂઆત, ૧૯૧૭; અને હિન્દી ક્રાંતિની સૂચક મીઠા-સત્યાગ્રહ માટેની દાંડીકૂચ મહાત્મા ગાંધીજીએ અમદાવાદમાં શરૂ કરી, ૧૯૩૦.
તા. ૧૩ ગુજરાતના અગ્રણી સાહિત્યસેવક અને સમાજસુધારક સર રમણભાઇ નીલકંઠનો જન્મ, ૧૮૬૮.
તા. ૧૫ જુલિયસ સીઝરનું ખૂન, ઈ. સ પૂર્વે ૪૪.
તા. ૧૮ લૉર્ડ અર્વિનને હાથે નવું દિલ્હી ખુલ્લું મુકાયું, ૧૯૨૭.
તા. ૨૧ પશ્ચિમીઓએ બગાડેલું 'પર્શિયા' નામ નાબૂદ કરીને પોતાનું રાષ્ટ્રીય નામ 'ઈરાન' ધારણ કરીને એ દેશે બધા દેશોને એ નામ વાપરવાની તાકીદ કરી, ૧૯૩૫.
તા. ૨૩ લાહોર કાવતરા કેસને અંગે ભગતસિંહ વગેરેને ફાંસી, ૧૯૩૧.
તા. ૨૯ અંગ્રેજોએ પંજાબ પ્રાંત આખો સર કરી લીધો, ૧૮૪૯.



આ માસની વ્યક્તિવિશેષ

માઇકેલઍન્જેલો

ઈટલીના સાંસ્કૃતિક પુનરુત્થાનકાળ (રીનેસાં)નો આ શિરોમણિ કલાકાર (જગનામી ચિત્રકાર, શિલ્પી, સ્થપતિ અને કવિ)નો જન્મ ફ્લૉરેન્સમાં કૅપ્રેસી મુકામે, ૧૪૭૫ના માર્ચની ૬ઠ્ઠીએ થએલો. તેર વરસની વયે જેને ત્યાં એ શીખવા ગયો તે કલાકારે ટૂંક વખતમાં જ જાહેર કર્યું કે આ છોકરો મારા કરતાં પણ વધુ જાણે છે! તેના પહેલા જ શિલ્પે ફ્લૉરેન્સના વિખ્યાત નરેશ લૉરેન્ઝો દ મેડીસીનું ધ્યાન ખેંચ્યું અને તેને કલાકાર તરીકે રાજમહેલમાં જ કામ કરવા રાખ્યો. પણ ૧૪૯૨માં લૉરેન્ઝોના મરણ પછી એ બોલોના ગયો. ૧૪૯૬માં એક ધર્મગુરુનો બોલાવ્યો એ રોમ ગયો અને ત્યાંના મહાન સૅંટ પીટર્સ દેવળમાં 'પાએટા'નું શિલ્પ સર્જી ૨૬ની વયે તો 'શિલ્પીશ્રેષ્ઠ'ના બિરુદ સાથે વતન પાછો ફર્યો. અને આ વખતે આરસની એક ૨૬ ગણાએલી મોટી શિલામાંથી તેણે 'ડેવિડ'નું જે વિખ્યાત શિલ્પ કંડાર્યું તેનાથી તો એ દિગંતકીર્તિત બની ગયો. ઈ. ૧૫૦૫માં ખુદ પોપે તેને પોતાનું સ્મારક ઘડવા રોમ નોતર્યો, પણ પૈસા બાબતમાં પોપે કાંઈક ચાલાકી કરતાં તે રોષે ભરાઈ વતન પાછો ફર્યો. ૧૫૦૮માં સમાધાન થતાં પાછો તે રોમ ગયો અને વૅટિકનમાંના પોપના અંગત દેવળ સિસ્ટાઈન ચૅપલમાંના તેનાં અદ્ભુત છતચિત્રો કર્યાં. ૧૫૨૭માં ફ્લૉરેન્સે મેડીસી રાજકર્તાઓની ધૂંસરી ફગાવી દેવા બળવો પોકાર્યો તેમાં બાવન વર્ષના આ કલાકારે પણ ઝંપલાવ્યું, પણ એ શહેરના પતન બાદ પોતાનું કાર્ય ફરી શરૂ કર્યું. ૧૫૩૪માં નવા પોપે તેની પાસે આગ્રહપૂર્વક તેનું જગવિખ્યાત ચિત્ર 'છેલ્લો ન્યાય' ચીતરાવ્યું અને ૧૫૪૫માં ૭૦ની વયે તેણે જુલિયન સમાધિનું કામ પૂરું કરતાં પોપે તેને રોમનું જંગી અને જગનામી દેવળ સૅંટપીટર્સ પૂરું કરવા માટેનો સ્થપતિ નીમ્યો. તેની કાવ્યકૃતિઓ પણ શ્રેષ્ઠ ઇટાલિયન કાવ્યરત્નોમાં ગણના પામી છે. ઈ. ૧૫૬૪ના ફેબ્રુઆરીની ૧૮મીએ ૮૯ વર્ષની પાકટ વયે જગતની આ અદ્ભુત પ્રતિભાનું અવસાન થયું.

નવાં પુસ્તકો

અમારો ગુર્જર દેશ ગુજરાતના જુદાજુદા કુદરતી વિભાગોમાં થતી મુખ્ય પેદાશ, એ પેદાશને અંગેના ધંધા, લોકજીવનની ચર્ચા તથા આપણા ઘરઆંગણાના સંયોગની આપણા જીવન ઉપર થતી અસર વગેરેને જુદીજુદી રસમય શૈલીઓથી નિરૂપીને પુષ્કળ નકશાઓ અને ચિત્રો (૭૫ પાનાંમાં ૮૫ ચિત્રો) સાથે નવી દૃષ્ટિએ ભૂગોળનું શિક્ષણ આપતું પુસ્તક: લેખક વરધભાઇ લ. પટેલ અને અંબાલાલ અ. ઇનામદાર. પ્રકાશક—વોરા ઍન્ડ કંપની, પબ્લિશર્સ લિ., ૩ રાઉન્ડ બિલ્ડિંગ કાલબાદેવી રોડ, મુંબાઈ ૨ ૦-૧૦-૦; **ધૂવડ બોલ્યું** ૧૯૪૨ના રાષ્ટ્રોત્થાનના પ્રસ્પંદ ઝીલીને લખેલી નવલકથા: લેખક નારૂ દેશાઇ, પ્રકાશક-આદર્શ પુસ્તક ભંડાર, રાયખડ રોડ અમદાવાદ, ૨-૪ ૦; **બહેનોને** રાજકુમારી અમૃતકોરના અંગ્રેજી 'ટુ વિમેન'નો **અનુવાદ**: અનુવાદક-કરીમભાઈ વોરા, પ્રકાશક નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૦-૬-૦; **રચનાત્મક કાર્યક્રમ** તેનું રહસ્ય અને સ્થાન (નવી સુધારેલી આવૃત્તિ): લેખક મોહનદાસ કરમચંદ ગાંધી. પ્રકાશક—નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૦-૬-૦; **દીનબંધુ** જન્મે અંગ્રેજ પણ હિંદને માતૃભૂમિતુલ્ય ગણીને જીંદગી એ ભૂમિને અનેકવિધ સેવાઓ આપવામાં તથા હિંદીઓને ન્યાય અપાવવા માટેની વિવિધ ઝુંબેશમાં પોતાનું જીવન અર્પણ કરેલું તે સ્વ. સી. એફ. ઍન્ડ્રૂઝનું ચરિત્ર. હિંદી ઉપરથી અનુવાદક—રસુલભાઈ ન. વહોરા, પ્રકાશક-પુસ્તકાલય સ. મંડળ લિ., વડોદરા, ૨-૦-૦; **પરિહાસ:** સ્વ. નવલરામ જ. ત્રિવેદીના વિનોદાત્મક લેખોનો અંતિમ સંગ્રહ, પ્રકાશક-રતિલાલ શાહ, યુગધર્મ કાર્યાલય, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨, ૨-૮-૦; **કુમારકથાઓ:** રમણલાલ સોનીની કુમાર અને કિશોરકથાઓનો સંગ્રહ,—એન. એમ. ઠક્કરની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨, ૩-૦-૦;

ભારતી સાહિત્ય સંઘનાં પ્રકાશનો

શશીજતા: 'ધ મૂન ઈઝ ડાઉન' નામની સ્ટાઈનબેકની વિખ્યાત કથાનો અનુવાદ, અનુવાદક-જયંતકુમાર મ. ભટ્ટ, ૨-૦-૦; **સાપના ભારા:** શ્રી ઉમાશંકર જોષીની નાટિકાઓના સંગ્રહની બીજી આવૃત્તિ, ૨-૦-૦; **પશમી અને બીજી વાતો:** વૈજ્ઞાનિક, ભૌગોલિક અને પ્રાદેશિક વાર્તાઓનો સંગ્રહ, લેખક—સ્વ. હરજીવન સોમૈયા, ૨-૮-૦; **સાહિત્ય અને પ્રગતિ:** (ગ્રંથ બીજો) કરસનદાસ માણેક, ગુલાબદાસ બ્રોકર, ઉમેદભાઈ મણિયાર, સ્વપ્નસ્થ અને બકુલેશ સંપાદિત કરેલો પ્રગતિશીલ સાહિત્યનો સંગ્રહ. ૩-૦-૦; **પ્રભુ પધાર્યા:** શ્રી ઝવેરચંદ મેઘાણીના જાણીતા પુસ્તકની બીજી આવૃત્તિ, ૨-૮-૦; **લાલ કિલ્લાનો મુકદ્દમો:** હિંદના સ્વાતંત્ર્ય-ઇતિહાસની જાણીતી તવારીખની નોંધ, ૧-૮-૦; **ગીતાહૃદય:** સાને ગુરુજીના પુસ્તક પરથી અનુવાદક નટવરલાલ મા. દવે, ૧-૪-૦; **રંગ છે બારોટ:** લેખક-ઝવેરચંદ મેઘાણી, ૩-૦-૦; **સંત દેવીદાસ:** પ્રૌઢ શિક્ષણની પ્રવૃત્તિને પોષક બનાવવાના ઉદ્દેશથી બહાર પાડવામાં આવેલી ઉલ્લાસ ગ્રંથમાળાનો પહેલો મણકો, લેખક-ઝવેરચંદ મેઘાણી, ૧-૦-૦; **દવાનો છેલ્લો ઘૂંટડો** અને કુદરતી સારવાર: નિસર્ગોપચારની સિદ્ધિની પ્રતીતિ કરાવતું પુસ્તક: લેખક—ભૂપતરાય દવે, ૨-૮-૦; **ઉગ્ર રોગોમાં નિસર્ગોપચાર** નિસર્ગોપચારનું બીજું પુસ્તક લેખક-રમણલાલ એન્જીનીઅર ૨-૦-૦; **મારો જલોપચાર** ફાધર ક્નાઈપના જગવિખ્યાત પુસ્તકનો અનુવાદ: અનુવાદક કાન્તિલાલ શાહ ૩-૦-૦.

જેને વિચારમાં જ મુશ્કેલી છે તેને મુશ્કેલીમાં વિચાર ભાગ્યે જ મળે છે

સોરઠો

તાગ વગરનાં નીર ગંભીરાં, ના છીછરાં;
હોય ન હૈયે હીર તો ઊભરાય બહુ ઊછળે.

— કવિ નાનાલાલ

બે શ્રીમંત પટેલ વચ્ચે તીવ્ર ખટસ ચાલ્યા કરે. એમાં એકે પોતાનું મકાન ચણતાં ઇરાદાપૂર્વક બીજાની જમીન દબાવી ને એ ઝગડો એટલો ઉગ્ર બન્યો કે ગામલોક વચ્ચે પડ્યું. એને બીજા પટેલે કહ્યું કે જમીન દબાવનાર પોતે ગમે તેવો છે પણ તેનો છોકરો ઘણો પ્રામાણિક ને ન્યાયી છે. એ જે ન્યાય કરે તે હું મંજૂર રાખીશ. પહેલા પટેલે પોતાના છોકરાને સમજાવવા ઘણા પ્રયત્નો કર્યા; પણ તેણે તો બધા મુદ્દા તપાસી પોતાના પિતાનો દોષ જણાતાં તેની વિરુદ્ધમાં જ ચુકાદો આપ્યો. આ ખરી બનેલી વાત છે.



ગયા અંકમાં વર્ણવેલા હૂણો પછી ઇરાનના સાસાનીદ વંશની કોઈ ટોળીએ પણ અહીં આવી ચડી પશ્ચિમ હિંદમાં જમાવટ કરી હશે એમ લાગે છે, કેમકે ઈરાની સિક્કાઓની અસરવાળા અને નાગરી તથા પહેલવી લિપિવાળા કેટલાક સિક્કાઓ મળી આવ્યા છે, જેમાં કલાદૃષ્ટિએ સારો ગણાય એવો 'નપકી મલિક'ના નામવાળો રૂપાનો સિક્કો ઉપર આપ્યો છે. તેમાં એક બાજુએ પાંખોવાળું શિરસ્ત્રાણ પહેરેલા રાજાનું ચિત્ર છે જેને મથાળે પાડાનું મુખ છે; અને પહલવી લિપિમાં 'નપકી મલિક' લખેલું છે. બીજી બાજુએ યજ્ઞ-વેદી તથા પરિચારકો ઊભેલા છે, જેના દરેકના માથા પર ચક્ર છે.

તમે ઇચ્છો છો એવા બીજા નથી થતા તેથી ગુસ્સે નથશો. તમે પોતેજ, તમે ધારો છો એવા ક્યાં થઇ શકો છો?

— ટૉમસ એ કેમ્પીસ


કહેવતોના અર્થ: 'વર મરો, કન્યા મરો, પણ ગોરનું તરભાણું ભરો.' આ કહેવતનો અર્થ એમ બેસાડાય છે કે પરણનાર જોડાં વચ્ચે લગ્નયોગ ન હોવા છતાં અને લગ્ન થાય તો એમાંથી એકના જાનને જોખમ લાગતું હોવા છતાં માત્ર પોતાની દક્ષિણાનો સ્વાર્થ સરે એટલી મતલબથી જ જેમ બ્રાહ્મણ ખોટો જોષ જોઈ આપે, તેમ, ઘણા લોકો પોતાની મતલબ સરતી હોય તો બીજાનું ગમે તેટલું ગંભીર નુકસાન થાય તે પ્રત્યે પણ બેપરવા રહે છે. એમ પણ મનાય છે કે આ કહેવતમાં 'મરો' શબ્દ છે તે અશુદ્ધ છે અને તેને સ્થાને 'વર વરો, કન્યા વરો . . . (વરો=પરણો એ અર્થમાં) એમ જોઈએ. એને મળતી બીજી કહેવતો: 'કોઇકનું ઘર સળગે તો આપણું તાપણું થાય'; 'મિયાંની દાઢી બળે ને દાસીને અજવાળું થાય;' વગેરે.

માણસના શરીરમાં કુલ વજનના ૭૦ ટકા જેટલું તો પાણી જ હોય છે, પરંતુ તેનું પ્રમાણ સઘળાં અંગોમાં એકસરખું નથી હોતું. આંખોમાં ૯૮.૭ ટકા, ફેફસાંમાં ૭૦ ટકા, રક્તાશયમાં ૭૦.૫, લોહીમાં ૮૦, મગજમાં ૯૦ તથા હાડકાંમાં ૨૫થી ૫૦ ટકા.

દુનિયામાં ઊંચામાં ઊંચા વાંસ બોર્નિયો અને મલાયાનાં જંગલોમાં થાય છે-સરેરાશ ૧૦૦ ફુટ! આજ સુધી દુનિયામાં લાંબામાં લાંબો વાંસ ૧૪૦ ફુટનો ઊગેલો નોંધાયો છે અને તે પણ બોર્નિયોના જંગલમાં જ થયો હતો. વાંસ એ 'ઘાસ'નો એક પ્રકાર ગણાય છે અને તે એટલી ઝડપથી ઊગે છે કે આપણે તેની ઊગવાની ક્રિયા પણ જોઈ શકીએ એમ કહેવાય છે.

અનેકાર્થી શબ્દ: **પીંજણ**=રૂ કે ઊન વગેરે પીંજવાનું સાધન; પીંજવાની ક્રિયા કરવી તે; વાતને નકામી લંબાવવી અગર ચૂંથવી તે; પગનું એક ઘરેણું; પીંજણી=પેંડા ઉપરનું ઢાંકણું-પંખો.

દુધ ગરમ કરી લીધેલા વાસણમાં પાણી ઉકાળીને તે પાણી વડે બાથરૂમ વગેરેના ટાઈલ સાફ કરવાથી ચકચકતો પૉલિશ આવશે.



દૃષ્ટિફેરની ગમ્મત: બાજુના ચિત્રમાં, ડાબી બાજુએ જાણે એક ઊંટનો ચોરસ થાંભલો ને તેને અડીને જમણી તરફ દીવાલ ચણી લીધી હોય ને એ દીવાલવાળા ગાળામાં જમીનનો ખાંચો પડતો હોય એમ જણાશે; જ્યારે બીજા દૃષ્ટિફેરથી એ જ રીતનો થાંભલો ડાબી બાજુ અને તેના પડખામાં આવેલો ખાંચો જુદા જ દૃષ્ટિકોણથી દેખાશે. ચિત્રને ઉલટાવવાથી તરત એ ખ્યાલ આવશે.

ગણિત ગમ્મત: ૩૨૬૭ એ એવી ચાર અંકી રકમ છે કે એને એના છેલ્લા અંક વડે ગુણીને પહેલા અંક વડે ભાગવાથી સંખ્યાના આંકડા ઉલટાઇને ૭૬૨૩ આવી જશે!

—(મ. ના. ખત્રી)

બાળકના નખ કાતરતી વેળા તેને ખોળામાં ઊંધું સુવાડવાથી નખ ઊડીને તેની આંખમાં નહિ પડે, અને તેનો બીજો હાથ પણ તે વચ્ચે નાખીને અડચણ નહિ કરી શકે.




અમેરિકાના એક માણસે પોતાનો છોકરો જાતે ચલાવી શકે એવો આ ચકડોળ બનાવ્યો છે. વચ્ચેના થાંભલામાં લાંબી શાફ્ટ દ્વારા મોટરનું સ્ટીઅરિંગ વ્હીલ ગીઅરથી જોડી દીધું છે, જે ડાબું કે જમણું ફેરવવાથી તે દિશામાં છોકરો પોતાની ઈચ્છા મુજબ ચકડોળ ચલાવી શકે છે. ઘરનો કે પડોશનો બીજો છોકરો પણ તેની પાવડી પર ઊભો રહીને સાથે મોજ માણી શકે.

ઇચિંગની કલા વિષે 'કુમાર'માં અગાઉ (અંક ૨૩૦ તથા ૨૬૨ માં) વિસ્તૃત સમજણ આપી ગઇ છે. યુરોપમાં અત્યંત મૂલ્યવતી ગણાતી આ કળામાં જે થોડા હિંદી કલાકારો પારંગત છે તેમાં શ્રી અબ્દુર્રેહમાન ચુઘતાઈ આગળપડતા છે. બારીક છતાં બલવતી અંગની રેખાઓ, ખાલી જગ્યાઓનં સમતોલ કરતું જે પ્રમાણબદ્ધ ચિત્રસંયોજન કરે છે અને તેમાં વેદના અને કારુણ્યની જે લાગણીઓ વહાવે છે તેના વિશિષ્ટ નમૂનારૂપ આલેખન અહીં રજૂ કર્યું છે.

દુનિયાનાં પાપ સામે અવાજ ઉઠાવનાર સત્યને–નેકીને–પાપાચારીઓએ બંદી બનાવેલ છે અને તેના ઉપર રોષના ભાલા અને તીરનો વરસાદ વરસાવ્યો છે... પણ શ્રદ્ધાવાન નેકી, ક્રાંતિથી ભારેલી આવતી પેઢીનો ઉદય જોઇ રહી છે.... અને નેકીની આ રીબામણી મૂગી નિરાશાથી જોઈ રહેલા લાચાર લોકસમાજની વચ્ચેથી નિર્દોષ તેજસ્વી આંખોવાળો બાળક બહાર તરી આવે છે.

આ સાંકેતિક બોધચિત્રમાં નેકીના પ્રતીકરૂપ, બેડીમાં નાખેલો જે ભવ્ય જઇફ સંતપુરુષ આલેખ્યો છે તેની મોટી મસ્ત આંખો, વેદનાઅંકિત કપાળ ને [illegible]શાળ ખભા યુગના પાપભાર [illegible]રુણ યાતનાઓ નીચે નમી [illegible]ડેલાં છે, છતાં, તેની પાછળથી ફૂટી આવતા બાળકના ચહેરામાં આશાવંત ભાવિ ચમકી રહ્યું છે.

જઈફ સંતની આસપાસ પ્રકાશનું જે આભાવર્તુલ આલેખેલું છે તે પાવક તેજસ્વિતાનું સૂચક તો છે જ, પરંતુ તે ઉપરાંત તેની અત્યંત નિકટવર્તી અને બારીક રેખાઓ જે ચોક્સાઈપૂર્વકની સફાઇ અને એકધારા વેગથી આલેખેલી છે તે તેમનો કલમ પરનો અદ્ભુત કાબુ અને આ કલા પરનું તેમનું પ્રભુત્વ સાબિત કરે છે. (પીર આબેદી)



(કલાકારના સવિશેષ પરિચય માટે જુઓ આ અંકમાંનો શ્રી રવિશંકર રાવળનો લેખ)

મુજાહિદ (નેકીને માટે દુઃખ સહન કરનારો)
ઇચિંગ: શ્રી અબ્દુર્રહમાન ચુઘતાઈ ('ક્રેસંટ' વાર્ષિકના સૌજન્યથી)